વર્ષ: 6 અંક: 06

16-30 સપ્ટેમ્બર, 2025 (નિઃશુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



## રાષ્ટ્ર કહી રહ્યું છે

# આયુષ્માન ભવઃ

વિકસિત ભારતના લક્ષ્યાંકની દિશામાં
એક સ્વાસ્થ્ય ક્રાંતિ બન્યું આયુષ્માન
ભારત યોજનાએ સમાવેશી અને
યુનિવર્સલ હેલ્થ કેરનું એવું
વૈશ્વિક મોડેલ બનાવ્યું છે જ્યાં રાષ્ટ્ર
સ્વયં કહી રહ્યું છે - આયુષ્માન ભવઃ



ઈ-કોપી માટે,
QR સ્કેન કરો

# એક જ મંત્ર 'વોકલ ફોર લોકલ'
# એક જ માર્ગ 'આત્મનિર્ભર ભારત'



***'મન કી બાત' કાર્યક્રમ મારફતે દેશના ખૂણે ખૂણેથી પ્રત્યેક વય જૂથના લોકો સંકળાયેલા છે. બેટી બચાવો, બેટી પઢાવો અભિયાન હોય કે સ્વચ્છ ભારત આંદોલન, ખાદી પ્રત્યે પ્રેમ હોય અથવા તો પ્રકૃતિની વાત હોય, આઝાદીનો અમૃત મહોત્સવ હોય કે પછી અમૃત સરોવરની વાત, 'મન કી બાત'માં પ્રધાનમંત્રીએ જેનું પણ આહવાન કર્યું છે તે જન આંદોલન બની ગયું છે. આ જ રાહ પર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતના લક્ષ્યાંક માટે આત્મનિર્ભર ભારતના માર્ગે ચાલતા વોકલ ફોર લોકલનો મંત્ર આપ્યો. પ્રસ્તુત છે મન કી બાતના સંપાદિત અંશ....***

- **એનડીઆરએફ-એસડીઆરએફઃ** ચોમાસા દરમિયાન કુદરતી આફતો દેશની કસોટી લઈ રહી છે. આપણે પૂર અને ભૂસ્ખલનનો મોટો પ્રકોપ જોયો છે. જ્યાં પણ સંકટ આવ્યું, ત્યાં આપણા એનડીઆરએફ-એસડીઆરએફના જવાનો તથા અન્ય સુરક્ષા દળોએ રાત-દિવસ મહેનત કરીને લોકોના જીવ બચાવ્યા છે.

- **આફતમાં મદદ માટે હૃદયપૂર્વક ધન્યવાદઃ** આફતની ક્ષણોમાં લશ્કર મદદગાર બનીને સામે આવ્યું. સ્થાનિક લોકો, સામાજિક કાર્યકર્તા, ડૉક્ટર, તંત્ર, સંકટની આ ક્ષણો તમામે બનતા તમામ પ્રયાસો કર્યા. હું એવા તમામ નાગરિકનો હૃદયપૂર્વક આભાર માનું છું જેમણે આ કપરા સમયે માનવતાને સૌથી ઉપર રાખી છે.

- **બદલાઈ રહ્યો છે મારો દેશઃ** જમ્મુ-કાશ્મીરના પુલવામાના એક સ્ટેડિયમમાં વિક્રમી સંખ્યામાં લોકો એકત્રિત થયા. અહીં પુલવામાની પહેલી ડે-નાઈટ ક્રિકેટ મેચ રમાઈ. અગાઉ આમ થવું અશક્ય હતું પરંતુ હવે મારો દેશ બદલાઈ રહ્યો છે. પુલવામામાં રાત્રીના સમયે હજારોની સંખ્યામાં ક્રિકેટનો આનંદ માણતા હોય તેવું આ દશ્ય ખરેખર જોવા લાયક હતું.

- **જે રમે છે તે ખીલે છેઃ** 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવના, દેશની એકતા, દેશના વિકાસ માટે અત્યંત જરૂરી છે અને ચોક્કસપણે રમતગમત તેમાં મોટી ભૂમિકા ભજવે છે. આથી જ હું કહું છું કે જે રમે છે તે ખીલે છે. આપણો દેશ પણ જેટલી ટુર્નામેન્ટ રમશે તેટલો ખીલશે.

- **યુવાનોની ડેટાબેંકઃ** 'પ્રતિભા સેતૂ' નામનું એક ડિજિટલ પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે. જેમાં યુપીએસસી પરીક્ષાની અંતિમ યાદીમાં સામેલ નહીં થઈ શકેલા 10,000થી વધુ પ્રતિભાશાળી યુવાનોની ડેટાબેંક ઉપલબ્ધ છે.

- **સોલર રાઈસ મિલઃ** સોલર પાવરથી ખેડૂતોનું જીવન બદલાઈ રહ્યું છે. એ જ ખેતર, એ જ મહેનત, એ જ ખેડૂત પરંતુ મહેનતનું ફળ ઘણું વધારે છે. આ પરિવર્તન આવી રહ્યું છે સોલર પમ્પ અને સોલર રાઈસ મિલથી. આજે દેશના ઘણા રાજ્યોમાં સેંકડો સોલર મિલ બની ગઈ છે. આ સોલર રાઈસ મિલોએ ખેડૂતોની આવકની સાથે સાથે તેમના ચહેરાની રોનક પણ વધારી દીધી છે.

- **વિશ્વકર્મા બંધુઃ** 17મી સપ્ટેમ્બરે વિશ્વકર્મા જયંતી છે. આ આપણા એ વિશ્વકર્મા બંધુઓને સમર્પિત છે જે પરંપરાગત શિલ્પ, કૌશલ અને જ્ઞાન-વિજ્ઞાનને અવિરતપણે એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચાડી રહ્યા છે. આપણા સુથાર, લુહાર, સોની, કુંભાર, મૂર્તિકાર, મિસ્ત્રી હંમેશાં ભારતની સમૃદ્ધિનો પાયો રહ્યા છે. આપણા આ વિશ્વકર્મા બંધુઓની મદદ માટે જ સરકારે વિશ્વકર્મા યોજના શરૂ કરી છે.

- **ભારતીય સંસ્કૃતિઃ** કેનેડાના મિસિસાગામાં પ્રભુ શ્રીરામની 51 ફિટ ઉંચી પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું છે. આ આયોજન અંગે લોકોમાં ઉત્સાહ હતો. રામાયણ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનો આ પ્રેમ હવે દુનિયાના તમામ ખૂણે પહોંચી રહ્યો છે.

- **વોકલ ફોર લોકલઃ** સ્વદેશીની વાત ક્યારેય ભૂલવી નથી. ઉપહાર એજ જે ભારતમાં બન્યો હોય, પહેરવેશ એજ જે ભારતમાં બન્યો હોય, સજાવટ એજ જે ભારતમાં બનેલી ચીજ વસ્તુઓથી બની હોય, રોશની એજ જે ભારતમાં બનેલી ઝાલરોથી બની હોય. જીવનની તમામ જરૂરિયાતમાં તમામ ચીજ સ્વદેશી હોય. ગર્વથી કહો કે આ સ્વદેશી છે. આજ ભાવનાની લઈને આગળ વધવાનું છે. એક જ મંત્ર 'વોકલ ફોર લોકલ', એક જ માર્ગ 'આત્મનિર્ભર ભારત' અને એક જ લક્ષ્યાંક 'વિકસિત ભારત'.

*મન કી બાત આખી સાંભળવા માટે QR કોડનો ઉપયોગ કરો*

न्यू ईन्डिया
# સમાચાર
વર્ષ: 6 | અંક: 06 | 16-30 સપ્ટેમ્બર, 2025

મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

સલાહકાર સંપાદક
વિભોર શર્મા

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

ચીફ ડિઝાઈનર
શ્યામ તિવારી

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
અભય ગુપ્તા
સત્યમ સિંહ




**13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરો: @NISPIBIndia

## અંદરના પાને...

કવર સ્ટોરી

આયુષ્માન ભારતના 7 વર્ષ

# સ્વસ્થ ભારત

## વિકસિત ભારતનો આધાર

'આપનું સ્વાસ્થ્ય, અમારો સંકલ્પ'ના ધ્યેયને માનીને 23મી સપ્ટેમ્બર 2018ના રોજ શરૂ કરવામાં આવેલી વિશ્વની સૌથી મોટી આરોગ્ય વીમા યોજના - આયુષ્માન ભારતના સાત વર્ષ પૂરા થઈ રહ્યા છે. આ પ્રસંગે આવો જાણીએ છીએ આરોગ્ય ક્ષેત્રમાં કેન્દ્ર સરકારની પહેલ કેવી રીતે બની રહી છે વિકસિત ભારતનો મજબૂત આધાર... 10-27




સંસદ ચોમાસુ સત્ર 2025

**રાષ્ટ્ર ગૌરવ અને વિજયોત્સવનું પ્રતિક બન્યું ચોમાસુ સત્ર**



સંસદના બંને ગૃહોમાં કુલ 15 વિધેયક પસાર થયા... | 6-7

પ્રધાનમંત્રીની ગયાજીની યાત્રા

**બિહારના મહિમાને યાદ કરીને વિકાસનો સંદેશ**



બિહારને મળ્યો 12 હજાર કરોડ રૂપિયાથી વધુનો લ્હાવો... | 28-30


સમાચાર સાર | 4-5

લારી-ગલ્લાવાળાઓના સપનાઓને વેગ, પીએમ સ્વનિધી 2030 સુધી
કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં પીએમ સ્વનિધી સહિત ઘણા મહત્વપૂર્ણ પ્રસ્તાવ મંજૂર | 8-9

આત્મનિર્ભર અભિયાનની ઝડપ વધારતું ગુજરાત
પીએમના બે દિવસના પ્રવાસમાં 5,400 કરોડ રૂપિયાની પરિયોજનાની ભેટ | 31-33

કોલકાતાના વિકાસને મેટ્રોની નવી ઝડપ
પીએમ મોદીએ મેટ્રો રેલવેના ત્રણ નવા ખંડ સહિત 5,200 કરોડની ભેટ આપી | 34-35

વિકસિત રાષ્ટ્રનો આધાર, આત્મનિર્ભર ભારત
ઈટી વર્લ્ડ લીડર્સ ફોરમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સંબોધન | 36-37

ભારતમાં ક્રૂઝ પર્યટનની નવી સવાર
જળમાર્ગોના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે 'ક્રૂઝ ભારત મિશન'નું સફળ એક વર્ષ | 38-39

ગરીબીની વિરુદ્ધ ગરીબોને યોદ્ધા બનાવ્યા
પીએમ જનધન યોજનાની 11મી વર્ષગાંઠ પર વિશેષ | 40-41

પરમાણુ ઊર્જા ક્ષેત્રમાં પ્રમુખ સ્તંભ બનવા તરફ ભારત
મહત્વપૂર્ણ પગલું... જેનાથી પરમાણુ ઊર્જાની તસવીર બદલાઈ | 42-45

બિહારની રાજનીતિના વિદેહ
રાજ્યના પ્રથમ દલિત મુખ્યમંત્રી રહેલા ભોલા પાસવાન શાસ્ત્રીની જયંતી પર નમન | 48




**લોકશાહીનું એન્જિન છે ગૃહ**

વિઠ્ઠલભાઈ પટેલના કેન્દ્રીય વિધાનસભાના પ્રથમ ચુંટાયેલા સ્પીકર બનવાના 100 વર્ષ પર વિધાનસભાના અધ્યક્ષ સંમેલનનું આયોજન | 46-47


Published & Printed by : Kanchan Prasad, Director General, on behalf of Central Bureau of Communication
Printed at : Chandu Press, 469, Patparganj Industrial Estate, Delhi 110 092.
Communication Address : Room No-1077, Soochna Bhawan, CGO Complex, New Delhi-110003.
E-Mail : response-nis@pib.gov.in, RNI No. : DELGUJ/2020/78810

# સંપાદકની કલમે...

## ...જેથી કોઈ પણ ભારતીય ઈલાજની સવલતથી વંચિત ન રહે

સાદર નમસ્કાર

સંસ્કૃતના મહાકવિ કાલીદાસ દ્વારા રચિત કુમારસંભવમ મહાકાવ્યમાં લખ્યું છે - *"शरीरमाद्यं खलु धर्मसाधनम्।"* શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ. એટલે કે શરીર જ તમામ કાર્યો અને કર્તવ્યોની પૂર્તિનું પ્રથમ સાધન છે. જ્યારે નાગરિક સ્વસ્થ હશે ત્યારે જ રાષ્ટ્ર સબળ અને સક્ષમ બનશે. આજ વિચાર આજે ભારતની સ્વાસ્થ્ય ક્રાંતિનો આધાર બની ગયો છે. યુનિવર્સલ હેલ્થ કેરનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. તેમાં આયુષ્માન ભારત યોજના સૌથી વધુ પ્રભાવી પુરવાર થઈ છે. આજે ગરીબમાં ગરીબ વ્યક્તિ વિનામૂલ્યે ઈલાજની સવલતનો લાભ લઈ રહ્યો છે. જ્યારે અગાઉ સારવારના ખર્ચને કારણે કરોડો પરિવાર પ્રતિ વર્ષ ગરીબી રેખાની નીચે ચાલ્યા જતા હતા. જમીન-મિલકતો વેચવી પડતી હતી. પરંતુ હવે આયુષ્માન ભારત જેવી યોજનાએ ગરીબ તથા મધ્યમવર્ગીય પરિવારને માત્ર મજબૂતી જ નથી આપી પરંતુ આત્મવિશ્વાસ પૂરો પાડ્યો છે.

સાથે જ આરોગ્ય ક્ષેત્રમાં માળખાગત વિકાસ અને જિલ્લા કક્ષાએ તૃતિયક સ્તર સુધીની આરોગ્ય સેવાની ઉપલબ્ધતા, મેડીકલ કોલેજ અને બેઠકોનો વ્યાપ, રસીકરણ અને સૌથી જરૂરી પ્રિએક્ટિવ હેલ્થકેર પર ફોકસ ઉપરાંત વિકસિત ભારતમાં તમામ માટે હેલ્થ કેરનો પાયો તૈયાર કરી રહ્યું છે. આ 23મી સપ્ટેમ્બરે આયુષ્માનની યોજનાના 7 વર્ષ પૂરા થઈ રહ્યા છે અને આજ સંદર્ભમાં ભારતની આરોગ્ય ક્રાંતિ જ આપણા આ વખતના અંકની આવરણ કથા બની છે.

આ ઉપરાંત વ્યક્તિત્વની શ્રેણીમાં બિહારના પ્રથમ દલિત મુખ્યમંત્રી ભોલા પાસવાન શાસ્ત્રી, ફ્લેગશિપમાં ક્રૂઝ ભારત મિશનનું એક વર્ષ, કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો, સંસદમાં ચોમાસુ સત્રમાં થયેલી કાર્યવાહીનું વિવરણ સહિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પખવાડિયાના કાર્યક્રમોને તેમાં સામેલ કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત વિઠ્ઠલભાઈ પટેલના કેન્દ્રીય વિધાનસભાના પ્રથમ ચુંટાયેલા સ્પીકર બનવાના 100 વર્ષ પૂરા થવા પર દિલ્હી વિધાનસભામાં આયોજિત કાર્યક્રમ, પરમાણુ ઊર્જાના ક્ષેત્રમાં ભારતનું પ્રમુખ સ્તંભ બનવાના લક્ષ્યાંક પર વિશેષ અહેવાલની સાથે પત્રિકાના ઈનસાઈડ પેજ પર મન કી બાત અને બેક કવર પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ખાદ્ય તેલમાં 10%ના ઘટાડાને આહવાન પર વિશેષ સામગ્રી પણ પીરસવામાં આવી છે.

આપ આપના સૂચનો અમને મોકલતા રહો

धीरेन्द्र

(ધીરેન્દ્ર ઓઝા)

**હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યુ ઈન્ડિયા સમાચાર વાંચો/ડાઉનલોડ કરો.**

**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

# આપની વાત...




### સરકારી યોજનાઓને જાણવા તથા સમજવા માટે ઉપયોગી પત્રિકા

ન્યૂ ઈન્ડિયા સમાચારમાં સરકારી યોજનાઓને જાણવા તથા સમજવા માટે ઉપયોગી માહિતી ઉપલબ્ધ છે. પત્રિકાના આંકડા તથા હકીકતો સચોટ માહિતી ઉપલબ્ધ કરાવે છે. મારું માનવું છે કે જો તેમાં વાચકોના ટીકાત્મક લેખો, વિચારો અને સૂચનો માટે યોગ્ય સ્થાન ઉપલબ્ધ કરાવવામાં આવે તો તે વધુ બહેતર બની શકે છે.

**profgvramana@gmail.com**

### માહિતપ્રદ સામગ્રી સાથે જોડાવા માટે યુવાનોની મદદગાર

હું ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકાનો નિયમિત વાચક છું. મને લાગે છે કે સોશિયલ મીડિયાના યુગમાં ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા યુવાનોને માહિતીપ્રદ સામગ્રી સાથે જોડાવામાં મદદ કરી રહી છે. પત્રિકાના માધ્યમથી અમે દેશના વિકાસની નવી દિશા નિહાળી શકીએ છીએ. આપના દરેક અંક આપણા જાગરૂકતા અભિયાનો માટે ઘણા ઉપયોગી હોય છે.

**Yshrivastava2008@gmail.com**

### વિદ્યાર્થીઓ માટે ઉપયોગી, હંમેશાં વાંચું છું પત્રિકા

અમારી ગ્રામ પંચાયતમાં આવતા ન્યૂ ઈન્ડિયા સમાચારમાં છપાતા દરેક લેખ હું ખાસ વાંચું છું. આ પત્રિકા વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી છે. આ પત્રિકામાં મને જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં વિકાસ માટે કરવામાં આવતા કાર્યો અંગે વાંચવા મળ્યું. આર્ટિકલ 370 નાબુદ થયા બાદ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં માર્ગો, સિંચાઈ, આરોગ્ય, શિક્ષણ અને પ્રવાસનના ક્ષેત્રોમાં થયેલી પ્રગતિ વિશે પણ મને માહિતી મળી. અહીં કાનૂન વ્યવસ્થામાં કોઈ અડચણ આવે નહીં તેના માટે હાથ ધરવામાં આવેલા પગલાં વિશે પણ મને શાનદાર રીતે આ પત્રિકામાં જણાવવામાં આવ્યું છે.

**prasadpagadala631@gmail.com**

### ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકાનો આભારી

જ્ઞાનવર્ધક અને આત્મ-વિકાસ માટે વાંચન તે મારા જીવનનો મહત્વપૂર્ણ હિસ્સો છે. મને નિયમિતરૂપથી રોજગાર સમાચાર જેવી કોઈ પણ સરકારી પત્રિકા અને સરકારી સમાચાર પત્ર વાંચવું પસંદ છે. આ જ શ્રેણીમાં ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા સરકારી યોજનાઓ, માહિતી અને અન્ય ઘણા વિષયો પર જાણકારી પ્રદાન કરે છે. ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકામાં પ્રકાશિત માહિતી સારગર્ભિત અને વિસ્તૃત હોય છે. હું ન્યૂ ઈન્ડિયા સમાચારનો આભારી છું.

**maheshwarisocietyms@gmail.com**

### વિદ્યાર્થી, વડીલો તથા જ્ઞાન પ્રત્યે ઉત્સાહિત લોકો માટે ઉત્તમ

ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા વિદ્યાર્થી, વડીલ અને જ્ઞાન અંગે ઉત્સાહી લોકો માટે વ્યાપક અને જ્ઞાનવર્ધક સામગ્રી ઉપલબ્ધ કરાવવા માટે અદ્દભૂત કાર્ય કરી રહી છે. આ રાષ્ટ્ર માટે એક ઉમદા કાર્ય છે. એક વિદ્યાર્થીના રૂપમાં મને ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા ખૂબ પસંદ છે.

**rahulsuthar2580@gmail.com**


Communication Address : Room No-1077,
Soochna Bhawan, CGO Complex,
New Delhi-110003.
E-Mail: response-nis@pib.gov.in


ન્યૂ ઈન્ડિયા સમાચારને આકાશવાણીના એફએમ ગોલ્ડ પર દર શનિવાર-રવિવારે બપોરે 3.00થી 3.15 સુધી સાંભળવા માટે QR કોડ સ્કેન કરો

સમાચાર સાર



**પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજનામાં કરો નોંધણી**

# 3.5 કરોડ કરતાં વધુ નોકરીઓનું થશે સર્જનઃ

# સરકાર આપશે પ્રોત્સાહન રકમ



લાલ કિલ્લાના ગુંબજ પરથી થયેલી ઘોષણા હોય કે સામાન્ય બજેટની વાત હોય, કેન્દ્ર સરકારની બદલાયેલી કાર્ય-સંસ્કૃતિએ તેને સાકાર થયેલી દેશે નિહાળી છે. આ 15મી ઓગસ્ટે પીએમ મોદીએ યુવાનોને રોજગારી આપનારી પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજનાની નોંધણી (રજિસ્ટ્રેશન) શરૂ કરવાની ઘોષણા કરી અને ત્રીજા દિવસે 18મી ઓગસ્ટે તેના માટે પોર્ટલ શરૂ કરી દેવામાં આવ્યું. આ યોજના અંતર્ગત 3.5 કરોડથી વધુ નોકરીઓના સર્જનની અપેક્ષા છે. જેના માટે સરકાર તરફથી પ્રોત્સાહક રકમ આપવામાં આવશે. આ યોજનાનો ઉદ્દેશ્ય તમામ ક્ષેત્રમાં રોજગારીના સર્જનને વેગ આપવાની સાથે સાથે રોજગાર ક્ષમતા અને સામાજિક સુરક્ષાને વેગ આપવાનો છે. તેનાથી મોટી સંખ્યામાં નોકરીઓનું સર્જન થશે અને તેના માટે સરકાર માત્ર નોકરી હાંસલ કરનારાઓને જ નહીં પરંતુ નોકરી આપનારાઓને પણ આર્થિક રીતે પ્રોત્સાહિત કરશે. યોજનાનો લાભ પહેલી ઓગસ્ટ 2025થી 31 જુલાઈ 2027ની વચ્ચે સર્જીત નોકરીઓ માટે મળશે. આ માટે પોર્ટલ (http://pmvbry.epfindia.gov.in અથવા http://pmvbry.labour.gov.in) પર રજિસ્ટ્રેશન કરાવી શકાય છે. યોજના અંતર્ગત નવ નિયોજીત યુવાનોને બે હપ્તામાં 15 હજાર રૂપિયા સુધીની પ્રોત્સાહક રકમ, જ્યારે નવી રોજગારીની તકો પેદા કરવા માટે નિયોક્તાને દર નવા કર્માચારી દીઠ 3000 રૂપિયા પ્રતિ માસ સુધીની પ્રોત્સાહક રકમ આપવામાં આવશે.

## શિક્ષકોની સંખ્યા એક કરોડને પાર, ડ્રોપઆઉટના દરમાં ઘટાડો

શિક્ષકોની સંખ્યા વધારીને ગુણવત્તાયુક્ત શિક્ષણના વાતાવરણ અને વિદ્યાર્થી-શિક્ષક સંબંધોને તર્ક સંગત બનાવવાની પહેલનું જ પરિણામ છે કે શૈક્ષણિક કાર્ય 2024-25માં પહેલી વાર શિક્ષકોની સંખ્યા એક કરોડને પાર કરી ગઈ છે. આ 2022-23ની સરખામણીએ લગભગ સાત ટકાનો વધારો છે. શિક્ષણ મંત્રાલય તરફથી જારી કરાયેલા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે યૂડીઆઈએસસી પ્લસનો પ્રારંભ કરાયા બાદથી કોઈ શૈક્ષણિક વર્ષમાં પહેલી વાર આ આંકને પાર કરવામાં આવ્યો છે. તેને કારણે છાત્ર-શિક્ષક પ્રમાણ હવે ફાઉન્ડેશન (મૂળભૂત) સ્તર પર દસ, પ્રારંભિક (પ્રિપરેટરી) સ્તર પર 13, મધ્ય સ્તર પર 17 અને સેકન્ડરી (માધ્યમિક) સ્તર પર 21 થઈ ગયો છે જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી) ની સંશોધિત 1.30ના પ્રમાણથી ઘણો સારો છે. આ જ રીતે શૈક્ષણિક કાર્ય છેલ્લા બે વર્ષમાં 2022-23 અને 2023-24ની સરખામણીએ પ્રારંભિક, મધ્ય અને માધ્યમિક સ્તર પર શાળા છોડવાના દરમાં ઉલ્લેખનીય ઘટાડો જોવા મળ્યો છે. પ્રારંભિક તબક્કામાં આ દર અગાઉના વર્ષોની સરખામણીએ 3.7%થી ઘટીને 2.3% અને માધ્યમિક સ્તર પર 10.9થી ઘટીને 8.2% થઈ ગયો છે.



# 7 વર્ષમાં મહિલાઓનો રોજગારનો દર બમણો થયો



મારી ઉત્થાન નહીં પરંતુ નારીના નેતૃત્વમાં વિકાસનો દ્રષ્ટિકોણના કારણે છેલ્લા 11 વર્ષમાં મહિલાઓ સાથે સંકળાયેલા તમામ ક્ષેત્રમાં રાષ્ટ્ર હવે ક્રાંતિકારી પરિવર્તન નિહાળી રહ્યું છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં વર્ષ 2047 સુધી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના કાર્યબળમાં મહિલાઓની 70 ટકા ભાગીદારી સુનિશ્ચિત કરવાનો લક્ષ્યાંક પણ રાખ્યો છે. આ દિશામાં સતત પ્રયાસોનું પરિણામ છે કે દેશમાં મહિલાઓની રોજગારીનો દર વધીને બમણો થઈ ગયો છે. શ્રમ મંત્રાલયના સમયાંતરના લેબર ફોર્સ સર્વે અનુસાર નાણાકીય વર્ષ 2017-18માં મહિલાઓની રોજગારીનો દર 22% હતો જે 2023-24માં વધીને 40.3 ટકા થઈ ગયો હતો. એટલે કે માત્ર 7 વર્ષમાં જ આ દર લગભગ બમણો થઈ ગયો. આ દરમિયાન ગ્રામીણ ક્ષેત્રમાં મહિલા રોજગારમાં 96 ટકા તથા શહેરી ક્ષેત્રોમાં 43 ટકાનો વધારો જોવા મળ્યો છે. મહિલા સ્નાતકોની રોજગાર ક્ષમતા પણ 2013ની 42 ટકાથી વધીને 2024માં 47.53 ટકા થઈ ગઈ છે. પોસ્ટ ગ્રેજ્યુએટ તથા તેના ઉપરનું શિક્ષણ પ્રાપ્ત કરનારી મહિલાઓમાં રોજગાર દર 2017-18ના 34.5 ટકાથી વધીને 2023-24માં 40 ટકા થઈ ગયો છે. આટલું જ નહીં રાષ્ટ્રીય સ્તર પર 16 મંત્રાલયોની 70 કેન્દ્રીય યોજનાઓ અને 40થી વધુ રાજ્ય કક્ષાની યોજનાઓના માધ્યમથી મહિલા ઉદ્યમીતાને વેગ આપવા જેવા સકારાત્મક પરિણામ સામે આવ્યા છે. મહિલા સ્વરોજગાર દર 2017-18માં 51.9 ટકા હતો જે 2023-24માં વધીને 67.4 ટકા થઈ ગયો છે.

**મહિલા રોજગારી વધી....**

**ગ્રામીણ**
96%

**શહેરી ક્ષેત્ર**
43%

**મહિલા સ્નાતકોની રોજગારીની ક્ષમતા પણ 2013ના 42%થી વધીને 2024માં 47.53% થઈ છે.**

# હવે શાળાઓમાં કેમ્પ આયોજિત કરીને બાળકોના આધાર અપડેટ કરાશે



હવે સ્પર્ધાત્મક પરીક્ષા અને ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓની સુવિધાઓને સરળ બનાવવા માટે આધાર કાર્ડ જારી કરનારી સંસ્થા ભારતીય વિશિષ્ટ ઓળખ પ્રાધિકરણ (યુઆઈડીએઆઈ)એ મોટું પગલું ભર્યું છે. દેશમાં 5થી 15 વર્ષની વય ધરાવતા 17 કરોડ એવા બાળકો છે જેમનું આધાર બાયોમેટ્રિક અપડેટ વિલંબીત છે. એવામાં યુઆઈડીએઆઈએ શાળાકીય સાક્ષરતા વિભાગ સાથે મળીને આ પગલું હાથ ધર્યું છે. બાળકોના આધાર અપડેટના અવરોધો દૂર કરવા તથા ફરજિયાત બાયોમેટ્રિક અપડેટની સ્થિતિ યુડીઆઈએસઈ+ એપ્લિકેશન પર ઉપલબ્ધ કરવામાં આવશે. તેનાથી કરોડો બાળકોને ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ સવલત ઉપલબ્ધ થશે. આ અપડેટ માટે શાળાઓમાં શિબિરોનું આયોજન કરવામાં આવશે. આધાર કાર્ડમાં બાયોમેટ્રિક અપડેટ થવાથી વિદ્યાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓના લાભ પ્રાપ્ત કરવા, નીટ, જેઈઈ, સીયુઈટી જેવી સ્પર્ધાત્મક તથા યુનિવર્સિટી પરીક્ષાઓમાં રજિસ્ટ્રેશન માટે પ્રમાણીકરણ કરતી વખતે હવે કોઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે નહીં.

# આદિ કર્મયોગી અભિયાનથી જનજાતિય ક્ષેત્રોમાં કાયાકલ્પની તૈયારી

ભારતના આદિવાસી સમુદાયો લાંબા વારસા સાથે દેશની સભ્યતાગત ઓળખના મૂક રક્ષક રહ્યા છે. છેલ્લા 11 વર્ષમાં નીતિગત ધ્યાન છતાં ઘણા આદિવાસી વિસ્તારો એવા છે જેમના પ્રત્યે હજી પણ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવા માટે કેન્દ્ર સરકાર હવે મિશન મોડ પર તેમના સશક્તિકરણની દિશામાં આગળ વધી રહી છે. આ સંદર્ભમાં કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રાલયે આદિવાસી કર્મયોગી અભિયાન શરૂ કર્યું છે. વિશ્વના સૌથી મોટા આદિવાસી ગ્રામ્ય નેતૃત્વ કાર્યક્રમ તરીકે તેના મૂળમાં 20 લાખ પ્રશિક્ષિત, પ્રેરિત અને પ્રતિબદ્ધ કાર્યકરોનું એક કેડર તૈયાર કરવાની મહત્વાકાંક્ષા રહેલી છે. તે 30 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં એક લાખથી વધુ આદિવાસી પ્રભુત્વ ધરાવતા ગામોમાં 10.5 કરોડથી વધુ આદિવાસી નાગરિકો સુધી પહોંચશે અને તેમનો વિકાસ કરશે. અભિયાન અંતર્ગત રાજ્ય, જિલ્લા અને બ્લોક સ્તરના માસ્ટર ટ્રેનર્સની ઈકોસિસ્ટમ બનાવવામાં આવી રહી છે અને સાથે સાથે રાજ્ય સ્તરના માસ્ટર ટ્રેનર્સ માટે એક પ્રમાણિત પ્રયોગશાળા પણ બનાવવામાં આવી રહી છે. તાલીમ આપનારા સમુદાયોને સંગઠિત કરવા ઉપરાંત તે પીએમ-જનમન, ધરતી આબા આદિવાસી ગામ ઉત્કર્ષ અભિયાન જેવી પહેલોને કાર્યાન્વિત કરવાની સાથે આ ક્ષેત્રો સાથે જોડાયેલા ડેટા પણ એકત્રિત કરશે.

**ઓપરેશન સિંદૂર અને અંતરિક્ષની સિદ્ધિઓ પર ચર્ચા**

# રાષ્ટ્ર ગૌરવ અને વિજયોત્સવનું પ્રતિક બન્યું ચોમાસુ સત્ર

**ઓપરેશન સિંદૂર અને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં પ્રથમ વખત તિરંગો લહેરાવનારા શુભાંશુ શુક્લાની સફળ યાત્રા બાદ આયોજીત સંસદનું મોનસુન સત્ર રાષ્ટ્ર માટે વિજયોત્સવનું રૂપ બની ગયું. સંસદનું મોનસૂન સત્ર 21 જુલાઈથી 21 ઓગસ્ટ સુધી ચાલ્યું, જેમાં ખાસ કરીને આ બંને વિષયો અંગે ગૌરવપૂર્ણ ચર્ચા થઈ. આ દરમિયાન લોકસભામાં અહીં 14 બિલ રજૂ કરવામાં આવ્યા અને 12 બિલ પાસ કરવામાં આવ્યા, જ્યારે રાજ્યસભામાં કુલ 15 બિલ પાસ થયા. સંસદના બંને ગૃહમાં કુલ 15 બિલ પાસ થયા...**



સંસદ એટલે કે લોકશાહીનું સર્વોચ્ચ મંદિર. પ્રત્યેક વર્ષે ત્રણ સત્ર (બજેટ, મોનસુન, વિન્ટર) આયોજીત થાય છે. પરંતુ આ વખતે એક મહિના સુધી ચાલેલું ચોમાસુ સત્ર રાષ્ટ્રના વિજયના ઉત્સવનું, રાષ્ટ્રના ગૌરવનું, ભારતની સૈન્ય શક્તિનું, ભારતની નવી રક્ષા નીતિ અને ભારતની આત્મનિર્ભરતાનું, પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ વિરુદ્ધ ભારતના સાહસ, શૌર્ય અને સામર્થ્યનું પ્રતિક બનેલા ઓપરેશન સિંદૂરની સફળતાનું સાક્ષી બન્યું અને તેની સાથે સાથે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં ભારતનો તિરંગો લહેરાવ્યા બાદ શુભાંશુ શુક્લાનું સફળ રીતે પાછા ફરવા પર સંસદના બંને ગૃહમાં થયેલી વિશેષ ચર્ચાએ ભવિષ્યના ભારતની સુવર્ણ તસવીર રાષ્ટ્ર સમક્ષ રજૂ કરી.

નવા ભારતના વિજયોત્સવનો જયઘોષ સંસદના બંને ગૃહમાં અને દેશની સાથે-સાથે દુનિયાએ વધુ એક વખત ભારતની સૈન્ય શક્તિ-સામર્થ્યનો અનુભવ કર્યો. ઓપરેશન સિંદૂરમાં ભારતની સેનાએ સો ટકા લક્ષ્ય પ્રાપ્ત કર્યું અને આતંકીઓના આકાઓને ઘરમાં જઈને ફક્ત 22 મિનિટમાં જ તેમને ધૂળ ચાટતા કરી દીધા. આ ઓપરેશનમાં દુનિયાએ ભારતની રક્ષા આત્મનિર્ભરતાનું પ્રદર્શન અને ભારતીયતાથી ભરેલા સૈન્ય શક્તિનું નવું સ્વરૂપ જોયું.

રાષ્ટ્રએ એક સૂરમાં ભારતીય સેનાના પરાક્રમનો ઉત્સવ મનાવ્યો. આ વિશેષ ચર્ચા પર લોકસભામાં ખુદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જવાબ આપ્યો અને કહ્યું- "હું ભારતનો પક્ષ રજૂ કરવા માટે ઊભો થયો છું." સંકલ્પ શક્તિથી સજ્જ આ શબ્દ 140 કરોડ નાગરિકોના દ્રષ્ટિકોણનો સમાનાર્થી બની ગયો છે. એટલું જ નહીં સ્પેસમાં ભારતની નવી ઉડાનના પ્રતિક બનેલા શુભાંશુ શુક્લાનું પુનરાગમન પણ સંસદના આ સત્રમાં છવાયેલી રહી. દેશે વિજ્ઞાન-ટેક્નોલોજી, ઈનોવેશન પ્રત્યે નવા ઉમંગ અને ઉત્સાહ ભરનારી આ સફળ યાત્રાનો પણ ઉત્સવ મનાવ્યો.

જોકે, ચોમાસુ સત્ર દરમિયાન કેટલાક અન્ય મુદ્દાઓને લઈને પક્ષ-વિપક્ષમાં ગતિરોધ પણ જોવા મળ્યો, તેથી કુલ 120 કલાકમાંથી લોકસભામાં ફક્ત 37 કલાક ચર્ચા થઈ શકી અને રાજ્યસભામાં ફક્ત 41 કલાક અને 15 મિનિટ ચર્ચા થઈ શકી. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર ભારતના પ્રથમ અંતરિક્ષ યાત્રી-2047 સુધી વિકસિત ભારત માટે સ્પેસ પ્રોગ્રામની મહત્વપૂર્ણ ભૂમિકા પર ખાસ ચર્ચા પણ 18મી ઓગસ્ટે લોકસભામાં શરૂ કરવામાં આવી હતી પરંતુ ગૃહમાં સતત અવરોધને કારણે તે પૂરી થઈ શકી નહીં. ગૃહમાં ચાલેલા ગતિરોધને લઈને સત્રના અંતિમ દિવસે સમાપન ભાષણમાં લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ પીડા પણ પ્રકટ કરી. લોકશાહીમાં જનતાને પોતાના પ્રતિનિધિઓ પાસેથી રહેલી આશાનો ઉલ્લેખ કરતાં તેમનું કહેવું હતું કે, નાગરિકોની આકાંક્ષાઓની પૂર્તિ માટે સભ્યોને ગૃહમાં પોતાના સમયનો સદઉપયોગ લોકોની સમસ્યાઓ, મુદ્દા તથા મહત્વપૂર્ણ બિલ પર ગંભીર અને સાર્થક ચર્ચા માટે કરવો જોઈએ.

નિઃશંકપણે ચોમાસુ સત્ર ખાસ કરીને ઓપરેશન સિંદૂર અને સ્પેસમાં ભારતની વિરાટ સિદ્ધિ માટે વિજયોત્સવનું પ્રતિક બન્યું. આ દરમિયાન દેશની વિકાસ યાત્રાને વેગ આપનારા, નાગરિકોને સામર્થ્ય આપનારા અનેક બિલ પણ રજૂ કરવામાં આવ્યા, કેટલાક પાસ થયા, કેટલાક સંસદની સમિતિઓને મોકલવામાં આવ્યા. જોકે, કેટલાક અન્ય મુદ્દાઓનો વિરોધ પણ થયો હતો.

# વિરોધ છતાં... સિદ્ધિઓની સાથે સંભળાઈ નીતિઓની ગૂંજ

**18મી લોકસભા | પાંચમું સત્ર**

**ગૃહમાં 'ઓપરેશન સિંદૂર' અને ભારતના અંતરિક્ષ કાર્યક્રમની સિદ્ધિઓ પર વિશેષ ચર્ચા થઈ.**

- રાજ્યસભામાં કુલ 15 બિલ પાસ થયા. સંસદના બે ગૃહ દ્વારા કુલ 15 બિલ પાસ થયા.
- લોકસભામાં 14 સરકારી બિલ રજૂ થયા, 12 બિલ પાસ થયા.

**37** કલાકની બેઠક થઈ શકી, જ્યારે તેના માટે 120 કલાકનો સમય ફાળવવામાં આવ્યો હતો.

- વિરોધના કારણે લોકસભા કાર્યસૂચીમાં સામેલ 419 પ્રશ્નોમાંથી ફક્ત 55 પ્રશ્નોનો જ મૌખિક ઉત્તર આપી શકાયો.

## જ્યારે પીએમ મોદીએ લોકસભામાં કહ્યું...

કરો ચર્ચા ઓર ઈતની કરો, કરો ચર્ચા ઓર ઈતની કરો,
કિ દુશ્મન દહશત સે દહલ ઉઠે, દુશ્મન દહશત સે દહલ ઉઠે,
રહે ધ્યાન બસ ઈતનાહી, રહે ધ્યાન બસ ઈતના હી,
માન સિંદૂર ઓર સૈના કા પ્રશ્નો મેં ભી અટલ રહે.
હમલા માં ભારતી પર હુઆ અગર, તો પ્રચંડ પ્રહાર કરના હોગા,
દુશ્મન જહાં ભી બેઠા હો, હમેં ભારત કે લીયે હી જીના હોગા.

## જ્યારે લોકસભા સ્પીકર ઓમ બિરલાએ કહ્યું...

આજે આપણે ગૃહમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર ભારતના પ્રથમ અંતરિક્ષ યાત્રી-2047 સુધી વિકસિત ભારત માટે સ્પેસ પ્રોગ્રામની મહત્વપૂર્ણ ભૂમિકા વિષય પર ચર્ચા કરી રહ્યા છીએ. ગૃહ આ ઐતિહાસિક પ્રસંગે વાયુ સેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાને હાર્દિક અભિનંદન પાઠવે છે. તેમની અંતરિક્ષ યાત્રા અને સફળ વાપસી ફક્ત એક મિશનની સફળતા નથી, પરંતુ 140 કરોડ ભારતીયો માટે ગર્વ અને પ્રેરણાનો સ્ત્રોત છે. ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાની આ સિદ્ધિ આપણા યુવાનો માટે મોટી પ્રેરણા છે. આજે ભારતનો અંતરિક્ષ કાર્યક્રમ વૈજ્ઞાનિક શ્રેષ્ઠતા, વિશિષ્ટતા અને વિશ્વસનીયતાથી સમગ્ર વિશ્વમાં આપણી વિશેષ ઓળખ બની ગયો છે.

તેથી લોકસભા સ્પીકરે આસંદીએ સંદેશ આપ્યો- સહમતિ અને અસહમતિ હોવી એ લોકશાહીની સ્વાભાવિક પ્રક્રિયા છે પરંતુ રાષ્ટ્રની તે અપેક્ષા છે કે સામૂહિક પ્રયાસથી ગૃહ ગરિમા, મર્યાદા અને શાલીનતા સાથે કાર્યરત રહે. લોકશાહીની સર્વોચ્ચ સંસ્થા પોતાના નાગરિકોને શું સંદેશ આપી રહી છે, રાજકીય પક્ષો અને સાંસદોને આ આત્મમંથન કરવું જોઈએ. ■



### કેન્દ્રીય મંત્રીમંડળનો નિર્ણય

# લારી-ગલ્લાવાળાઓના સપનાને મળશે ગતિ

# પીએમ સ્વનિધિ 2030 સુધી

***કોવિડના વૈશ્વિક પડકારો સમયે લગભગ એક કરોડથી વધારે લારી-ગલ્લાવાળાઓની રોજીરોટી માટે આધાર બની- પીએમ સ્વનિધિ યોજનાએ સ્વરોજગારની વિભાવનાને એક નવી દિશા આપી છે. આવી સ્થિતિમાં તેના સુખદ અને પ્રોત્સાહક પરિણામોને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે આ ક્રાંતિકારી યોજનાનું પુનર્ગઠન કર્યું છે અને તેને માર્ચ 2030 સુધી લંબાવવામાં આવી છે. સમાજના પ્રત્યેક વર્ગના કલ્યાણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ કેન્દ્ર સરકારની આ યોજના માત્ર લારી-ગલ્લાવાળાઓ માટે નાણાકીય સહાય જ નથી પરંતુ તેમના આત્મવિશ્વાસ અને આત્મસન્માનને વધારવા માટેનું એક પગલું પણ સાબિત થઈ રહી છે. આ સાથે કેન્દ્રીય મંત્રીમંડળે અન્ય ઘણા મહત્વપૂર્ણ પ્રસ્તાવોને પણ મંજૂરી આપી છે....***

**નિર્ણયઃ પીએમ સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (પીએમ સ્વનિધિ) યોજનાનું પુનર્ગઠન કરીને 31 માર્ચ 2030 સુધી વધારવામાં આવી.**

**અસરઃ** આ યોજનાનો કુલ ખર્ચ 7332 કરોડ રૂપિયા છે. પુનર્ગઠિત યોજનાનું લક્ષ્ય 50 લાખ નવા લાભાર્થીઓ સહિત 1.15 કરોડ લાભાર્થીઓને લાભ આપવાનો છે. આ લારી-ગલ્લાવાળા લોકોના જીવનમાં મદદગાર સિદ્ધ થશે.

- આ યોજના લારી-ગલ્લાવાળા લોકોને ડિજિટલ રૂપથી સક્ષમ, સામાજિક રૂપથી સુરક્ષિત અને વ્યાવસાયિક રૂપથી આત્મનિર્ભર બનાવશે.
- પુનર્ગઠિત યોજનાની મુખ્ય વિશેષતાઓમાં પ્રથમ હપ્તો વર્તમાનના 10 હજારથી વધારીને 15 હજાર રૂપિયા અને બીજા હપ્તામાં 20થી વધારીને 25 હજાર રૂપિયા કરી દેવામાં આવી છે. ત્રીજો હપ્તો પહેલાની જેમ 50,000 રૂપિયા જ હશે.
- 30 જુલાઈ, 2025 સુધી 68 લાખથી વધારે લારી-ગલ્લાવાળા લોકોને 13,797 કરોડ રૂપિયાના 96 લાખથી વધારે ઋણ આપી દેવામાં આવ્યું છે.
- ડિજિટલ રૂપથી સક્રિય લગભગ 47 લાખ લાભાર્થીઓએ 6.09 લાખ કરોડ રૂપિયા મૂલ્યના 557 કરોડથી વધારે ડિજિટલ લેવડ-દેવડ કરી છે જેનાથી કુલ 241 કરોડ રૂપિયાનો કેશબેક મળ્યો છે.
- 'સ્વનિધિથી સમૃદ્ધિ' પહેલ અંતર્ગત 3,564 શહેરી સ્થાનિક એકમોના 46

લાખ લાભાર્થીઓની પ્રોફાઈલ તૈયાર કરવામાં આવી છે.

## નિર્ણયઃ કર્ણાટક, તેલંગાણા, બિહાર અને આસામને લાભ પહોંચાડનારી 3 પરિયોજનાઓની મલ્ટી-ટ્રેકિંગ અને ગુજરાત સ્થિત કચ્છના અંતરિયાળ વિસ્તારોને જોડવા માટે નવી રેલ લાઈનને મંજૂરી.

**અસરઃ** રેલ્વે મંત્રાલયની લગભગ 12,328 કરોડ રૂપિયાના ખર્ચે ચાર પરિયોજનાઓને મંજૂરી આપવામાં આવી છે. આ પરિયોજનાઓમાં પ્રથમઃ દેશલપાર-હાજીપીર-લુના અને વાયોર - લખપત નવી લાઈન, બીજીઃ સિકંદરાબાદ (સનથનગર) - વાડી, ત્રીજીઃ ભાગલપુર-જમાલપુર ત્રીજી લાઈન અને ચોથીઃ ફુર્કેટિંગ-ન્યૂ તિનસુકિયા ડબલિંગ સામેલ છે.

- આ પરિયોજનાઓનો ઉદ્દેશ્ય મુસાફરો અને માલસામાનના સરળ અને ઝડપી પરિવહનને સુનિશ્ચિત કરવાનો છે. આ પહેલ કનેક્ટિવિટી પ્રદાન કરશે અને મુસાફરીની સુવિધામાં સુધારો કરશે તેમજ લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો કરશે.
- આ નિર્ણય ઓઈલની આયાત પર નિર્ભરતા ઘટાડશે. તે કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનમાં પણ ઘટાડો કરશે.
- આ પરિયોજનાઓ પોતાના નિર્માણ દરમિયાન લગભગ 2.51 કરોડ માનવ-દિવસ માટે પ્રત્યક્ષ રોજગારીનું સર્જન કરશે.
- ગુજરાત, કર્ણાટક, તેલંગાણા, બિહાર અને આસામના 13 જિલ્લાઓને આવરી લેતી આ ચાર પરિયોજનાઓ ભારતીય રેલ્વેના હાલના નેટવર્કમાં લગભગ 565 કિલોમીટરનો વધારો કરશે.

## નિર્ણયઃ ઓડિશામાં હાઈબ્રિડ એન્યુઈટી મોડ (એચએએમ) પર કુલ 8,307.74 કરોડ રૂપિયાના ખર્ચે 6-લેન એક્સેસ-કંટ્રોલ્ડ કેપિટલ રીજન રિંગ રોડ (ભુવનેશ્વર બાયપાસ, 110.875 કિમી)ના નિર્માણને મંજૂરી.

**અસરઃ** આ પરિયોજના કટક, ભુવનેશ્વર અને ખોરધા શહેરોમાંથી ભારે ટ્રાફિકને ઓછો કરીને ઓડિશા અને અન્ય પૂર્વી રાજ્યોને મહત્વપૂર્ણ લાભ પ્રદાન કરશે.

- તેનાથી માલ-સામાનના પરિવહનની કાર્યક્ષમતામાં વધારો કરશે, લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડશે. તે પ્રદેશમાં સામાજિક-આર્થિક વિકાસને વેગ આપશે. પરિયોજના પૂર્ણ થયા પછી, આ બાયપાસ પ્રાદેશિક આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.
- તે મુખ્ય ધાર્મિક અને આર્થિક કેન્દ્રો વચ્ચે જોડાણને મજબૂત બનાવશે. તે વેપાર અને ઔદ્યોગિક વિકાસ માટે નવા રસ્તાઓ ખોલશે.

## નિર્ણયઃ કોમનવેલ્થ ગેમ્સ 2030 માટે બિડ રજૂ કરવાના પ્રસ્તાવને મંજૂરી

**અસરઃ** કોમનવેલ્થ ગેમ્સથી સ્થાનિક વેપારને લાભ મળશે અને આવકમાં વૃદ્ધિ થશે. સાથે જ રોજગારની તકો ઊભી થશે અને લાખો ભારતીય યુવા એથ્લેટ્સને પ્રેરણા મળશે.

- અમદાવાદને વર્લ્ડ ક્લાસ સ્પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે યજમાન શહેરના રૂપમાં પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે.
- કોમનવેલ્થ ગેમ્સમાં 72 દેશની ભાગીદારીની આશા છે.
- પર્યટન, રોકાણ અને વૈશ્વિક ખેલની યજમાનીમાં ભારતની પ્રતિષ્ઠા મજબૂત બનશે. ■



## નિર્ણયઃ રાજસ્થાનના કોટા-બૂંદીમાં 1,507 કરોડ રૂપિયાના અંદાજીત ખર્ચથી ગ્રીનફિલ્ડ એરપોર્ટ વિકસિત કરવાને મંજૂરી.

**અસરઃ** કોટા શિક્ષાની સાથે એક ઔદ્યોગિક કેન્દ્ર છે, જ્યાં લાંબા સમયથી આધુનિક એરપોર્ટની માંગ કરવામાં આવી રહી હતી.

- વર્તમાન એરપોર્ટ નાનું છે, જેનું આધુનિકીકરણ કરવામાં આવ્યું છે અને હવે એક નવું ગ્રીનફિલ્ડ એરપોર્ટ વિકસીત કરવામાં આવશે.
- આ મહત્વપૂર્ણ માળખાકિય પરિયોજના છે, જેનો ઉદ્દેશ્ય ક્ષેત્રમાં અનુમાનિત યાતાયાત વૃદ્ધિનું સમાધાન કરવાનું છે. તેને બે વર્ષમાં પૂરું કરી લેવામાં આવશે.
- આ પરિયોજનામાં 20 હજાર વર્ગ મીટર ક્ષેત્રમાં એક ટર્મિનલ ભવનનું નિર્માણ કરવામાં આવશે. આ વ્યસ્ત સમય દરમિયાન 1,000 પેસેન્જર્સને સંભાળવામાં સક્ષમ હશે. તેની પ્રતિ વર્ષ પેસેન્જર વહન ક્ષમતા વીસ લાખ હશે.

કેબિનેટના નિર્ણયો પર પ્રેસ બ્રીફિંગ જોવા માટે QR કોડ સ્કેન કરો.

આયુષ્માન ભારતના 7 વર્ષ

# સ્વસ્થ ભારત

## વિકસિત ભારતનો આધાર

*વિકસિત ભારત 2047ની યાત્રામાં સ્વસ્થ ભારત મહત્વપૂર્ણ છે. ભારત સ્વસ્થ થાય, આવનારી પેઢી સ્વસ્થ રહે, તેના માટે સ્વાસ્થ્ય સેવાઓનું પણ વિકસિત થવું એટલું જ જરૂરી છે. જ્યારે ભારતના લોકોને સારવાર માટે આધુનિક હોસ્પિટલ મળશે, આધુનિક સુવિધાઓ મળશે તો તે વધુ ઝડપથી સ્વસ્થ થશે, તેમની ઊર્જા યોગ્ય દિશામાં લાગશે, ઉત્પાદકતા પણ વધુ હશે. આ વિચાર સાથે વીતેલા 11 વર્ષમાં આરોગ્ય ક્ષેત્રમાં એવા આધુનિક તંત્ર સ્થાપિત થયા છે જ્યાં ગરીબમાં ગરીબ વ્યક્તિની આકાંક્ષાઓ સાકાર થઈ રહી છે કેમ કે સમાવેશન નવા ભારતના સ્વાસ્થ્ય સુધારાનું મૂળ છે. એવામાં સ્વાસ્થ્ય ક્ષેત્રમાં આવેલી ક્રાંતિ હવે બની ગઈ છે, સ્વસ્થ ભારતથી સમરસ ભારત, સમરસ ભારતથી સશક્ત ભારત, સશક્ત ભારતથી સમૃદ્ધ ભારત એટલે કે અમૃતકાળમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાની સૌથી જીવંત યાત્રાનો અણમોલ અધ્યાય*



*'આપનું સ્વાસ્થ્ય, અમારો સંકલ્પ 'ને ધ્યેય માનીને 23 સપ્ટેમ્બર 2018ના રોજ શરૂ કરાયેલી વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના-આયુષ્માન ભારતના 7 વર્ષ પૂરા થઈ રહ્યા છે. આ અવસરે આવો જાણીએ કે સ્વાસ્થ્ય ક્ષેત્રમાં કેન્દ્ર સરકારની પહેલ કઈ રીતે બની રહી છે વિકસિત ભારતનો મજબૂત આધાર....*


₹5 लाख का
मुफ़्त उपचार
नाम/NAME
ADITI YADAV
जन्म वर्ष/YOB: 2014
लिंग/GENDER: FEMALE
ABHA Number:
91-2505-0481-8775



# આયુષ્માન ભારત...
# જન આરોગ્યની સુરક્ષા શક્તિ

યુનિવર્સલ હેલ્થ કવરેજની દિશામાં આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY) એ ભારતને સૌથી મોટી સ્વાસ્થ્ય સુરક્ષા શક્તિ બનાવી દીધું છે. દેશની આશરે 60 કરોડ વસતીને 5 લાખ રૂપિયા સુધીની વિનામૂલ્યે સારવારની વ્યવસ્થા માત્ર એક યોજના જ નથી પરંતુ નવા ભારતનો આત્મવિશ્વાસ છે જે એ સંદેશ આપે છે કે હવે સારવારના ખર્ચથી કોઈ તૂટશે નહીં પરંતુ મજબૂત બનીને આગળ વધશે. વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય વીમા યોજનાની શરૂઆત 23 સપ્ટેમ્બર 2018ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઝારખંડના રાંચીથી કરી હતી જે હવે ગરીબ અને વંચિત વર્ગો માટે ગુણવત્તાપૂર્ણ સારવારની ગેરન્ટી બની ગઈ છે...

## દિલ્હીમાં પાંચ લાખ રૂપિયાનું વધારાનું ટોપ અપ




**35** મો પ્રદેશ બન્યો દિલ્હી, દેશના આયુષ્માન ભારત લાગુ કરવાના મામલામાં, એપ્રિલ 2025માં

દિલ્હીના લાભાર્થી

**6.54** લાખ પરિવાર

**30** લાખ લોકો



વરિષ્ઠ નાગરિક **06** લાખ

- **દિલ્હી સરકારે કેન્દ્ર દ્વારા અપાનારા 5 લાખ રૂપિયાના કવર ઉપરાંત 5 લાખ રૂપિયાનું વધારાનાં ટોપઅપનો નિર્ણય કર્યો છે.**

## જમ્મુ-કાશ્મીરનો દરેક નાગરિક 'આયુષ્માન'

જમ્મુ-કાશ્મીર દેશનું એકમાત્ર રાજ્ય છે જ્યાં સો ટકા વસતીને આયુષ્માન ભારતનો લાભ મળી રહ્યો છે. ડિસેમ્બર 2020માં પીએમ મોદીએ તેની શરૂઆત કરી હતી. શરૂઆતમાં યોજનાનો લાભ માત્ર પ્રદેશના 6 લાખ પરિવારોને મળી રહ્યો હતો પરંતુ હવે પ્રદેશના તમામ 21 લાખ પરિવારોને લાભ મળી રહ્યો છે.

## ઓડિશામાં મહિલા સભ્યોવાળા પરિવારોને 5 લાખ રૂપિયાનો વધારાનો વીમો




**34** મું રાજ્ય બન્યું દેશનું ઓડિશા આયુષ્માન ભારત લાગુ કરનારું

- **ઓડિશામાં આ યોજના ગોપબંધુ આરોગ્ય યોજનાની સાથે ભેળવીને લાગુ કરવામાં આવી રહી છે.**

- **યોજના હેઠળ પ્રત્યેક પરિવાર વર્ષે 5 લાખ રૂપિયાના કવરેજ સાથે જ જે પરિવારમાં મહિલા સભ્યો છે તેમના માટે 5 લાખ રૂપિયાના વધારાના વીમાની જોગવાઈ કરવામાં આવી છે.**

*19 વર્ષીય પાર્થ સાવલિયાને સતત ઉધરસ-ખાંસી થતી હતી, જેનાથી તેનું બાળપણ મુશ્કેલીઓમાં વીત્યું અને એન્જિનિયર બનવાનું સપનું પણ મુશ્કેલીમાં પડી ગયું. અમદાવાદની એક સરકારી હોસ્પિટલમાં તપાસ બાદ જાણવા મળ્યું કે તેના નાકનું હાડકું વાંકું (સેપ્ટમ) છે, જેની સારવાર (સેપ્ટોપ્લાસ્ટી) કરવામાં 15,000 રૂપિયાનો ખર્ચ થવાનો હતો. આ ખર્ચ તેના પરિવાર માટે ઘણો જ વધારે હતો. ત્યારે તેના પિતાએ આયુષ્માન ભારત યોજનાની*



**હવે સારવાર પર ખિસ્સા કરતા ભારે ખર્ચ નહીં, આયુષ્માન ભારતે આપી પરિવારોને જીવનભરની શાંતિ અને સ્વાસ્થ્ય સુરક્ષા**



# આયુષ્માન ભારત

## પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના મહત્વપૂર્ણ મુદ્દા




**41.91+** કરોડથી વધુ આયુષ્માન કાર્ડ બન્યા

પુરુષ **21.21+** કરોડ

મહિલા **20.65+** કરોડ

તમામ આંકડા 1 સપ્ટેમ્બર 2025 સુધી.

**9.42+ કરોડ** દર્દીઓ યોજના હેઠળ હોસ્પિટલમાં દાખલ થયા

**4.29+** કરોડ

**4.16+** કરોડ

**32,912** હોસ્પિટલોને સુચિબદ્ધ કરાઈ.

**17,666** સરકારી હોસ્પિટલ

**15,246** ખાનગી હોસ્પિટલ

- 40% એવી વસ્તી કે જે આર્થિક રૂપે નબળી છે, તેને આયુષ્માન ભારત હેઠળ હોસ્પિટલમાં દાખલ થવા પર 5 લાખ સુધીનો વાર્ષિક સ્વાસ્થ્ય વીમાનો લાભ આપવામાં આવે છે. તેનો આધાર સામાજિક આર્થિક જાતિગત જનગણના 2011 છે.
- રાજ્ય કેન્દ્ર શાસિત પ્રદેશોએ બિન-એસઈસીસી ડેટા સ્ત્રોતનો ઉપયોગ કરીને પોતાના ખર્ચ પર યોજનાના લાભાર્થીની સંખ્યા વધારી છે.
- 1.25 કરોડ રૂપિયાથી વધુ મૂલ્યના 9.42 કરોડથી વધુ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ થવાની મંજૂરી અપાઈ છે.
- 27 ચિકિત્સા નિષ્ણાતોથી 1960થી વધુ પ્રોસિજર યોજનામાં લાભ મળી રહ્યો છે.

### આયુષ્માન કાર્ડ બનવડાવવું અને પાત્રતા તપાસવી વધુ સરળ બની

જો આપ આયુષ્માન ભારતના લાભાર્થી છો અને આયુષ્માન કાર્ડ બનાવડાવવા માગો છો તો આપ આપના નજીકના UTIITSL કેન્દ્ર પર જઈને કાર્ડ બનાવડાવી શકો છો. સાથે જ જો આપને એ તપાસવું હોય કે આપ આ યોજનાના લાભાર્થી છો કે નહીં તો તેની જાણકારી પણ આપને અહીં મળી જશે.

**14555** નંબર પર કોલ કરીને જાણો કે આપ લાભાર્થી છો કે નહીં

**1800110770** પર મિસ્ડ કોલ કરો. 70+ના લોકોને આયુષ્માન વય વંદના કાર્ડ કઈ રીતે બનાવવું તેની માહિતી મળશે.

*મદદ લીધી. આ યોજનાએ પૂરો ખર્ચ ઉપાડી લીધો, જેથી પરિવારની એક મહિનાની કમાણી બચી ગઈ અને પાર્થ થોડા જ સપ્તાહમાં ફરીથી સ્કૂલે જવા લાગ્યો.*

*“આયુષ્માન ભારત યોજનાથી કરોડો લોકો લાભાન્વિત થયા છે, એમાંથી હું પણ એક છું. મને કિડનીની સમસ્યા થઈ ગઈ હતી અને આ યોજનાથી બિહારના પટણામાં મારી સારવાર થઈ છે. આ યોજનાથી દેશના ગરીબ તેમજ મધ્યમ વર્ગના લોકોને ખૂબ જ લાભ મળી રહ્યો છે.*

### આયુષ્માન આરોગ્ય મંદિર

સામાન્ય માનવીને તેમના ઘરોની નજીક મૂળભૂત સ્વાસ્થ્ય સેવા ઉપલબ્ધ થઈ શકે તે માટે સમગ્ર આયુષ્માન યોજના હેઠળ મોટી સંખ્યામાં આયુષ્માન આરોગ્ય મંદિરનું નિર્માણ કરાઈ રહ્યું છે. 15 જુલાઈ 2025 સુધીમાં દેશમાં 1,78,154 આયુષ્માન આરોગ્ય મંદિર શરૂ થઈ ગયા છે. અહીં ઉપ-સ્વાસ્થ્ય કેન્દ્ર અને પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રને સુદ્રઢ કરીને વ્યાપક પ્રાથમિક સેવા પ્રદાન કરાઈ રહી છે. આરોગ્ય મંદિરમાં સંચારી અને ગેર સંચારી રોગો, પ્રજનન અને બાળ સ્વાસ્થ્ય સેવાઓની સાથો સાથ કુલ 12 પ્રકારની બિમારીઓની દેખભાળ કરાઈ રહી છે.

# ...નહિંતર વીમા વિનાના પરિવારના ખિસ્સામાંથી પૈસા ખર્ચ થાત




**રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણ સંગઠન (એનએસએસઓ)ના 71મા સર્વેક્ષણમાં જાણવા મળ્યું કે 85.9% ગ્રામીણ પરિવારો અને 82% શહેરી પરિવારોની પાસે સ્વાસ્થ્ય વીમો નથી. 17%થી વધુ ભારતીય વસ્તી તેના ઘરના બજેટના ઓછામાં ઓછા 10% સ્વાસ્થ્ય સેવાઓ પર ખર્ચ કરે છે. સ્વાસ્થ્ય સેવાઓ પર થતો અત્યાધિક ખર્ચ પરિવારોને દેવામાં ધકેલી દે છે. ગ્રામીણ ભારતમાં 24%થી વધુ વસ્તી અને શહેરી ક્ષેત્રમાં 18% વસ્તી કોઈક ને કોઈક ઉધાર દ્વારા પોતાના સ્વાસ્થ્ય સેવા ખર્ચ પૂરા કરે છે. હવે આશરે 60 કરોડની વસ્તી એમાં કવર થઈ ગઈ છે જેમાં તેમની સ્વાસ્થ્ય ખર્ચની ચિંતા દૂર થઈ છે.**

*આ યોજના ખૂબ જ અસરકારક અને લાભપ્રદ છે. સહજતાથી સ્વાસ્થ્ય લાભ મળવાની સંતુષ્ટી અને કોઈ પણ ખર્ચ વિના સારવાર મળી જવાથી રાહત થઈ" આ શબ્દો છે બિહારના જ્ઞાનેન્દ્ર કુમાર ગુપ્તાના, જેમની આયુષ્માન યોજનાની સુવિધાથી કિડનીની બિમારીની નિઃશુલ્ક સારવાર શક્ય બની છે. જ્ઞાનેન્દ્રે સારવાર બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખીને હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. આ પરિવર્તનકારી યોજનાઓથી જ્ઞાનેન્દ્ર જેવા કરોડો લોકોને લાભ મળવો સહજ બન્યો છે, જે લગભગ એક દાયકા પૂર્વે સારવાર ખર્ચના બોજથી ગરીબીની રેખાથી નીચે*



## આયુષ્માન ભારત, બધાનું જીવન કવચ

**મહિલાઓ, વડીલો અને બાળકો માટે સંવેદનશીલ તેમ જ ભરોસાપાત્ર સ્વાસ્થ્ય સુરક્ષા, જેથી દરેક વયના લોકો અને દરેક પરિવાર નિશ્ચિત રહે**

ચાલ્યા જતા હતા. એવામાં પાંચ લાખ રુપિયા સુધીની મફત સારવારની ક્રાંતિકારી યોજના દેશના 60 કરોડથી વધુ ગરીબ-મધ્યમ વર્ગ વડીલો માટે વરદાન બની ગઈ છે. દેશમાં પહેલા પણ યૂનિવર્સલ હેલ્થકેરની વાત થતી હતી પરંતુ પહેલી વખત કોઈ સરકારે 5 લાખ રૂપિયા સુધીની વિનામૂલ્યે સારવારની સાથે વિશ્વને સૌથી મોટી હેલ્થકેર સુવિધા આપી છે. આજ કારણે લાભાન્વિત લોકોના મનના ભાવ સ્વભાવિક રૂપે સામે આવે છે. જ્ઞાનેન્દ્રએ પોતાના ભાવ શબ્દોમાં પરોવીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મોકલ્યા તો પ્રધાનમંત્રી મોદીની પણ સહજતા અને નાગરિકોથી જોડાણની ભાવના ઊભરી આવી. આ બિહારના પટણાના રહેવાસી જ્ઞાનેન્દ્રને લખેલા તેમના પત્રમાં પણ સ્પષ્ટ છે. તેમણે પોતાના પત્રમાં લખ્યું, "આપના સ્વાસ્થ્યમાં સુધારા અંગે જાણીને ખૂબ જ પ્રસન્નતા થઈ છે આપે પત્રમાં આયુષ્માન ભારત યોજનાના માધ્યમથી ગત દિવસોમાં કિડનીની સફળ સારવારની જે માહિતી રજૂ કરી છે તેનાથી હૃદયને અસીમ સંતુષ્ટી મળી છે." જ્ઞાનેન્દ્રએ પોતાના પત્રમાં લખ્યું છે, "આપના (પીએમ મોદી) હિંમત અને વ્યક્તિત્વથી દેશની જનતાને રાહત અને માર્ગ મળતો રહેશે" તેના જવાબમાં પ્રધાનમંત્રી મોદી પણ પોતાની ભાવનાને શબ્દોમાં પરોવતા રોકી શક્યા નહીં. તેમણે લખ્યું, "અમે ચિકિત્સા પર થનારા ખર્ચથી પરિવારોની જીવનભરની જમા-પૂંજી એક ઝાટકામાં ખતમ થતા જોઈ છે કેટલીક વખત લોકો આ ખર્ચને લીધે સારવાર કરતા પણ ખચકાય છે. આજે આયુષ્માન ભારત યોજના એ સુનિશ્ચિત કરી રહી છે કે કોઈ પણ ભારતીય સારવારથી વંચિત ન રહે. સમુચિત ઉપચાર મળવા પર કઈ રીતે એક વ્યક્તિના જીવનને નવી આશા અને દિશા મળે છે, આ એ યોજનાએ સિદ્ધ કરી બતાવ્યું છે."

એક સ્વસ્થ વ્યક્તિ માત્ર પોતાના પરિવારને જ શક્તિ નથી આપતો, પરંતુ રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં પણ ભૂમિકા નિભાવે છે. આ યથાર્થને નીતિ અને યોજનાઓથી જોડીને વીતેલા 11 વર્ષમાં કેન્દ્ર સરકારે સ્વાસ્થ્ય ક્ષેત્રમાં એક નવી ક્રાંતિનો સૂત્રપાત કરી દીધો છે. આજે દેશમાં પ્રત્યેક ગરીબ સુધી બહેતર આરોગ્ય સુવિધા પહોંચાડવાનું અભિયાન ઝડપી ગતિથી ચાલી રહ્યું છે. તેના માટે સ્વાસ્થ્ય શિક્ષણમાં જરૂરી મોટા મોટા સુધારા કરાયા છે, સાથે જ દેશમાં મેડિકલ સીટોમાં પણ ખૂબ જ વધારો કરાયો છે. આયુષ્માન ભારત યોજના હેઠળ દેશના ગામે ગામ સુધી ગુણવત્તાપૂર્ણ સ્વાસ્થ્ય સેવાઓ પહોંચાડાઈ રહી છે. જન ઔષધિ યોજનાના માધ્યમથી ગરીબ અને મધ્યમ વર્ગને સસ્તી દવાઓ ઉપલબ્ધ કરાવાઈ રહી છે. ગર્ભવતી મહિલાઓ અને બાળકોના રસીકરણને ટ્રેક કરવા માટે એક ડિજિટલ પ્લેટફોર્મ છે. કરોડો લોકો પાસે એક અનોખી ડિજિટલ સ્વાસ્થ્ય ઓળખ છે. ટેલિમેડિસિનની સાથે કોઈ પણ વ્યક્તિ ડૉક્ટરથી બહુ દૂર નથી. કેન્દ્ર સરકારની પહેલોને લીધે એક ઉત્સાહજનક પ્રગતિ થઈ છે. કુલ

"

**દેશના સ્વાસ્થ્ય ક્ષેત્રને ટ્રાન્સફોર્મ કરવા માટે અમે એક રાષ્ટ્રીય એપ્રોચ, એક નવી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિ પર કામ કર્યું. સ્વચ્છ ભારત અભિયાનથી માંડીને આયુષ્માન ભારત અને આયુષ્માન ભારત ડિજિટલ મિશન સુધી એવા અનેક પ્રયાસ તેનો જ હિસ્સો છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**





# સ્વાસ્થ્ય સુવિધાઓની સ્થિતિ બદલી તો મળ્યા સકારાત્મક પરિણામ

### મેડિકલ શિક્ષણનો વ્યાપ વધ્યો




* इनमें से 19 में स्नातक की पढ़ाई शुरू।

**13,86,157**

નોંધાયેલા એલોપેથિક ડૉક્ટર છે રાષ્ટ્રીય ચિકિત્સા આયોગના અનુસાર

**811** લોકો પર એક ડૉક્ટર છે

**157**

મેડિકલ કોલેજનું નિર્માણ જિલ્લા/રેફરલ હોસ્પિટલ્સને અપગ્રેડ કરીને સ્વીકૃત થયા. એમાંથી 131માં કામ શરૂ.

**75**

પરિયોજનાઓ સ્વીકૃત કરાઈ હતી. પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજનાના અંતર્ગત સુપર સ્પેશિયાલિટી બ્લોક માટે આમાંથી 71 પરિયોજનાઓ પૂરી.

### સ્વાસ્થ્ય પર વધ્યો સરકારી ખર્ચ તો બચ્યા સામાન્ય માનવીના પૈસા

છેલ્લા દાયકા દરમિયાન સ્વાસ્થ્ય અંગેની ગતિવિધિઓને વિત્તપોષિત કરવાના મામલામાં જોરદાર બદલાવ જોવા મળે છે. કેન્દ્ર સરકારે પોતાના કલ્યાણકારી યોજનાઓથી સારવાર પર આમ આદમીના ખર્ચનો બોજ ઓછો કર્યો છે. 2013-14થી 2021-22 સુધી સ્થિતિમાં મોટું પરિવર્તન આવ્યું છે. 2013-14માં સ્વાસ્થ્ય પર થયેલા કુલ ખર્ચમાં સરકારનો હિસ્સો 28.6% અને સામાન્ય લોકોનો હિસ્સો 64.2%હતો. 2021-22માં સારવાર પર સામાન્ય લોકોનો ખર્ચ ગબડીને 39.4% રહી ગયો છે. તો બીજી બાજુ સરકારનો ખર્ચ વધીને આશરે 48 ટકા થઈ ગયો છે.

- આર્થિક સર્વેક્ષણ 2024-25માં આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાથી આઉટ-ઓફ- પોકેટ વ્યય ઓછો કરવામાં મદદ મળી છે, જેનાથી 125 લાખ કરોડ રૂપિયાથી વધુની બચત નોંધાઈ છે.



*સ્વાસ્થ્ય વ્યયના ટકા ના રૂપે વ્યક્તિગત રૂપે થનારા વ્યયમાં ઉલ્લેખનીય કમી આવી છે. સાથે જ સરકારી સ્વાસ્થ્ય વ્યયમાં પણ ઉલ્લેખનીય વૃદ્ધિ થઈ છે. અત્યાર સુધી લગભગ બે લાખ હેલ્થ-વેલનેસ સેન્ટર બનાવવામાં આવ્યા છે. હવે બ્લોક સ્તરે સારી હોસ્પિટલો અને આધુનિક લેબના નેટવર્ક પર વિશેષ રૂપે કામ કરવામાં આવી રહ્યું છે. સ્વાસ્થ્ય ક્ષેત્રમાં આઝાદીના 6-7 દાયકાઓમાં જે કામ નથી થયા તે વીતેલા 11 વર્ષમાં થયા છે. દેશમાં રેકોર્ડ સંખ્યામાં નવા એઈમ્સ અને મેડિકલ કોલેજ ખોલાઈ છે. હોસ્પિટલોની વધતી સંખ્યાથી જણાય છે કે મેડિકલની સીટો પણ એટલી જ ઝડપથી વધી રહી છે, તેથી કોઈક ગરીબના બાળકનું ડૉક્ટર બનવાનું જે સપનું છે તે સહજતાથી પૂર્ણ થાય. કોઈ મધ્યમ વર્ગના બાળકોને મજબૂરીમાં મેડિકલના અભ્યાસ માટે વિદેશ ન જવું પડે. મેડિકલ સીટો વધારવાનું એક અભિયાન ચાલી રહ્યું છે. વીતેલા 11 વર્ષમાં એમબીબીએસ અને એમડીની કુલ મળીને એક લાખથી વધુ નવી સીટો જોડવામાં આવી છે. હકીકતમાં એક એવો દેશ જ્યાં હેલ્થકેર*

# માતૃ-શિશુ મૃત્યુ દરમાં ઘટાડો નોંધાયો




માતા મૃત્યુ દર (પ્રતિ લાખ જન્મ પર)

સંયુક્ત રાષ્ટ્ર માતૃ મૃત્યુ અનુમાન આંતર એજન્સી સમુહ (યૂએન-એમએમઈઆઈજી)ના રિપોર્ટ અનુસાર 1990થી 2023ની વચ્ચે ભારતમાં માતૃ મૃત્યુ દરમાં 86%ની ઘટાડો નોંધાયો છે.




## જીડીપીમાં સતત વધી સ્વાસ્થ્ય ક્ષેત્ર પર ખર્ચની હિસ્સેદારી




## સામાન્ય સરકારી વ્યયમાં વધ્યો સ્વાસ્થ્ય વ્યય પર સરકારી ખર્ચનો હિસ્સો




(નોંધ- તમામ આંકડા ટકાવારીમાં)




## શિશુ મૃત્યુ દર

(પ્રતિ 1,000 જીવિત જન્મો પર)

- 71%નો ઘટાડો આવ્યો છે ભારતમાં 1990થી 2023ની વચ્ચે, જ્યારે વૈશ્વિક સ્તર પર આ ઘટાડો 58% રહ્યો

## નવજાત મૃત્યુ દર

(પ્રતિ 1,000 જીવિત જન્મ પર)




## 3 વર્ષથી ઓછી વયના બાળકોનો મૃત્યુ દર

(પ્રતિ 1,000 જીવિત જન્મ પર)




(આંકડા નમુના નોંધણી પ્રણાલી સાંખ્યિકીય રિપોર્ટ 2021ના અનુસાર)

સુધીની પહોંચ ક્યારેક વિશેષાધિકાર પર નિર્ભર હતી, ત્યાં પ્રધાનમંત્રી મોદીએ સાર્વજનિક સ્વાસ્થ્ય સુવિધાઓના પાયાને એ સુનિશ્ચિત કરતા ફરીથી પરિભાષિત કર્યા છે કે કોઈ પણ ભારતીય પાછળ રહી જાય નહીં. 2014થી પહેલાં, ભારતમાં સ્વાસ્થ્ય એક ઉપેક્ષિત ક્ષેત્ર હતું, એટલે સુધી કે આઝાદીના 70 વર્ષ બાદ પણ યૂનિવર્સલ હેલ્થકેરની વાતો કાગળોમાં જ સમેટાઈ ગઈ હતી. પરંતુ વર્તમાન કેન્દ્ર રસરકારે આયુષ્માન ભારત યોજનાથી તેને સાકાર કર્યું છે. સ્વાસ્થ્ય બજેટમાં 85% ની વૃદ્ધિ થઈ છે, જેનાથી એ સુનિશ્ચિત થાય છે કે સંસાધન દેશના દરેક ખૂણા સુધી પહોંચે. 2014માં પ્રધાનમંત્રી મોદીના સત્તામાં આવ્યા પહેલા ભારતમાં હેલ્થ કેર, ગરીબો પર બોજ હતી. પરિવારોને મોટેભાગે ચિકિત્સા સારવાર અને અન્ય પાયાની આવશ્યકતાઓની વચ્ચે પસંદગી કરવી પડતી હતી. આ ઝડપથી બદલાઈ રહ્યું છે. સ્વાસ્થ્ય પર ખિસ્સામાંથી થનારો ખર્ચ ઝડપથી ઓછો થયો છે.



## ઐતિહાસિક પહેલથી સભર 11 વર્ષ

# ભારતમાં સ્વાસ્થ્ય ક્રાંતિનાં પાયા

### રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિ-2017

ભારતમાં તમામ માટે સમાન, સસ્તી અને ગુણવત્તાપૂર્ણ સ્વાસ્થ્ય સેવા સુનિશ્ચિત કરીને સાર્વભૌમિક સ્વાસ્થ્ય કવરેજ પ્રાપ્ત કરવાના લક્ષ્ય સાથે 15 માર્ચ 2017ના રોજ કેન્દ્રીય મંત્રીમંડળે નવી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિને મંજૂરી આપી.

**અમૃત ફાર્મસી**

### ઈમ્પ્લાન્ટ અને ગંભીર બિમારીઓની દવાઓ અડધી કિંમતે

કેન્દ્ર સરકારે ગંભીર બિમારીઓથી પીડિત દર્દીઓને રાહત આપવા માટે અનેક સરકારી હોસ્પિટલોમાં અમૃત ફાર્મસીની શરૂઆત કરી છે. અહીં દવાઓ, ઈમ્પ્લાન્ટ, સર્જિકલ ડિસ્પોઝેબલ અને સર્જિકલ ઉપકરણ પર બજારના દરોની તુલનામાં 50 ટકા સુધીની છૂટ પર મળે છે. કેન્સર અને હૃદય રોગની મોંઘી દવાઓ સસ્તા દર પર મળે છે.

**6** કરોડથી વધુ નાગરિક અત્યાર સુધીમાં લાભ લઈ ચૂક્યા છે






**પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર**

### એટલે સારી દવા, સસ્તી દવા

સારવારના ભારેભરખમ ખર્ચમાં સામેલ મોંઘી દવાઓ સામાન્ય લોકોને 50થી 90% સુધી સસ્તા ભાવ પર ઉપલબ્ધ કરાવવા માટે પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજનાની શરૂઆત કરવામાં આવી. જેના હેઠળ આ વર્ષે 30 જૂન સુધીમાં આશરે 17 હજાર ઔષધિ કેન્દ્ર ખોલી દેવામાં આવ્યા છે. માર્ચ 2027 સુધી તેની સંખ્યા 25 હજાર સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે.

**ફાયદો**

**2,110**



પ્રકારની દવાઓ અને 315 શલ્ય ચિકિત્સીય ઉપકરણ સસ્તા ભાવો પર ઉપલબ્ધ છે.

**38,000**

કરોડ રૂપિયાની અનુમાનિત બચત થઈ છે સામાન્ય લોકોની 11 વર્ષમાં.

### ઘૂંટણ પ્રત્યારોપણ કરાવવું થયું આસાન

ઓગસ્ટ 2017માં કુત્રિમ ઘૂંટણની કિંમત નક્કી કરી દેવાઈ. તેના હેઠળ સૌથી વધુ ઉપયોગમાં લેવાતા કોબાલ્ટ ક્રોમિયમ યુક્ત ઘૂંટણની કિંમતમાં 65%નો ઘટાડો કરીને મહત્તમ કિંમત 54,720 રૂપિયા નક્કી કરાઈ. ટાઈટેનિયમ અને ઓક્સિકૃત જિરકોનિયમ જેવી વિશેષ ધાતુથી બનેલા ઘૂંટણની કિંમતમાં 69%નો ઘટાડો કરીને મહત્તમ કિંમત 76,600 રૂપિયા કરી દેવાઈ.





### હૃદય રોગીઓને મળી રાહત

કેન્દ્ર સરકારે ફેબ્રુઆરી 2017માં હૃદય રોગીઓને સૌથી મોટી રાહત આપતા બેયર મેટલ સ્ટેન્ટની કિંમત 7,260 રૂપિયા અને ડ્રગ-ઈલ્યૂટિંગ તેમજ બાયોડિગ્રેડેબલ સ્ટેન્ટની કિંમત 29,600 રૂપિયા નક્કી કરી દીધી હતી. આ તત્કાલીન બજાર કિંમતોથી લગભગ 85% ઓછી હતી.

**કોઈ પણ દેશમાં મજબૂત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માત્ર નાગરિક કલ્યાણ માટે જરૂરી નથી, પરંતુ આર્થિક પ્રગતિની સાથે સામાજિક સ્થિરતામાં પણ યોગદાન આપે છે. આ વિચાર સાથે વિતેલા 11 વર્ષમાં અનેક એવી પહેલો કરાઈ છે જેણે ભારતમાં સ્વાસ્થ્ય ક્ષેત્રમાં નવી ક્રાંતીના પાયા નાખ્યા છે...**

માતૃ સ્વાસ્થ્યની યોજનાઓ

## જીવન રક્ષા અને મજબૂત ભવિષ્યનો પાયો

ભારતમાં માતૃ મૃત્યુ દર લાંબા સમય સુધી સાર્વજનિક સ્વાસ્થ્યનો મુદ્દો રહ્યો છે. આ દિશામાં અનેક મહત્વપૂર્ણ પ્રયાસ કરાયા છે. જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ નિઃશુલ્ક સંસ્થાગત પ્રસુતિ અને નવજાત શિશુ દેખભાળને પ્રોત્સાહન આપવા માટે 2014-15થી અત્યાર સુધી 16.60 કરોડથી વધુ લાભાર્થીઓને સેવા અપાઈ છે. તો વળી જનની સુરક્ષા યોજનામાં શરતી રોકડ હસ્તાંતરણના માધ્યમથી સંસ્થાગત પ્રસુતિને પ્રોત્સાહિત કર્યું છે જેમાં માર્ચ 2025 સુધી 11.07 કરોડથી વધુ મહિલાઓને લાભ મળ્યો છે. બીજી તરફ સુરક્ષિત માતૃત્વ આશ્વાસન (સુમન) ને ગર્ભવતી મહિલાઓ માટે સન્માનજનક અને ગુણવત્તાપૂર્ણ દેખભાળને મજબૂત કરી છે, જે અંતર્ગત માર્ચ 2025 સુધીમાં સમગ્ર ભારતમાં 90,015 સુમન સ્વાસ્થ્ય સુવિધાઓ અધિસૂચિત કરાઈ છે.



**પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાઃ પહેલી પ્રસુતિ પર 5,000, બીજામાં પુત્રી થવા પર 6,000 રૂપિયાનો લાભ**

## પીએમ આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન

કોવિડથી મળેલી શિખ બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નીચેથી ઉપર સુધી બુનિયાદી આરોગ્ય માળખાને બદલવા માટે 25 ઓક્ટોબર 2021ના રોજ દેશની સૌથી મોટી પહેલની શરૂઆત કરી. જેને નામ અપાયું પ્રધાનમંત્રી આયુષ્માન ભારત સ્વાસ્થ્ય અવસંરચના મિશન. આ પરિવર્તનકારી પહેલનો ઉદ્દેશ્ય 64,180 કરોડ રૂપિયાના કુલ ખર્ચની સાથે વર્ષ 2025-26 સુધી પ્રાથમિક દ્વિતીયક અને તૃતિયક સ્તર પર એક મજબૂત સ્વાસ્થ્ય પ્રણાલીનું નિર્માણ કરવાનું છે, જેથી વર્તમાનની સાથે ભવિષ્યમાં પણ મહામારી, સાર્વજનિક સ્વાસ્થ્ય, કટોકટીની સ્થિતિ અને આફતોનો પ્રભાવી રીતે સામનો કરી શકાય.

## જિલ્લા હોસ્પિટલ્સમાં ડે કેર કેન્સર સેન્ટર

ભારતીય આયુર્વિજ્ઞાન અનુસંધાન પરિષદ (આઈસીએમઆર)ના એક અભ્યાસ અનુસાર 2020ની સરખામણીએ 2025ના અંત સુધી ભારતમાં કેન્સરના દર્દીઓની સંખ્યા 13% વધી જશે. આ કારણે જ કેન્દ્ર સરકારે 2025-26માં દેશમાં 200 કેન્સર કેન્દ્ર સ્થાપિત કરવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત આગામી ત્રણ વર્ષમાં તમામ જિલ્લા હોસ્પિટલ્સમાં ડે કેર કેન્સર સેન્ટર (ડીસીસીસી) સ્થાપિત કરવાની યોજના બનાવાઈ રહી છે. દર્દીઓને સસ્તી દવા ઉપલબ્ધ થાય તે માટે 36 જીવન રક્ષક દવાઓને મૂળ મર્યાદા કિંમતથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે.

### હવે દરેક ઘરે સસ્તી, સુલભ, ભરોસાપાત્ર સ્વાસ્થ્ય સેવાઓ

ભારતની સ્વાસ્થ્ય સેવા વ્યવસ્થામાં છેલ્લા 11 વર્ષમાં ઉલ્લેખનીય પરિવર્તન આવ્યું છે. વર્ષ 2018માં આયુષ્માન ભારત યોજનાની શરૂઆત થઈ હતી, જેનો હેતુ ગરીબ પરિવારોને સારવારના ભારે ખર્ચથી બચાવવાનો હતો. આજે આ યોજના આશરે 41 કરોડ લોકોને લાભ પહોંચાડી રહી છે. જેમાં વીમો, માંદગીની રોકથામ અને ડિજિટલ ટેકનિક પર જોર અપાયું છે, જેનાથી જરૂરિયાતમંદ લોકોને સસ્તી અને સરળતાથી મળનારી સારવાર સુવિધા મળી છે.

શરૂઆતથી જ આયુષ્માન ભારત યોજનાનો હેતુ બે મોટી સમસ્યાઓનો ઉકેલ લાવવાનો હતો - ગામડાઓમાં સારી સ્વાસ્થ્ય સેવાની કમી અને ગરીબ પરિવારો પર સારવારનો મોટો ખર્ચ. 2018 અગાઉ ગામડાઓમાં રહેનારા લોકો મોટે ભાગે આ મુશ્કેલીઓનો સામનો કરતા હતા. આ સમસ્યાને ઉકેલવા માટે સરકારે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમ-જય) શરૂ કરી, જેમાં દરેક પરિવારને દર વર્ષે પાંચ લાખ રૂપિયા સુધીની નિઃશુલ્ક સારવાર મળી શકે છે. માત્ર સાત વર્ષમાં આયુષ્માન કાર્ડ મેળવનારાઓની સંખ્યા 41 કરોડથી વધુ થઈ ગઈ છે. આ માત્ર આયુષ્માન કાર્ડ જ નહીં, ગરીબો માટે જીવન કવચ છે.

### સારવાર માટે નાગરિકોના ખિસ્સાથી થનારો ખર્ચ ઓછો થયો

સ્વાસ્થ્ય ક્ષેત્રની ઉપલબ્ધિઓનું સૌથી મોટું કારણ એ છે કે લોકોને પોતાના ખિસ્સામાંથી સારવાર પર હવે પહેલા જેટલો ખર્ચ નથી કરવો પડતો. 2014માં જ્યારે આયુષ્માન ભારત યોજના શરૂ થઈ ન હતી ત્યારે લોકો પોતાની સારવારના આશરે 62% ખર્ચ પોતે ભોગવતા હતા. હવે આ ઘટીને માત્ર 38% રહી ગયો છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની મદદથી દેશના લોકોના 1.25 લાખ કરોડ રૂપિયાથી વધુ બચ્યા છે. તેની સાથે જ જન ઔષધિ કેન્દ્રોથી સસ્તી દવાઓ ખરીદીને લોકોએ 38,000 કરોડ રૂપિયાથી વધુની

બચત કરી છે. 'આયુષ્માન આરોગ્ય મંદિર' પહેલ અંતર્ગત આશરે બે લાખ વેલનેસ સેન્ટર ખોલવામાં આવ્યા છે. આ સેન્ટર ગામડા અને મોહલ્લામાં લોકોની તપાસ કરે છે, ખાસ કરીને હાઈ બ્લડ પ્રેશર, શુગર જેવી બિમારીઓની. આ યોજનાને લીધે અત્યાર સુધીમાં 200 કરોડથી વધુ તપાસ થઈ ગઈ છે. જેનાથી બીમારીઓની ઓળખ ઝડપથી થઈ જાય છે અને મોટા ખર્ચવાળી સારવારની જરૂર ઓછી પડે છે. સાથે જ ઓક્ટોબર 2021માં શરૂ થયેલા 'પ્રધાનમંત્રી આયુષ્માન ભારત સ્વાસ્થ્ય અવસંરચના મિશન ' હેઠળ 64,000 કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરીને દેશની હોસ્પિટલોને વધુ સારી બનાવાઈ છે. એવા વિસ્તારો જે પહેલા પાછળ રહી ગયા હતા, ત્યાં હવે ગંભીર દર્દીઓ માટે ખાસ વ્યવસ્થા, ઓબ્ઝર્વેશન કેન્દ્ર અને પ્રાથમિક સ્વાસ્થ્ય એકમો બનાવાયા છે.

### જેથી પ્રત્યેક વડીલને મળે સ્વાસ્થ્ય ચિંતાથી મુક્તિ

ભારતમાં વૃદ્ધ વ્યક્તિઓની સંખ્યામાં સતત વૃદ્ધિ થઈ રહી છે. એક રિપોર્ટ અનુસાર 2026 સુધી 17 કરોડ, 2036 સુધી લગભગ 23 કરોડ તો વર્ષ 2050 સુધી 35 કરોડ એટલે કે કુલ વસ્તીના 20 ટકાથી વધુ વડીલોની સંખ્યા થઈ જશે. છેલ્લા કેટલાક વર્ષોમાં વરિષ્ઠ નાગરિકોની વસ્તીની સરેરાશમાં સતત વૃદ્ધિ થવાના મૂળ કારણોમાં કેન્દ્ર સરકાર તરફથી સ્વાસ્થ્ય, પેન્શન, સ્વરોજગાર, સ્વાવલંબનથી જોડાયેલી યોજનાઓ છે. એવામાં વરિષ્ઠ નાગરિક માત્ર લાંબી વય સુધી જીવન જ ન જીવે પરંતુ સુરક્ષિત, સન્માનપૂર્ણ, સૃજનશીલ તેમ જ ગરિમામય જીવન જીવે. તેના માટે આયુષ્માન ભારત યોજનામાં એક ક્રાંતિકારી ફેરફાર 2024ના અંતમાં થયો. હવે 70 વર્ષ અને તેથી વધુની વયના દરેક ભારતીય નાગરિકને આ યોજનામાં સામેલ કરાયા છે, ભલે તેમની આવક કે પૃષ્ઠભૂમિ કોઈ પણ હોય. તેનાથી આશરે છ કરોડ વડીલોને સારવારની સુવિધા મળવા લાગી. જીવનના આ વયના પડાવમાં જ્યારે સ્વાસ્થ્યની ચિંતા વધુમાં વધુ હોય છે, તેનાથી મુક્તિ અપાવવાનો સંવેદનશીલ પ્રયાસ બની ગયો છે. હવે વડીલોને મોટી હોસ્પિટલોમાં પણ વિનામૂલ્યે સારવાર મળી શકશે. જાન્યુઆરી 2025 સુધીમાં 40 લાખથી વધુ વડીલો આ યોજનામાં પોતાનું નામ જોડી ચૂક્યા હતા, જેમાં તેમને ભવિષ્યમાં પોતાના સ્વાસ્થ્યની ચિંતા નહીં કરવી પડે.

### મહિલાઓ માટે વરદાન બની યોજના

મહિલાઓ અને અગ્રીમ પંક્તિના સ્વાસ્થ્ય કાર્યકર્તા આયુષ્માન ભારત યોજનાની મોટી તાકાત અને લાભાર્થી રહી છે. આ યોજના હેઠળ લગભગ 49 ટકા આયુષ્માન કાર્ડ મહિલાઓના છે અને હોસ્પિટલોમાં ભરતી થનારાઓમાં 48 ટકા મહિલાઓ છે. ફેબ્રુઆરી 2024માં સરકારે તેની જરૂરી ભૂમિકાને માનીને 37 લાખ આશા કાર્યકર્તાઓ,



## સફળતાની 'આભા' ભરેલી વાર્તા

**80.47** કરોડથી વધુ આયુષ્માન ભારત ખાતા (આભા) બન્યા.

**71.44** કરોડ ઈલેક્ટ્રોનિક સ્વાસ્થ્ય રેકોર્ડ વિભિન્ન સ્વાસ્થ્ય પોર્ટલ સાથે જોડાઈ ચુક્યા છે.

**4.21** લાખથી વધુ સત્યાપિત સ્વાસ્થ્ય વ્યવસાયિકોની નોંધણી.

**6.93** થી વધુ વેરિફાઈડ હેલ્થ પ્રોફેશનલ્સ નોંધાયેલા છે.

નોંધઃ 1 સપ્ટેમ્બર-2025 સુધીના આંકડા

### ટેલિમેડિસિન સેવા ઈ-સંજીવની
## હવે ઘર બેઠા સારવાર

વર્ષ 2020માં કોવિડના સમયે જ્યારે નાની બીમારીઓ માટે પણ લોકોનો ડૉક્ટરો સાથે પરામર્શ કઠીન થઈ ગયો હતો ત્યારે નિઃશુલ્ક અને દૂરસ્થ ચિકિત્સા પરામર્શના ઉદ્દેશ્યની સાથે ઈ-સંજીવનીના રૂપે ટેલિ કન્સલટેશનની શરૂઆત કરાઈ.

**36** કરોડથી વધુ લોકો અત્યાર સુધીમાં લાભ લઈ ચૂક્યા છે.

**130** સ્પેશલ્ટીના ડૉક્ટર ઈ-સંજીવની પર ઉપલબ્ધ છે.

**2,32,291** સ્વાસ્થ્ય સેવા પ્રદાતાને અત્યાર સુધીમાં જોડવામાં આવ્યા છે.



## ડિજિટલ હેલ્થ મિશન

# સ્વાસ્થ્ય સેવાઓમાં સુવિધાઓનો નવો અધ્યાય

ભારત જેવા 140 કરોડ વસ્તી અને ભૌગોલિક પડકારોથી ભરેલા દેશમાં અંતિમ વ્યક્તિ સુધી સ્વાસ્થ્ય સેવાઓનો લાભ પહોંચાડવો કોઈ પડકારથી ઓછો નથી. તેથી સ્વાસ્થ્ય સેવાઓમાં ટેકનિકને જોડીને સામાન્ય માણસ સુધી આ પહોંચને સુલભ બનાવવાના ઉદ્દેશ્ય સાથે 2020માં નેશનલ ડિજિટલ હેલ્થ મિશનની શરૂઆત થઈ. પાયલટ પ્રોજેક્ટની સફળતા બાદ તેને આયુષ્માન ભારત ડિજિટલ મિશનના રૂપે સમગ્ર દેશમાં લાગુ કરાઈ હતી. જેના હેઠળ પ્રત્યેક ભારતીયને સ્વાસ્થ્ય આઈડી અપાઈ રહ્યા છે. આ સ્વાસ્થ્ય ખાતામાં દરેક તપાસ, દરેક બિમારી, ડૉક્ટરો સાથે મુલાકાત, લીધેલી દવાઓ અને નિદાનનું વિવરણ હોય છે. ભલે દર્દી નવા સ્થળે શિફ્ટ થઈ જાય કે કોઈક નવા ડૉક્ટરને મળે, આ પોર્ટેબલ સેવા છે. તેણે માત્ર આભા (યૂનિક નંબર) જણાવવો પડશે, તેના સ્વાસ્થ્ય સાથે સબંધિત તમામ માહિતી ઉપલબ્ધ થઈ જશે. આ સાથે જ નોંધાયેલા હેલ્થકેર વ્યવસાયિકોનો એક વ્યાપક ડેટાબેઝ માટે હેલ્થકેર પ્રોફેશનલ્સ રજિસ્ટ્રી સમગ્ર ભારતમાં સ્વાસ્થ્ય સુવિધાઓના એક ડિજિટલ ભંડાર માટે સ્વાસ્થ્ય સુવિધા રજિસ્ટ્રી અને સ્વાસ્થ્ય સેવાઓની સુવિધા ડિજિટલી પ્રદાન કરવા માટે એક ઓપન નેટવર્ક હેઠળ હોસ્પિટલ્સ, ડૉક્ટર, પ્રયોગશાળાઓને એકીકૃત સ્વાસ્થ્ય ઈન્ટરફેસ પ્લેટફોર્મની પણ શરૂઆત કરવામાં આવી છે.



### આપના માટે જરૂરી...
### આ રીતે બનાવી શકો છો આપનું આભા કાર્ડ

**અધિકૃત વેબસાઈટ https://abha.abdm.gov.in/abha/v3/ દ્વારા આપ આપનું આભા કાર્ડ બનાવડાવી શકો છો.**

- વેબસાઈટ પર ગયા બાદ આપે 'ક્રિએટ આભા નંબર' પર ક્લિક કરવું પડશે. એ પછી આધાર અથવા ડ્રાયવિંગ લાયસન્સના ઓપ્શન પર ક્લિક કરવું પડશે.
- જે પણ વિકલ્પ આપ સિલેક્ટ કરશો ત્યાર બાદ આપે આપની વિગતો ભરવી પડશે. ઉદાહરણ તરીકે આધાર નંબર અંકિત કરો, એ પછી મોબાઈલ પર એક ઓટીપી આવશે. તેને અંકિત કરો.
- સાથે જ પોતાનું ઈ-મેલનું એડ્રેસ પણ નોંધો.
- આ પછી પેજ પર આવેલા ઓપ્શન નેક્સ્ટને ક્લિક કરીને આગળ વધો. આપનું આભા કાર્ડ તૈયાર થઈ જશે.

### યૂ-વિન

રસીકરણ વિતરણમાં દક્ષતા અને જવાબદારીને ઓર વધારવા માટે સરકારે યુનિવર્સલ ઈમ્યૂનાઈઝેશન પ્રોગ્રામ (યૂઆઈપી) હેઠળ એક ડિજિટલ પહેલ, યૂ-વિન પ્લેટફોર્મ લોન્ચ કર્યું. આ એક ડિજિટલ પ્લેટફોર્મ છે જે ગર્ભવતી મહિલાઓ અને બાળકો (0-16 વર્ષ) માટે રસીકરણને વ્યવસ્થિત બનાવે અને ટ્રેક કરે છે.

**10.48** કરોડ લાભાર્થીની મે 2025 સુધી યૂ-વિન પર નોંધણી થઈ છે.



**93.91** લાખ પ્રસુતિ

**1.88** કરોડ રસીકરણ સત્ર

**41.73** કરોડ વેક્સિન ડોઝ નોંધાયા

આંગણવાડી કાર્યકર્તાઓ અને સહાયકોને પણ આ યોજનામાં સામેલ કર્યા. આ કાર્યકર્તાઓને સુરક્ષા પ્રદાન કરીને આ યોજના ભારતમાં પ્રાથમિક સ્વાસ્થ્ય સેવાઓને મજબૂત કરી રહી છે. ભારતના સ્વાસ્થ્ય સેવા ક્ષેત્રની એક મોટી સફળતા દિલ્હીને આયુષ્માન ભારત યોજનામાં સામેલ કરવી છે. પહેલા દિલ્હીના લોકો રાજકીય કારણોથી આ યોજનાના લાભોથી બહાર હતા અને તેમને મોંઘી ખાનગી સારવાર પર નિર્ભર રહેવું પડતું હતું. પરંતુ પ્રધાનમંત્રીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે આ યોજનાને દિલ્હી સુધી વિસ્તારી, જેનાથી હવે આર્થિક રૂપે નબળા લોકોને વિનૂલ્યે અને સારી ગુણવત્તાવાળી સારવાર સુનિશ્ચિત થઈ છે.

### સામાજિક સમરસતાની યોજનાઓએ બદલ્યો ચહેરો

સ્વસ્થ મનમાં જ સ્વસ્થ વિચાર હોય છે. વિકસિત ભારતની યાત્રામાં અસ્વસ્થ સમાજ-અશિક્ષિત સમાજની કલ્પના ન કરી શકાય. 21મી સદીના ભારતમાં સપનાને પૂરા કરવાનું સામર્થ્ય વ્યક્તિથી શરૂ થાય છે, પરિવારથી શરૂ થાય છે પરંતુ જો વસ્તી શિક્ષિત નથી, તંદુરસ્ત નથી તો એ ઘર સુખી નથી હોતું કે ન તો એ દેશ સુખી થાય છે. તેથી સ્વાસ્થ્ય સાથે જોડાયેલા વિભિન્ન મુદ્દાઓ પર પણ કેન્દ્ર સરકારે સામાજિક સમરસતાવાળી યોજનાઓને સાકાર કરીને ક્રાંતિકારી બદલાવ કર્યો છે. આજે બધાની પાસે પોતાનું પાક્કું મકાન હોય, તેમના માટે આવાસ યોજના, દરેક ઘરમાં વીજળી, દરેક રસોડામાં ઉજ્જવલા દ્વારા મફત રસોઈ ગેસની વ્યવસ્થા થઈ ચુકી છે, સ્વચ્છતા મિશનથી 12 કરોડ શૌચાલયોનું નિર્માણ થઈ ગયું છે, જલ જીવન મિશનથી આશરે 16 કરોડ ગ્રામીણ પરિવારોની સ્વચ્છ જળની વ્યવસ્થા સુનિશ્ચિત થઈ રહી છે. આજે લગભગ 60

# કોવિડનો પડકાર આ રીતે લડ્યો દેશ



વર્ષ 2020માં કોવિડ 19 મહામારીએ માત્ર પડકાર જ ઊભો નહોતો કર્યો પરંતુ ભવિષ્યની મુશ્કેલીઓ માટે તૈયાર થવાની આવડત પણ આપી. સમગ્ર વિશ્વની સાથે-સાથે જ્યારે આ મહામારી ભારતમાં પગ પેસારો કરી રહી હતી ત્યારે દેશે પોતાના સ્વાસ્થ્ય ઢાંચામાં ધરમૂળથી મહત્વપૂર્ણ પરિવર્તનની શરૂઆત કરી. ભારત માત્ર આ પડકાર સામે લડ્યું જ નહીં પરંતુ સ્વદેશી વેક્સિનની સાથે વિશ્વના સૌથી મોટું રસીકરણ અભિયાન ચલાવીને વૈશ્વિક નેતૃત્વકર્તા બનીને ઊભર્યું...

### સૌથી મોટી ઉપલબ્ધિ

**220.67**

**કરોડથી વધુ વેક્સિન ડોઝ ભારતમાં સફળતાપૂર્વક અપાયા**

- 2.50 કરોડથી વધુ ડોઝ લગાવાયા 17 સપ્ટેમ્બર 2021ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિનના અવસરે એક જ દિવસમાં. એક દિવસમાં સર્વાધિક ડોઝનો રેકોર્ડ
- વિશ્વમાં બીજા દેશોને વેક્સિન મૈત્રી કાર્યક્રમ હેઠળ વિશ્વ બંધુત્વ અને એક પૃથ્વી, એક સ્વાસ્થ્યના મંત્ર સાથે ભારતે 30 કરોડ ડોઝ ઉપલબ્ધ કરાવ્યા.

### મૂળભૂત ઢાંચામાં ઐતિહાસિક સુધારો

**તપાસ લેબ**



| | |
|---|---|
| 14<br>માર્ચ 2020 | 3,400<br>હવે |

**આઈસીયૂ બેડ**

| | |
|---|---|
| 2,168<br>માર્ચ 2020 | 1.45 લાખ<br>નવેમ્બર, 2023 |

**ઓક્સિજન બેડ**

| | |
|---|---|
| 50,583<br>માર્ચ 2020 | 5.5 લાખ<br>નવેમ્બર, 2023 |

**પીપીઈ કિટ મેન્યુફેક્ચરિંગ | માર્ચ,2020 0 હવે ક્ષમતા 4.5 લાખ પ્રતિદિન**

- 1,500 થી વધુ PSA ઓક્સિજન પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા હતા. આ પ્લાન્ટ પીએમ કેયર્સ તેમ જ વિવિધ મંત્રાલયો અને જાહેર ક્ષેત્રના ઉપક્રમોની મદદથી સ્થાપિત કરવામાં આવ્યા હતા.
- 900 ઓક્સિજન ટ્રેનો દ્વારા ગંભીર રીતે અસરગ્રસ્ત રાજ્યોમાં 36,840 ટનથી વધુ પ્રવાહી તબીબી ઓક્સિજન પહોંચાડવામાં આવ્યો હતો.
- 4,176 રેલવે કોચને સંપૂર્ણપણે કાર્યરત આઈસોલેશન અને ક્વોરેન્ટાઈન સુવિધાઓમાં રૂપાંતરિત કરવામાં આવ્યા હતા. વાયુસેનાએ ક્રાયોજેનિક ઓક્સિજન ટેન્કરો અને આવશ્યક તબીબી ઉપકરણોને એરલિફ્ટ કર્યા હતા.





કરોડ ભારતીયોને કવર કરતા આયુષ્માન ભારત યોજના ગરીબ અને નવ-મધ્યમ વર્ગને ઉચ્ચ ગુણવત્તા અને સસ્તી સ્વાસ્થ્ય સેવા સુનિશ્ચિત કરાવી રહી છે. વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત સ્વાસ્થ્ય જર્નલમાંની એક 'લાન્સેટ'એ આયુષ્માન ભારતની સરાહના કરતા કહ્યું છે કે આ યોજના ભારતમાં સ્વાસ્થ્ય ક્ષેત્ર સાથે જોડાયેલા અસંતોષને દૂર કરી રહી છે. આ તમામ સામાજિક સમરસતાની યોજનાએ સ્વાસ્થ્યના પડકારોને પરાસ્ત કરવામાં પરિવર્તનકારી ભૂમિકા નિભાવી છે. 'લાન્સેટ'એ તેના એક અધ્યયનમાં જણાવ્યું છે કે આયુષ્માન ભારતને લીધે સમય પર કેન્સરની સારવાર શરૂ થવાના દરમાં ઉલ્લેખનીય સુધારો થયો છે. દર્દીઓને 30 દિવસની અંદર કેન્સરની સારવાર સુધી પહોંચવામાં 90 ટકાની વૃદ્ધિ જોવા મળી છે. હવે નવા ભારતે સંકલ્પ કર્યો છે કે બધા મળીને એક એવું ભારત બનાવીશું જે સ્વચ્છ હશે, સ્વસ્થ હશે અને સ્વરાજના સપનાં પૂરા કરશે.

**જન ઔષધિ- સસ્તી પણ, સારી પણ**

કેટલીક વખત સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નથી પડતી. ડૉક્ટરની લખેલી દવા ઘરે જ ખાવી પડે છે. એવામાં મેડિકલ સ્ટોરથી સસ્તી દવા મળે, તેની પણ સુવિધા આજે ઉપલબ્ધ છે. ભારતીય જન ઔષધિ પરિયોજના (પીએમબીજેપી)થી માત્ર દવા પરના ખર્ચને લઈને દેશના કરોડો લોકોની ચિંતા તો દૂર થઈ જ છે પરંતુ તેમનું જીવન પણ આસાન બન્યું છે. પરિયોજનામાં સામાન્ય જનમાનસના જીવન પર

**"સમાવેશન ભારતના સ્વાસ્થ્ય સુધારાનું મૂળ છે. આપણે આયુષ્માન ભારત સંચાલિત કરીએ છીએ, જે વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય વીમા યોજના છે. વિશ્વનું સ્વાસ્થ્ય એ વાત પર નિર્ભર કરે છે કે આપણે સૌથી નિર્બળ વર્ગના લોકોની કેટલી સારી રીતે દેખભાળ કરીએ છીએ. વિકાશસીલ દેશ વિશેષ રૂપે સ્વાસ્થ્ય પડકારોથી પ્રભાવિત છે. ભારતનું વિઝન અનુકરણીય,માપનીય અને ટકાઉ મૉડલ પ્રદાન કરે છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

# યોગ, આયુર્વેદ અને પરંપરાગત ચિકિત્સા પદ્ધતિને ભારતે ફરી વૈશ્વિક માન્યતા અપાવી

***યોગ,આયુર્વેદ અને પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓને આજે ફરીથી વૈશ્વિક માન્યતા મળી છે તો તેની પાછળ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો એ વિચાર છે જેની સાથે 2014માં પહેલી વખત આયુષ મંત્રાલયનું ગઠન કરવામાં આવ્યું. હવે દેશ જ નહીં પરંતુ વિશ્વભરમાં આયુર્વેદ અને યોગ પ્રત્યેના દ્રષ્ટિકોણમાં બદલાવ આવ્યો છે અને તેની સ્વીકાર્યતા પણ વધી છે...***

**7,51,768**

**ડૉક્ટર વર્તમાન આયુષ ચિકિત્સા પદ્ધતિમાં નોંધાયેલા છે**

ભારતે સાક્ષ્ય-આધારિત પારંપરિક ચિકિત્સામાં પોતાને વૈશ્વિક સ્તર પર એક અગ્રણી દેશના રૂપે સ્થાપિત કર્યું છે અને આયુષ અનુસંધાન પોર્ટલ હવે 43,000થી વધુ અધ્યયનોને હોસ્ટ કરી રહ્યું છે.



- 21 જૂન 2015ના રોજ પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું આયોજન કરાયું. 11 ડિસેમ્બર 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્ર સંઘે ભારતના પ્રસ્તાવ પર 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કર્યો.
- છેલ્લા દસ વર્ષમાં પ્રકાશિત શોધ પ્રબંધોની સંખ્યા છેલ્લા 60 વર્ષના પ્રકાશનોથી વધુ છે.
- આયુષ ક્ષેત્રએ ઝડપથી આર્થિક વિકાસનું પ્રદર્શન કર્યું છે. તેના મેન્યુફેક્ચરિંગ બજારનું કદ 2014માં 2.85 અબજ ડૉલરથી વધીને 2023માં 23 અબજ ડૉલર થઈ ગયું. આયુષ ઉદ્યોગ 200 અબજ ડૉલરના લક્ષ્ય તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે.
- આયુષ ગ્રિડ હેઠળ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરાઈ રહ્યું છે અને કૃત્રિમ બુદ્ધિમત્તાના એકીકરણ પર નવેસરથી ધ્યાન કેન્દ્રીત કરાઈ રહ્યું છે.
- વાઈ-બ્રેક યોગ જેવી અપેક્ષાકૃત વધુ સમગ્ર કન્ટેન્ટને હોસ્ટ કરવા માટે આઈ ગોટ પ્લેટફોર્મ.
- યોગને પ્રોત્સાહન આપવા માટે ડિજિટલ પ્રૌદ્યોગિકિઓનો લાભ ઊઠાવવામાં આવી રહ્યો છે.
- ગુજરાતના જામનગરમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન વૈશ્વિક પારંપરિક ચિકિત્સા કેન્દ્રની સ્થાપના એક ઐતિહાસિક ઉપલબ્ધિ છે જે પારંપરિક ચિકિત્સાના ક્ષેત્રમાં ભારતના નેતૃત્વને મજબૂત કરે છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 5 જાન્યુઆરી 2025ના રોજ દિલ્હીના રોહિણીમાં કેન્દ્રીય આયુર્વેદ અનુસંધાન સંસ્થાનના નવા ભવનની આધારશિલા રાખી.
- છેલ્લા એક દાયકામાં આયુષ પ્રણાલીનો વિસ્તાર 100થી વધુ દેશોમાં થઈ ચૂક્યો છે.
- પારંપરિક ચિકિત્સા પદ્ધતિના વિસ્તાર માટે દેશમાં 10 નવા આયુષ સંસ્થાન ખોલવામાં આવી રહ્યા છે.
- ભારત સરકારે 29 મે 2025ના દિવસે 'આયુષ નિવેશ સારથી' પોર્ટલ લોન્ચ કર્યું. આ એક સમર્પિત, નિવેશક કેન્દ્રીત ડિજિટલ પ્લેટફોર્મ છે.

*સકારાત્મક પ્રભાવ પાડ્યો છે. દેશના 12 લાખથી વધુ નિવાસી રોજ જન ઔષધિ કેન્દ્રોમાં દવાઓ ખરીદી રહ્યા છે. અહીં ઉપલબ્ધ દવાઓ બજાર કિંમતથી 50થી 90 ટકા સુધી સસ્તી છે. એટલું જ નહીં કિડનીની બિમારી જ્યારે વધતી જાય છે તો સતત ડાયાલિસિસ કરાવવું પડે છે. નિયમિત રૂપે કરાવવું પડે છે, દૂર દૂર જવું પડે છે, ખર્ચ ઘણો થાય છે. તેથી કેન્દ્ર સરકારે દેશના 700થી વધુ જિલ્લામાં દોઢ હજારથી વધુ ડાયાલિસિસ સેન્ટર ખોલ્યા છે. અહીં મફતમાં ડાયાલિસિસની સુવિધા છે.*

### *સંવેદનશીલતા બની સ્વાસ્થ્ય ક્રાંતિનો આધાર*

*જૂની પેઢીને તેનો ખૂબ જ સારી રીતે અહેસાસ છે કે પહેલા ઘરોમાં કોઈ બીમારીની વાત આવી જાય તો તેનો મતલબ હતો... સમગ્ર પરિવાર પર માનો કે વીજળી પડી ગઈ હોય. ગરીબના ઘરમાં જો કોઈ એક ગંભીર રૂપે બિમાર થતો હતો તો તેની અસર ઘરના દરેક સભ્ય પર થતી હતી. એક સમય હતો... જ્યારે સારવારમાં લોકોના ઘર, જમીનો...ઘરેણાં બધું વેચાઈ જતું હતું...ગંભીર બીમારીની સારવારનો ખર્ચ સાંભળતા જ ગરીબનો આત્મા ધ્રૂજી ઉઠતો હતો...વૃદ્ધ માતા વિચારતી હતી કે પોતાની સારવાર*



## પીએમ ડાયાલિસિસ કાર્યક્રમથી 8,000 કરોડ રૂપિયાની બચત થઈ

પ્રધાનમંત્રી રાષ્ટ્રીય ડાયાલિસિસ કાર્યક્રમ હેઠળ સમગ્ર દેશના 36 રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોના આશરે 750 જિલ્લામાં 1,674 કેન્દ્ર પર 11,757 હીમો-ડાયાલિસિસ મશીનોના ઉપયોગથી દર્દીઓનું ડાયાલિસિસ કરાઈ રહ્યું છે. ત્રીજી જૂન 2025 સુધી કુલ 27.86 લાખ દર્દીઓએ ડાયાલિસિસ સેવાનો લાભ લીધો છે. આ દરમિયાન હીમો-ડાયાલિસિસના કુલ 342.25 લાખ સત્ર આયોજિત કરાયા. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય ડાયાલિસિસ કાર્યક્રમનુંજ એક પરિણામ છે કે આ યોજનાના માધ્યમથી અત્યાર સુધી દર્દીઓના કુલ 8,000 કરોડ રૂપિયાની બચત થઈ છે.

*કરાવવી કે પૌત્ર-પૌત્રીને ભણાવવા...વડીલ પિતા વિચારતા હતા...પોતાની સારવાર કરાવવી કે ઘરનો ખર્ચ જોવો...તેથી ગરીબ પરિવારના મોટાઓ અને વડીલોને બસ એક જ રસ્તો દેખાતો હતો...ચૂપચાપ તકલીફ સહન કરો...દર્દ વેઠો. ચૂપચાપ મૃત્યુની રાહ જૂઓ...પૈસાની કમીને લીધે સારવાર ન કરાવવાની એ લાચારી...એ બિચારાપણું...ગરીબને તોડીને રાખી દેતી હતી. એવામાં સંવેદનશીલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ દર્દને અનુભવ્યું અને એ સંવેદનામાંથી આયુષ્માન ભારત યોજનાએ જન્મ લીધો. કેન્દ્ર સરકારે નક્કી કર્યું કે ગરીબના હોસ્પિટલમાં દાખલ થવા પર પાંચ લાખનો ખર્ચ સરકાર ઊપાડશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાર્વજનિક મંચથી અનેક વખત કહ્યું પણ છે કે, "હું ઈચ્છું છું કે મારું સ્વાસ્થ્ય એવું હોય કે તે દેશ માટે બોજ ન બને મારા અંતિમ શ્વાસ સુધી હું એક સ્વસ્થ વ્યક્તિના રૂપે જીવવા ઈચ્છું છું ." સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ દ્રષ્ટિકોણ અને સંવેદનશીલતાને કારણે જ સ્વાસ્થ્ય પહેલી વખત કોઈક સરકારના એજન્ડામાં સર્વોચ્ચ પ્રાથમિકતા બન્યું છે. લાંબા સમયથી દેશની એ આકાંક્ષા રહી છે કે દેશમાં સ્વાસ્થ્યનું એવું આધુનિક તંત્ર હોય કે જે ગરીબથી ગરીબની પણ ચિંતા કરતું હોય. એક એવી સ્વાસ્થ્ય વ્યવસ્થા હોય કે જે ગરીબના સ્વાસ્થ્યની ચિંતા કરે, ગરીબને બીમારીઓથી બચાવે, બીમારી આવી તો તેની ઉત્તમ સારવાર સુલભ કરાવે. સારા સ્વાસ્થ્ય સુવિધા તંત્રનો અર્થ માત્ર ચાર દિવાલો બનાવવાનો નથી થતો. કોઈ પણ દેશનું સ્વાસ્થ્ય તંત્ર ત્યારે જ મજબૂત થાય છે કે જ્યારે તે દરેક રીતે ઉકેલ આપે, ડગલેને પગલે તેનો સાથ આપે. તેથી વીતેલા 11 વર્ષોમાં દેશમાં સમગ્ર સ્વાસ્થ્ય દેખભાળને સર્વોચ્ચ પ્રાથમિકતામાં રખાઈ છે ભારતમાં સ્વાસ્થ્ય ક્ષેત્રમાં જેટલું કામ છેલ્લા 11 વર્ષમાં થયું છે એટલું છેલ્લા 70 વર્ષમાં પણ નથી થયું.*

*જે દેશના નાગરિક, જેટલા સ્વસ્થ હશે, તે દેશની પ્રગતિની ગતિ પણ ઝડપી હશે. આ વિચાર સાથે પોતાના નાગરિકોના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપતા કેન્દ્ર સરકારે 2017ની આરોગ્ય નીતિથી યુનિવર્સલ હેલ્થકેરની નવી શરૂઆત કરી. આજે સ્વાસ્થ્યના ક્ષેત્ર માટે ગરીબમાં ગરીબને આરોગ્ય સુવિધા માટે દેશ એક નહીં, પરંતુ હજારો કરોડ રૂપિયાના રેકોર્ડ રોકાણની સાથે કામ કરીને 6 મોરચા પર દેશની સ્વાસ્થ્ય સુવિધાઓને મજબૂત બનાવી રહ્યા છે.*



## 11 વર્ષમાં આરોગ્ય ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો

### વિક્રમી સંખ્યાં એમ્સ અને મેડિકલ હોસ્પિટલો બની, આરોગ્ય પર બોજો ઘટ્યો, સુકુન અને સુરક્ષા વધી




- **પહેલો મોરચો-** પ્રિવેન્ટિવ હેલ્થકેરને વેગ આપવાનો.
- **બીજો મોરચો-** ગામે ગામમાં નાની અને આધુનિક હોસ્પિટલ ખોલવાનો.
- **ત્રીજો મોરચો-** શહેરોમાં મેડિકલ કોલેજ અને મેડિકલ રિસર્ચ વાળા મોટી સંસ્થાન ખોલવાનો.
- **ચોથો મોરચો-** સમગ્ર દેશમાં ડોક્ટરો અને પેરામેડિકલ સ્ટાફની સંખ્યા વધારવાનો.
- **પાંચમો મોરચો-** દર્દીઓને સસ્તી દવાઓ, સસ્તા ઉપકરણ ઉપલબ્ધ કરાવાનો.
- **છઠ્ઠો મોરચો-** ટેક્નોલોજીનો ઉપયોગ કરીને દર્દીઓને થનારી મુશ્કેલી ઓછી કરવાનો.

માત્ર સારવાર જ નહીં, જે લોકો ગરીબીની રેખાની બહાર નીકળ્યા છે તે કોઈ પણ રીતે પાછા ગરીબીની રેખાની નીચે ન જાય તેના માટે હોસ્પિટલની બહાર આવ્યા બાદની સુવિધાઓનું પણ ધ્યાન સરકાર રાખી રહી છે. તેથી મફત અનાજની યોજના સતત જારી છે. કેન્દ્ર સરકારના પ્રયાસોનું જ પરિણામ છે કે 25 કરોડ લોકો ગરીબીની રેખાની બહાર નીકળ્યા છે અને નવ મધ્યમ વર્ગનું નિર્માણ થયું છે.

### સ્વાસ્થ્ય સુરક્ષામાં સાર્વભૌમિક રસીકરણનું યોગદાન

સ્વાસ્થ્ય સેવા છેલ્લા 11 વર્ષમાં ભારતના સૌથી પરિવર્તનકારી ક્ષેત્રોમાંની એક બની ગઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મજબૂત નેતૃત્વમાં દેશને રસીકરણ અને રોગના નિરાકરણમાં સતત પ્રગતિ જોઈ છે. આદિવાસી ગામોના નવજાત શિશુઓથી લઈને શહેરોના શાળાના બાળકો સુધી સરકારનો ઉદ્દેશ્ય દેશના દરેક ખૂણા સુધી પહોંચાડવા અને કોઈને પાછળ ન છોડવાનો રહ્યો છે. 2014થી અગાઉ ભારતમાં રસીકરણનું ઓછું કવરેજ, ટીબીનો ઉચ્ચ દર, મહિલાઓ અને બાળકોમાં વ્યાપક મિજલ્સ, રૂબેલા તેમજ મેલેરિયા જેવા રોગો અંગે વારંવાર પ્રકોપ જેવા પડકારો હતા. આજે 2025 આવતા આવતા આ તસવીર બદલાઈ ગઈ છે, ભારત વિશ્વની સૌથી મહત્વાકાંક્ષી અને સફળ સ્વાસ્થ્ય મિશનમાંથી એક છે. પ્રધાનમંત્રી મોદીનું જનકેન્દ્રીત ગવર્નન્સ જલ, જેમાં સેવા, સમર્પણ અને બધાને સાથે લઈને ચાલવાની ભાવના સ્પષ્ટ જોવા મળે છે.

કેમ કે અગાઉ કરોડો બાળકો જીવન રક્ષક રસીથી વંચિત રહી જતા હતા, તેને ધ્યાનમાં રાખીને 2014માં મિશન ઈન્દ્રધનુષ્યની શરૂઆત કરાઈ. તે જ સમયે કોઈનું પણ રસીકરણ ન રહી જાય તે માટે ઓક્ટોબર 2024માં યૂ-વિન પોર્ટલની શરૂઆત કરવામાં આવી. હવે રસીકરણનો પૂરો રેકોર્ડ ડિજિટલ થઈ ગયો છે. લાઈવ ડેશબોર્ડ અને એસએમએસ એલર્ટની મદદથી હવે રસી આપવાની બાકી રહી જવાની ઘટનાઓ ઓછી થઈ ગઈ છે. જે રીતે આધારે ઓળખને પારદર્શી અને બધાને જોડનારી બનાવી એ જ રીતે યૂ-વિન પોર્ટલ રસીકરણને આસાન, પારદર્શી અને બધા સુધી પહોંચાડવાનું કામ કરી રહ્યું છે.

### ભારતના આયુષને વૈશ્વિક આયામ

ભારતના લાંબા સમયથી સમગ્ર ચિકિત્સા (હોલિસ્ટિક હેલ્થકેર)નું એક મુખ્ય કેન્દ્ર રહ્યું છે જ્યાં આયુર્વેદ અને યોગ જેવા પારંપરિક ચિકિત્સા વ્યવસ્થાઓ તેની પ્રાચીન સભ્યતા અને ગહન જ્ઞાન-પરંપરામાં ગહનતાથી જોડાયેલા છે. તેમ છતાં દાયકાઓ સુધી આ અમૂલ્ય જ્ઞાનને અગાઉની સરકારો દ્વારા નજરઅંદાજ કરાયું અને તેને મુલ્યવાનને બદલે જૂની માની લેવામાં આવ્યું. પરંતુ વર્તમાન કેન્દ્ર સરકારના દ્રષ્ટિકોણથી આ સ્થિતિ પૂરી રીતે બદલાઈ ગઈ. તેઓએ ભારતની પારંપરિક ચિકિત્સા વિરાસતને ગર્વ અને ઉદ્દેશ્યની સાથે પુનર્જીવિત કરી. એક ઐતિહાસિક ક્ષણ 11 ડિસેમ્બર 2024ના દિવસે

આવી, જ્યારે ભારતે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં એક નવો ઈતિહાસ રચી દીધો. આ દિવસે 177 દેશોએ મળીને 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરવાના પ્રસ્તાવનું સમર્થન કર્યું. આ માત્ર યોગને વૈશ્વિક માન્યતા પૂરતું મર્યાદિત ન હતું. આ એ ક્ષણનું પ્રતિક હતું કે જ્યારે ભારતે તેની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિરાસતને ફરીથી અપનાવી અને ગર્વપૂર્વક સમગ્ર વિશ્વને સમર્પિત કરી.

એક ધરતી-એક સ્વાસ્થ્યનું વૈશ્વિક મિશન

આરોગ્ય આપણી સંયુક્ત પ્રથમિકતાઓનો વધુ એક સ્તંભ છે. ભારતની સ્વાસ્થ્ય વીમા યોજના આયુષ્માન ભારત, લગભગ 60 કરોડ લોકોને કવર કરે છે. પરંતુ સ્વાસ્થ્ય પ્રત્યે ભારતની ચિંતા માત્ર ભારતીયો પૂરતી જ મર્યાદિત નથી. "એક ધરતી, એક સ્વાસ્થ્ય" નું ભારતનું મિશન, સ્વાસ્થ્યને એક સંયુક્ત વૈશ્વિક જવાબદારીના રૂપે નિહાળે છે. કોવિડ મહામારી દરમિયાન ભારત આફ્રિકાની સાથે ઊભું રહ્યું. આ દરમિયાન પણ રસી અને દવાઓ ઉપલબ્ધ કરાવી. "આરોગ્ય મૈત્રી" પહેલમાં પણ ભારતે આફ્રિકાને પ્રશિક્ષણ, હોસ્પિટલ, ઉપકરણ અને દવાઓ દ્વારા સહયોગ કર્યો હતો. ભારત કેન્સરની ઉમદા દેખભાળ માટે નામિબિયાને ભાભાટ્રોન રેડિયોથેરાપી મશીનની આપૂર્તિ કરવા તૈયાર છે. ભારતમાં વિકસિત આ મશીનનો ઉપોયગ 15 દેશોમાં કરવામાં આવી ચુક્યો છે. આ મશીને લગભગ 5 લાખ ગંભીર કેન્સર રોગીઓની મદદ કરી છે.

નિઃશંકપણે આયુષ્માન ભારત યોજના, વિકસિત ભારતના લક્ષ્યની દિશામાં એક સ્વાસ્થ્ય ક્રાંતિ છે. ખરેખર અધ્યયન જણાવે છે કે બહેતર સ્વાસ્થ્ય સેવાથી જીવન પ્રત્યાશામાં એક વર્ષની પણ વૃદ્ધિ માત્રથી જીડીપીમાં ચાર ટકા સુધીની વૃદ્ધિ થાય છે. એવામાં આયુષ્માન ભારત યોજના જ્યારે આઠમા વર્ષમાં પ્રવેશ કરી રહી છે ત્યારે પણ તેનો મુખ્ય ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે કોઈ પણ ભારતીય ને સ્વાસ્થ્ય સંકટમાં એકલો ન છોડવામાં આવે. આ યોજના વિવિધતાથી સભર મોટી વસ્તી ધરાવતા દેશ માટે કેટલું મહત્વપૂર્ણ છે. તેને સહજતાથી સમજી શકાય છે. દેશ અને દેશનું નેતૃત્વ આજે સંકલ્પિત છે કે આપણા દેશના ગરીબ અને મધ્યમ વર્ગને મોંઘી સારવારના બોજ હેઠળથી બહાર કાઢીને જ જંપવાનું છે. આજે દેશ એ દિશામાં ઝડપથી આગળ વધી રહ્યો છે. આ બદલાવ એ આશાનું પ્રતિક છે કે જ્યાં પ્રત્યેક જીવન મહત્વપૂર્ણ હોય અને સારવાર કોઈનું સપનું ન બને. આયુષ્માન ભારતે સમાવેશી અને યુનિવર્સલ હેલ્થ કેરનું એવું વૈશ્વિક મોડલ બનાવી દીધું છે કે જ્યાં રાષ્ટ્ર સ્વતઃ કહી રહ્યું છે.

**- આયુષ્માન ભવઃ** ■

**2014 અગાઉ હેલ્થકેર એક ઉપેક્ષિત ક્ષેત્ર હતું. આજે ભલે તમે અમીર હો કે ગરીબ, દૂર દૂરના અંતરિયાળ ગામમાં રહેતા હો કે મેટ્રો શહેરમાં, તમે એક એવી સિસ્ટમનો હિસ્સો છો જે ક્વોલિટી હેલ્થકેરની ગેરન્ટી આપે છે. આ પીએમ મોદીના નેતૃત્વમાં નવું ભારત છે જે ઝડપથી 'વિકસિત ભારત 'માં બદલાઈ રહ્યું છે જ્યાં હેલ્થકેર બધાના માટે છે.**

**જે.પી. નડ્ડા,**
**કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી**



# બિહારના મહિમાને યાદ કરીને વિકાસનો સંદેશ...



**ગયાજી ભારતની સનાતન આસ્થાનું પ્રતિક છે તો આધ્યાત્મિક અને સાંસ્કૃતિ વારસાનું જીવંત ઉદાહરણ પણ છે. ભગવાન વિષ્ણુના વરદાનને કારણે તેને મોક્ષની ધરતી કહેવામાં આવી તો ભગવાન બુદ્ધને જ્ઞાનનો બોધ કરાવવા બદલ બોદ્ધગયા... આ પવિત્ર ધરતીના મહત્વ-ગૌરવને યાદ કરીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 22મી ઓગસ્ટે ગયાજીથી બિહારને આપી 12 હજાર કરોડ રૂપિયાથી વધારેની આર્થિક ભેટ...**

વારસાની સાથે વિકાસ આજે નવા ભારતના વિકાસનો મૂળમંત્ર બન્યો છે તો આધુનિક માળખાકીય સુવિધા તેની ઓળખ. વિકસિત ભારતના સંકલ્પપથ પર આગળ વધતી આ યુગ ગાથામાં એક વધુ નવો અધ્યાય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગયાજીમાં ઉમેર્યો. ભારતના સાંસ્કૃતિક વારસાના પ્રતિક સમાન આ પવિત્ર ધરતી પર 12 હજાર કરોડ રૂપિયાથી વધારે વિકાસ પરિયોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ઊર્જા, સ્વાસ્થ્ય અને શહેરી વિકાસ સાથે જોડાયેલી આ પરિયોજનાઓથી બિહારના ઉદ્યોગોને તાકાત મળશે. યુવાનો માટે નોકરી-રોજગારની નવી તકો પણ પેદા થશે. વિકસિત ભારત માટે વિકસિત બિહારની જરૂરિયાત પર પોતાના દ્રષ્ટિકોણનો ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રી મોદીએ છેલ્લા 11 વર્ષમાં આવેલા પરિવર્તન પર વાત કરી તો સાથે ગરીબોના જીવનમાંથી મુશ્કેલીઓ દૂર કરવા અને મહિલાઓના જીવનને સરળ બનાવવા માટેની પોતાની કટિબદ્ધતાનો પણ ઉલ્લેખ કર્યો. વાંચો પ્રધાનમંત્રી મોદીના ભાષણની પાંચ મોટી વાતો આ નવું ભારત જ છે કે જે આજે એક તરફ આધુનિક માળાખાકીય વ્યવસ્થાના નિર્માણના રોજ નવા પરિમાણો સ્થાપિત કરી રહ્યું

**1. સુવિધા, સુરક્ષા અને સન્માનની ગેરંટી...**

છેલ્લા 11 વર્ષમાં 4 કરોડથી વધારે ગરીબોને પાક્કા ઘર બનાવી આપવામાં આવ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે એકલા બિહારમાં 38 લાખથી વધારે ઘર બનાવવામાં આવ્યા છે. ગયાજી જિલ્લામાં પણ 2 લાખથી વધુ પરિવારને પોતાના પાક્કા ઘર મળ્યા છે. આ ઘરોની સાથે અમે ગરીબોને પોતાનું સ્વાભિમાન પણ આપ્યું છે. આ ઘરોમાં વિજળી, પાણી, શૌચાલય અને ગેસ કનેક્શનની સુવિધાઓ પણ આપી છે. એટલે કે ગરીબ પરિવારોને પણ સુવિધા, સુરક્ષા અને સન્માનથી જીવવાની ગેરંટી મળી છે.

**2. બિહારની ધરતીથી ઓપરેશન સિંદૂરનો સંકલ્પ સિધ્ધ..**

જમ્મુ-કશ્મીરના પહેલગામમાં કાયરોની જેમ કરાયેલા આતંકી હુમલાઓ પછી મધુબનીમાં આયોજિત કાર્યક્રમમાં પોતાના સંબોધનને યાદ કરતાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે બિહાર ચંદ્રગુપ્ત મૌર્ય અને ચાણક્યની ધરતી છે. જ્યારે જ્યારે કોઈ દુશ્મનોએ ભારતને ધમકીઓ આપી છે કે પડકાર ફેંક્યો છે ત્યારે બિહાર દેશની ઢાલ બનીને ઉભું રહ્યું છે. જ્યારે પહેલગામમાં આતંકી હુમલો થયો હતો, આપણાં નિર્દોષ નાગરિકોને ધર્મ પૂછીને મારવામાં આવ્યા, મેં બિહારની આ જ ધરતી પરથી આતંકવાદીઓને નેસ્તનાબૂદ કરવાની વાત કરી હતી. આજે દુનિયા જોઈ રહી છે, બિહારની આ ધરતી પરથી કરેલો સંકલ્પ પૂરો થઈ ગયો છે. ઓપરેશન સિંદૂરે ભારતની રક્ષા નીતિની નવી રેખા ખેંચી દીધી છે.

**3. ભ્રષ્ટાચાર હવે સહન નહી થાય**

ભ્રષ્ટાચારની વિરુદ્ધ પોતાની લડાઈનો ઉલ્લેખ કરતાં પીએમ મોદીએ કહ્યું કે 2014થી પ્રધાનમંત્રી તરીકે શરૂ થયેલા સેવાકાળમાં ભ્રષ્ટચારનો એક દાગ લાગ્યો નથી તેમણે કહ્યું કે






### 4. હવે પ્રગતિના નવા માર્ગ પર બિહાર

કયારેક અશિક્ષિત અને બેરોજગારીને કારણે પલાયનનો ડંખ સહન કરનારા રાજ્યથી હવે પ્રગતિના નવા માર્ગ પર ચાલી રહેલા બિહારની વિકાસયાત્રાનું રેખાચિત્ર રજૂ કરીને પ્રધાનમંત્રી મોદીએ લોકોને જૂના સમયની યાદ અપાવી હતી. તેમણે કહ્યું કે એક મુખ્યમંત્રીએ મંચ પરથી કહી દીધું હતું કે પોતાના રાજયમાં બિહારના લોકોને ઘૂસવા નહી દઈએ. આવી ગતિવિધિઓ આવા અભિયાનનો જવાબ સરકાર હવે બિહારના વિકાસની સાથે આપી રહી છે. વીતેલા વર્ષોની જૂની મુશ્કેલીઓના સમાધાન શોધવામાં આવ્યા છે તો નવી પ્રગતિ માટેના રસ્તા પણ બનાવ્યા છે. બિહારના દિકરા-દિકરીઓને અહીં જ રોજગાર મળે, સન્માનની જીદંગી જીવવા મળે, માતા-પિતાની દેખરેખ કરી શકે, આ વિચાર સાથે સરકાર કામ કરી રહી છે.

બંધારણ દરેક જનપ્રતિનિધિ પાસે ઈમાનદારી અને પારદર્શક્તાની અપેક્ષા રાખે છે. એટલા માટે અમારી સરકાર એક કડક ભ્રષ્ટાચાર વિરોધી કાયદો લાવી રહી છે. આ કાયદાના ક્ષેત્રમાં પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી અને મંત્રી પણ આવશે. કદાચ કોઈ જેલમાં જાય તો 30 દિવસમાં જામીન લેવા પડશે, નહિંતર 31મા દિવસે ખુરશી છોડવી પડશે. તેમણે કહ્યું કે આજે કાયદો છે કે જો કોઈ નાના સરકારી કર્મચારીને 50 કલાક સુધી જેલમાં રાખવામાં આવે તો તે આપોઆપ સસ્પેન્ડ થઈ જાય છે, પરંતુ જો કોઈ મુખ્યમંત્રી છે, કોઈ મંત્રી છે, કોઈ પ્રધાનમંત્રી છે તો તે જેલમાં રહીને પણ સત્તાનું સુખ મેળવી શકે છે, આ કેવી રીતે બની શકે ?

### 5. ભારતની વ્યવસ્થા-સુવિધાઓ પર ભારતીયોનો અધિકાર

દેશની જનસંખ્યા એટલે કે ડેમોગ્રાફિક ફેરફારનો ઉલ્લેખ કરતાં પીએમ મોદીએ કહ્યું કે, આ જોખમ બિહાર પર પણ છે, દેશમાં ઘૂસણખોરોની વધતી સંખ્યા ચિંતાનો વિષય છે. બિહારના સરહદી જિલ્લાઓમાં ઝડપથી ડેમોગ્રાફી-જનસંખ્યાશાસ્ત્ર બદલાઈ રહી છે. એટલા માટે એનડીએ સરકારે નક્કી કર્યું છે કે દેશનું ભવિષ્ય ઘૂસણખોરોને નક્કી કરવા નહીં દઈએ. ઘૂસણખોરોને બિહારના યુવાનોની રોજગારી ઝૂંટવી લેવા નહીં દઈએ. જે સુવિધા પર ભારતીય લોકોનો અધિકાર છે તેના પર ઘૂસણખોરોને કબજો કરવા નહીં દઈએ. આ સમસ્યા સામે લડવા માટે મેં ડેમોગ્રાફી મિશન શરૂ કરવાની વાત કરી છે. ખૂબ ઝડપથી આ મિશન પોતાનું કામ શરૂ કરશે, અમે દરેક ઘૂસણખોરોને દેશની બહાર કાઢીને જ રહીશું.



# બિહારની સમૃદ્ધિનો મહાસેતૂ: ઔંટા-સિમારિયા પુલ સહિત ઘણી ભેટો



**1,870** કરોડ રૂપિયાથી વધારેની કિંમતથી બન્યો

**8.15** કિમી. લાંબો બ્રિજ છે.

- મોકામાના ઔંટા અને બેગૂસરાયના સિમરિયાની વચ્ચે નવા પુલના નિર્માણથી મધુબની, સુપૌલ, અરરિયા, બેગૂસરાયને દક્ષિણી બિહારના શેખાપુર, નવાદા, લખીસરાયની સાથે સારા રસ્તાની કનેક્ટિવિટી મળશે. તેમાં ગંગા નદી પર 1.86 કિલોમીટર લાંબો 6 લેન ધરાવતો પુલ પણ સામેલ છે.
- જૂના જર્જરિત રાજેન્દ્ર પુલને ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યો હતો. જેને કારણે 100 કિલોમીટરનું અંતર વધી ગયું હતું. હવે આ અંતર માત્ર 8 કિમીનું થશે. ટ્રાફિકજામથી મુક્તિ મળશે. બરૌની થર્મલ પ્લાન્ટ, રિફાઈનરી, સુધા ડેરી સહિત સ્થાનિક ઉદ્યોગો અને ખેતી ક્ષેત્રને મજબુતી મળશે.

- ગયાજી અને દિલ્હીની વચ્ચે અમૃત ભારત એક્સપ્રેસ અને વૈશાલી અને કોડરમાની વચ્ચે બૌદ્ધ સર્કિટ ટ્રેનને લીલી ઝંડી. જેનાથી આધુનિક સુવિધાઓ, આરામ અને સુરક્ષાની સાથે સાંસ્કૃતિક ધરોહરને વૈશ્વિક પટલ પર ઓળખ મળશે.
- બકસરમાં લગભગ 6900 કરોડ રૂપિયાની 1320 મેગાવોટની તાપ વિદ્યુત પરિયોજનામાંથી 660 મેગાવોટ ક્ષમતાના પહેલા તબક્કાનું ઉદઘાટન. જેનાથી રોજગારની તકો, ઔધોગિક વિકાસ અને મૂળભૂત માળખાકીય વિકાસને ગતિ મળશે.
- મુઝફ્ફરપુરમાં હોમી ભાભા કેન્સર હોસ્પિટલ અને અનુસંધાન કેન્દ્રનું ઉદઘાટન. અહીં ઑન્કોલોજી ઓપીડી, આઈપીડી વૉર્ડ, ઓપરેશન થિએટર, આધુનિક પ્રયોગશાળા, બ્લડબેંક અને 24 બેડ સાથેનું આઈસીયુ અને એચડીયુ સામેલ
- અત્યાધુનિક સુવિધા ધરાવતી આ હોસ્પિટલ બિહાર અને આખા પૂર્વ ભારતના દર્દીઓ માટે આશાનું નવુ કિરણ બનશે. નાના અને મધ્યમવર્ગીય પરિવારો માટે સૌથી મોટો આધાર બનશે.



**પીએમ આવાસ યોજનામાં 1600થી વધુ પરિવારોને મળ્યા ઘરો.**

શહેરી વિસ્તારોમાં **4,260** | ગ્રામીણ વિસ્તારોમાં **12,000**

લાભાર્થીઓને ગૃહ પ્રવેશ કરાવ્યો

**પાંચ મુખ્ય લાભાર્થીઓને પ્રતિકાત્મક રૂપથી ઘરોની ચાવીઓ સોંપી**

**જલ પરિયોજનાઓ..**

નમામી ગંગે કાર્યક્રમ અંતર્ગત મુંગેરમાં એસટીપી અને સીવરેજ નેટવર્ક યોજના, ઔરંગાબાદ, બૌદ્ધગયા અને જહાનાબાદને જલઆપૂર્તિ - જલ વ્યવસ્થા પરિયોજનાની ભેટ મળી

- એચએચ 31, બખ્તિયારપુરથી મોકામા સુધી ચાર લાઈન રોડનું ઉદઘાટન

છે અને અંત્યોદયના વિચાર સાથે ગરીબ, મહિલાઓ, ખેડૂતો અને યુવાનોને સન્માન અને ગૌરવ સાથે જીવવાનો અધિકાર આપી રહ્યું છે. જયાં વારસાને સંભાળવાનો સંકલ્પ પણ છે અને નવ નિર્માણનું સામાર્થ્ય પણ છે. જયાં દરેક રાજયના વિકાસમાં દરેકની ભાગીદારીથી વિકસિત ભારતના નિર્માણનું લક્ષ્ય છે. વિકસિત ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ વિઝનની સાથે આજે બિહાર પણ આગળ વધી રહ્યું છે. આ માટે કેન્દ્ર સરકાર બિહારના યુવાનોના સપના પૂરા કરવાની સાથે લોકોની અપેક્ષાઓને નવી ઉંચાઇ આપવાના માર્ગ પર આગળ વધી રહ્યા છીએ. ■

પ્રધાનમંત્રીનો સંપુર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કૅન કરો.

# આત્મનિર્ભર ભારત અભિયાનની
# ગતિ વધારતું ગુજરાત



**ભારતનાં ઔદ્યોગિક વિકાસની ધરી બનેલું ગુજરાત છેલ્લાં લગભગ ત્રણ દાયકાથી વિશ્વકક્ષાના મૂળભૂત માળખાં, ઉદ્યોગને અનુકૂળ નીતિઓ અને મજબુત લોજિસ્ટિક્સ નેટવર્કને કારણે દેશી અને વિદેશી રોકાણકારો માટે મનપસંદ સ્થાન બની ગયું છે. છેલ્લાં કેટલાક વર્ષોમાં ગુજરાતે કેટલાંક મોટા કોર્પોરેટ હાઉસને તો આકર્ષિત કર્યાં જ છે પરંતુ સાથે સાથે જ મેન્યુફેક્ચરિંગ, રિન્યુએબલ એનર્જી અને સ્ટાર્ટ અપ ક્ષેત્રમાં પણ અભૂતપૂર્વ રોકાણ જોવા મળ્યું છે. તેને જ આગળ વધારતાં બાપુની ધરતી પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 5400 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યાં...**

કહેવાય છે કે ગામડાં, ગરીબ, ખેડૂત, મહિલાઓ અને મધ્યમ વર્ગની પીડા એ જ સમજી શકે છે, જેણે પોતે તેમની વચ્ચે સંઘર્ષની આગમાં તપીને રસ્તો બનાવ્યો હોય. વડનગર જેવાં નાનાં ગામમાંથી ગુજરાતના મુખ્યમંત્રી અને પછી પ્રધાનમંત્રી પદ સુધીની સફર ખેડનારા પીએમ નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના વિઝનમાં પણ ભૂતકાળના સંઘર્ષ અને પડકારો સાથે

સંકળાયેલા ઘણા અનુભવોનો સમાવેશ થાય છે. વર્ષ 2001માં વિનાશક ભૂકંપ બાદ મુખ્યમંત્રી તરીકે ધ્રુજી ગયેલી અર્થવ્યવસ્થાઓ વચ્ચેથી માર્ગ કાઢીને ગુજરાતને દેશના વિકાસ મોડલ તરીકે સ્થાપિત કરવાની દિશામાં ઉઠાવેલા નક્કર પગલાં પણ તેમના દૃષ્ટિકોણને સમજાવા માટે પૂરતાં છે. ગુજરાતમાંથી મળેલી શીખ અને દેશના વિકાસ સાથે રાજ્યના વિકાસના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનની એ ઝલક 25 અને 26 ઓગસ્ટની તેમની બે દિવસની મુલાકાત દરમિયાન પણ જોવા મળી. પીએમ મોદીએ કહ્યું કે આજે એ સંયોગ બની રહ્યો છે કે ગુજરાતે મને જે શીખવ્યું, તે દેશના વિકાસના કામ આવે છે. પોતાની યાત્રાના પ્રથમ દિવસે તેમણે અમદાવાદમાં 5400 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યો, જેમાં રેલવે સાથે જોડાયેલી 1400 કરોડની યોજનાઓનો પણ સમાવેશ થાય છે. જ્યારે બીજા દિવસે હાંસલપુરમાં ગ્રીન મોબિલિટી પહેલ અંતર્ગત સુઝુકીની ભારતમાં ઉત્પાદિત પહેલી ઈલેક્ટ્રિક કારને લીલી ઝંડી દર્શાવવાની સાથે ટીડીએસજી લિથિયમ-આયર્ન બૅટરી સંયંત્રમાં હાઈબ્રિડ બૅટરી ઈલેક્ટ્રોડના ઉત્પાદનની પણ શરૂઆત કરી.

ઔદ્યોગિક વિકાસની સાથે આત્મનિર્ભર ભારતમાં ગુજરાતનાં યોગદાનનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે એક સમયે લોકો આ રાજ્ય પાસે કશું જ ન હોવાનો ટોણો મારતા હતા પરંતુ હવે દરેક પ્રકારની ઈન્ડસ્ટ્રીનો વિકાસ ગુજરાતની ધરતી પર થઈ રહ્યો છે. દાહોદની ફેક્ટરીમાં શક્તિશાળી ઈલેક્ટ્રોનિક લોકોમોટિવ એન્જિન બની રહ્યાં છે. મેટ્રો કૉચ અન્ય દેશોમાં એક્સપોર્ટ થઈ રહ્યા છે. મોટર સાઈકલ અને કારનું ઘણી મોટી સંખ્યામાં ઉત્પાદન થઈ રહ્યું છે. વિમાનના પાર્ટ બનાવવા અને તેમના એક્સપોર્ટ પછી હવે વડોદરામાં ટ્રાન્સપોર્ટ એર ક્રાફ્ટ બનાવવાનું કામ શરૂ થયું છે. ભારતની સૌર, પવન અને પરમાણુ ઊર્જા ક્ષમતામાં ગુજરાતનો ઘણો મોટો હિસ્સો છે. ઈલેક્ટ્રિક વાહનના ઉત્પાદનનું પણ ગુજરાત મોટું કેન્દ્ર બની રહ્યું છે. સ્ટૅચ્યુ ઓફ યુનિટી તરીકે ગુજરાતના કેવડિયામાં આવેલું સરદાર વલ્લભભાઈ પટેલનું ભવ્ય સ્મારક દેશ અને દુનિયા માટે પ્રેરણાનું કેન્દ્ર બન્યું છે. અમદાવાદમાં સાબરમતી નદી, જે એક સુકાઈ ગયેલું નાળું હતું, ત્યાં હવે સાબરમતી રિવરફ્રન્ટ તેનું ગૌરવ વધારે છે.

અમદાવાદમાં આયોજિત સભામાં પીએમ મોદીએ ગુજરાતની ગૌરવમયી ગાથાનું સ્મરણ કરાવ્યું. તેમણે સંદેશ આપ્યો કે આ ધરતી બે મોહનની ધરતી છે. એક સુદર્શન ચક્રધારી મોહન એટલે




## બાપુની ધરતી પરથી ફરી સ્વદેશીનો સંદેશો

**પીએમ બોલ્યા – આ તહેવારોમાં માત્ર સ્વદેશી જ ખરીદો**

નવરાત્રિ, વિજયા દશમી, ધનતેરસ અને દિવાળીના આવનારા તહેવારોનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ ફરી એક વખત કહ્યું કે આપને આગ્રહ કરું છું, પોતાનાં જીવનમાં એક મંત્ર બનાવી લો..અમે જે પણ ખરીદીશું, એ મેડ ઈન ઈન્ડિયા જ હશે, સ્વદેશી હશે. હું વેપારીઓને કહેવા માગું છું, આ દેશને આગળ વધવામાં તમે ઘણું મોટું યોગદાન આપી શકો છો. તમે નક્કી કરી લો, વિદેશી માલ નહીં વેચીએ અને ઘણાં ગર્વ સાથે બોર્ડ લગાવો કે મારે ત્યાં સ્વદેશી ચીજ જ વેચાય છે.

## ગુજરાતમાં નંખાયો 'બેટી બચાવો, બેટી પઢાઓ'નો પાયો

પીએમ મોદીએ સરદાર ધામ ગર્લ્સ હોસ્ટેલના બીજા તબક્કાનો શિલાન્યાસ કર્યો. તે દરમિયાન તેમણે એક વીડિયો સંદેશના માધ્યમથી રાજ્યના મુખ્યમંત્રી તરીકે પોતાના કાર્યકાળની એ ઉપલબ્ધિઓને પણ યાદ કરાવી, જે આગળ જઈને બેટી બચાવો- બેટી પઢાઓ ઝુંબેશનો પાયો બની. પીએમ મોદીએ કહ્યું કે એ વખતે રાજ્યમાં દિકરીઓને શાળાએ ન મોકલવી, ડ્રોપ આઉટ રેશિયો ઘણો વધારે હોવા જેવા પડકારો હતા. સ્કૂલોની સુવિધાઓથી લઈને તમામ સુવિધાઓ વધારી. ભ્રુણ હત્યાનાં કલંકને મિટાવવા માટે આંદોલન શરૂ કર્યું. શક્તિના ઉપાસક ગુજરાતમાં દિકરો-દિકરી એક સમાન એવી ઝુંબેશ મજબુત બની. ગુજરાતમાં રોપાયેલું આ બીજ - બેટી બચાઓ-બેટી પઢાઓ રૂપે જન આંદોલન બની ચૂક્યું છે.






# મેક ઈન ઈન્ડિયામાં નવો અધ્યાય

## હવે 100થી વધુ દેશોને ગુજરાતમાંથી ઈલેક્ટ્રિક વાહનોની નિકાસ થશે

ગુજરાતના હાંસોલપુરમાં જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુઝુકીની ભારતમાં ઉત્પાદિત પહેલી બૅટરી ઈલેક્ટ્રોનિક વ્હિકલ ઈ-વિટારાને લીલી ઝંડી દર્શાવી ત્યારે મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડની ભારતની યાત્રામાં 26મી ઓગસ્ટે વધુ એક નવો અધ્યાય જોડાયો. ભારતમાં ઉત્પાદિત આ ગાડીઓની યુરોપ અને જાપાન જેવા ઊંચા બજારો સહિત 100થી વધુ દેશોમાં નિકાસ કરવામાં આવશે. આ સિદ્ધિ સાથે ભારત હવે સુઝુકીના ઈલેક્ટ્રોનિક વાહનોનાં વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે કામ કરશે. 2012માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પીએમ મોદીએ જ આ પ્લાન્ટના પાયા નાંખ્યા હતા. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું કે ભારત પાસે લોકશાહીની મજબુતાઈ, જનસંખ્યાનો લાભ અને કુશળ કાર્યશક્તિનો પણ એક વિશાળ ભંડાર છે જે દરેક ભાગીદાર માટે લાભકારક છે. સુઝુકી અહીં ઉત્પાદન કરે છે અને અહીં ઉત્પાદિત વાહનો જાપાનને નિકાસ કરવામાં આવે છે. આ ભારત-જાપાનના સંબંધોની મજબુતાઈ તો દર્શાવે જ છે પરંતુ સાથે સાથે વૈશ્વિક કંપનીઓના ભારતમાં વધતા વિશ્વાસને પણ દર્શાવે છે.

પ્રધાનમંત્રીનો સંપુર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કૅન કરો.

- પ્રધાનમંત્રીએ ટીડીએસજી લિથિયમ આયર્ન બૅટરી સંયંત્રમાં હાઈબ્રિડ બૅટરી ઈલેક્ટ્રોડના સ્થાનિક ઉત્પાદનની શરૂઆતની સાથે ભારતની બૅટરી ઈકોસિસ્ટમના આગળના ચરણનું પણ ઉદ્દઘાટન કર્યું.
- આ તોશિબા, ડેન્સો અને સુઝુકીનું સંયુક્ત ઉત્પાદન છે.
- બૅટરી ઈલેક્ટ્રિક વ્હીકલની ઈકોસિસ્ટમનો સૌથી મહત્વનો ભાગ છે.
- કેટલાંક વર્ષો અગાઉ સુધી ભારતમાં બૅટરી સંપૂર્ણપણે આયાત થતી હતી. ઈવી ઉત્પાદનને મજબુત બનાવવા માટે ભારત તેનું ઉત્પાદન પણ કરે તે જરૂરી હતું.
- આ જ વિઝનને લઈ 2017માં અહીં ટીડીએસજી બૅટરી પ્લાન્ટનો પાયો નંખાયો હતો. હવે ત્રણ જાપાની કંપનીઓ મળીને ભારતમાં પહેલી વખત સેલનું ઉત્પાદન કરશે.
- ભારતમાં બૅટરી સેલના ઈલેક્ટ્રોડ પણ સ્થાનિક સ્તર પર તૈયાર થશે.
- આ બાબત ભારતની આત્મનિર્ભરતાને નવી શક્તિ આપશે. તેનાથી હાઈબ્રિડ ઈલેક્ટ્રિક વ્હીકલ્સના કારોબારમાં વધુ તેજ ગતિ આવશે.

કે કૃષ્ણ અને બીજા ચરખાધારી મોહન એટલે કે સાબરમતીના સંત, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી. તેમનું કહેવું હતું કે સુદર્શન ચક્રધારી મોહને શીખવ્યું છે કે દેશ અને સમાજની રક્ષા કઈ રીતે કરી શકાય છે. ઓપરેશન સિંદૂર ભારતીય સેનાના શૌર્ય અને સુદર્શન ચક્રધારી મોહનના ભારતની ઈચ્છા શક્તિનું પ્રતિક બની ગયું છે. આ જ રીતે ચરખાધારી મોહને પણ ભારતની સમૃદ્ધિનો માર્ગ સ્વદેશીમાં જ બતાવ્યો હતો. તેથી હવે જ્યારે વિશ્વમાં આર્થિક સ્વાર્થનાં રાજકારણનો દોર છે, ગાંધીની ધરતીથી તેમણે ફરી સ્વદેશીનું આહવાન કર્યું અને લઘુ ઉદ્યોગો, નાના દુકાનદારો, ખેડુતો અને પશુપાલકોને આશ્વાસન આપ્યું કે કેન્દ્ર સરકાર તેમનું અહિત થવા દેશે નહીં. ભલે ગમે તેટલું દબાણ કરવામાં આવે, તેને સહન કરવાની પોતાની શક્તિ વધારશે. ■

પ્રધાનમંત્રીનો સંપુર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કૅન કરો.



# કોલકાતાના વિકાસને મેટ્રોની નવી ગતિ

***પશ્ચિમ બંગાળ માત્ર ભારતના સોનેરી ઈતિહાસની ગાથાનો જ એક હિસ્સો નથી પરંતુ સમૃદ્ધ ભવિષ્યનો પાયો પણ છે. આ જ કારણ છે કે કેન્દ્ર સરકાના 'પૂર્વોદયથી ભારત ઉદય'ના સંકલ્પમાં 'વિકસિત બાંગ્લા'નું વિઝન પણ સામેલ છે. આ જ વિઝન સાથે છેલ્લા 11 વર્ષમાં કેન્દ્ર સરકારે પશ્ચિમ બંગાળમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી પર નિરંતર કામ કર્યું છે. આ જ દિશામાં 22મી ઓગસ્ટે વધુ એક ડગલું ભરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોલકાતા મેટ્રો રેલના ત્રણ નવા ખંડ સહિત 5200 કરોડ રૂપિયાની ભેટ આપી છે.***

રાજધાની દિલ્હીના ચહલ-પહલવાળાં પ્લેટફોર્મથી લઈને સુરત અને ભોપાલની વિકસી રહેલી રેલવે લાઈન સુધી, મેટ્રો ચૂપચાપ એક નવા ભારતનો તાંતણો ગૂંથી રહી છે. તે તેજની સાથે સ્વચ્છ પણ છે. તે ભવિષ્યના ભારતની એવી જીવનરેખા છે, જેનાથી પ્રગતિપથ પર અગ્રેસર દેશ પોતાના જાહેર પરિવહનની કરોડરજ્જુ બનાવવા તરફ આગળ વધી રહ્યો છે. ત્યારે ભારતમાં મેટ્રોની શરૂઆતની ધરતી તરીકે ઓળખાતાં પશ્ચિમ બંગાળને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોલકાતા મેટ્રોના ત્રણ નવા ખંડોની ભેટ આપી. સાત નવા સ્ટેશનને જોડતા આ ખંડોની કુલ લંબાઈ 13.61 કિલોમીટર છે. હાવડા સ્ટેશનથી જોડાયેલા એક સબવેના ઉદઘાટનની સાથે તેમણે 6 લેન એલિવેટેડ કોના એક્સપ્રેસ-વેનો શિલાન્યાસ પણ કર્યો.

આધુનિક કનેક્ટિવિટીની દિશામાં પશ્ચિમ બંગાળને મળેલી આ યોજનાઓ સાથે નવા ભારતના નિર્માણમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મહત્વનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે વર્ષ 2030માં ભારત દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે. એવા સમયે કોલકાતા જેવા શહેરોની ભૂમિકા ઘણી મોટી છે. તેથી આ કાર્યક્રમનો સંદેશો મેટ્રોના ઉદઘાટન અને હાઈવેના શિલાન્યાસથી પણ મોટો છે. આ આયોજન એ વાતની સાબિતી છે કે આજનું ભારત કઈ રીતે પોતાનાં શહેરોની કાયાકલ્પ કરી રહ્યું છે. દરેક તે સાંભળીને ગર્વ



## કોલકાતામાં સાત ગણી સ્પીડથી વધ્યું મેટ્રો કૉરિડોર

## રેલ-હાઈવેને પણ તેજ ગતિ

કોલકાતામાં મેટ્રો યોજના 1972માં શરૂ થઈ હતી, 1984માં પહેલી 3.4 કિમીની લાઈન પર સેવાઓ શરૂ થઈ હતી. ત્યારથી લગભગ 70 કિમી મેટ્રો રેલનું નિર્માણ થઈ ચૂક્યું છે. વર્ષ 2027 સુધીમાં 130 કિમીનું મેટ્રો નેટવર્ક પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.




- ગયાં એક દાયકામાં પશ્ચિમ બંગાળમાં સંપૂર્ણ કે આંશિક રીતે લાગુ પડતી લગભગ 68 હજાર કરોડ રૂપિયાની 4,400 કિમીથી વધુની 42 રેલ યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે. તેમાંથી 1,702 કિમી લંબાઈને મંજૂરી પણ મળી ગઈ છે.
- પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રીય રાજમાર્ગની 286 કિમીની 34 યોજનાઓ પર કામ ચાલુ છે. જેનો ખર્ચ લગભગ 10,900 કરોડ રૂપિયા થશે.

### દેશમાં આ રીતે વધી રોડ, રેલવે, હવા અને પાણીમાં કનેક્ટિવિટી

| સેક્ટર | હવે 2025-25 | ત્યારે 2013-14 |
|---|---|---|
| મેટ્રો | 24 શહેર<br>1,050 કિમી લંબાઈ | 5 શહેર<br>248 કિમી લંબાઈ |
| મેટ્રો નિર્માણ | 6 કિમી મહિને | 680 મીટર મહિને |
| મેટ્રોમુસાફરો | 1.12 કરોડ દૈનિક | 28 લાખ દૈનિક |
| રેલ લાઈન વિદ્યુતિકરણ | 40 હજાર કિમી થી વધુ | 20 હજાર કિમી |
| એરપોર્ટ | 160 | 74 |
| જળમાર્ગ | 30 | 3 |



## આધુનિક કનેક્ટિવિટીને લાઈફ લાઈન

- કોલકાતા મેટ્રોને મળેલા ત્રણ નવા ખંડમાં એસ્પ્લેનેડ-સિયાલદાહ વચ્ચે 2.45 કિમી, નોઆપારાને જય હિંદ વિમાન બંદર સાથે જોડતો 6.77 કિમી અને રૂબી-બેલેઘાટા વચ્ચે 4.39 કિમીનો ખંડ સામેલ છે.
- નોઆપાડા-જયહિંદ વિમાન બંદર ખંડ દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝ આંતરરાષ્ટ્રીય હવાઈ મથક પહેલી વખત સીધી મેટ્રો સેવાથી જોડાયું છે. જ્યાં સડક માર્ગે જવામાં 45 મિનિટથી એક કલાકનો સમય લાગી જતો હતો આ વિસ્તારો સુધી પણ આ નવા ખંડોની મદદથી હવે મેટ્રો પહોંચી શકશે.
- 1200 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનનારો 7.2 કિલોમીટર લાંબો 6 લેનનો એલિવેટેડ કોના એક્સપ્રેસવે હાવડા, આસપાસના ગ્રામ્ય વિસ્તારો અને કોલકાતા વચ્ચે કનેક્ટિવિટી લાવશે.

## દેશના સંસાધનો પર માત્ર ભારતના નવયુવાનોનો અધિકાર

પ્રધાનમંત્રી મોદીએ વસતીના પડકારો અને ઘૂસણખોરોનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે આજે જે દેશોને વિકસિત કહેવાય છે, જેમની પાસે સંસાધનોની કોઈ કમી નથી, ત્યાં ઘૂસણખોરો વિરુદ્ધ ઝુંબેશ ચાલે છે. ભારત પાસે તો મર્યાદિત સંસાધનો છે. આપણે આપણા નવયુવાનોને રોજગાર આપવાનો છે, જે આપણી બહેનો-દિકરીઓ સાથે અત્યાચાર કરે છે, એવા ઘૂસણખોરોને અમે ભારતમાં રહેવા દઈશું નહીં.

કરે છે કે ત્રીજું સૌથી મોટું મેટ્રો નેટવર્ક હવે ભારતમાં છે. પીએમ મોદીએ કહ્યું કે 21મી સદીના ભારતને 21મી સદીની ટ્રાન્સપોર્ટ સિસ્ટમની પણ જરૂર છે. તેથી આજે દેશમાં રેલથી રોડ સુધી, મેટ્રોથી એરપોર્ટ સુધી આધુનિક ટ્રાન્સપોર્ટ સુવિધાઓ વિકસાવીને તેમને એક બીજા સાથે જોડવામાં આવી રહી છે.

પશ્ચિમ બંગાળ હવે દેશના એ રાજ્યોમાં સામેલ થઈ ગયું છે, જ્યાં રેલવેનું સો ટકા વિદ્યુતિકરણ થઈ ગયું છે. લાંબા સમયથી પુરુલિયાથી હાવડા વચ્ચે મેમુ ટ્રેનની માગને પણ ભારત સરકારે પૂરી કરી દીધી છે. પશ્ચિમ બંગાળના અલગ અલગ રૂટ પર 9 વંદે ભારત ટ્રેનના સંચાલનની સાથે 2 અમૃત ભારત ટ્રેન પણ ચાલે છે.

કોલકાતામાં આયોજિત અન્ય એક જાહેરસભામાં પીએમ મોદીએ કહ્યું કે જ્યાં સુધી પશ્ચિમ બંગાળનું સામર્થ્ય નહીં વધે ત્યાં સુધી વિકસિત ભારતની યાત્રા સફળ થઈ શકશે નહીં. "અમે કહીએ છીએ, બાંગ્લાર ઉદોય તબેઈ, વિકાશિતો ભારોતેર જૉય!" આથી જ છેલ્લા 11 વર્ષમાં કેન્દ્ર સરકારે અહીંના વિકાસ માટે સતત દરેક પ્રકારની મદદ કરી છે. ■

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કૅન કરો.

# વિકસિત રાષ્ટ્રનો આધાર
# આત્મનિર્ભર ભારત




**ભારતની અર્થવ્યવસ્થા વૈશ્વિક સ્તરે આજે મજબૂત આધારસ્તંભ બની છે. એક તરફ જ્યાં વિશ્વમાં આર્થિક અનિશ્ચિતા ફેલાયેલી છે, ત્યારે ભારતની અર્થવ્યવસ્થા સ્થિરતાની સાથે ઝડપથી આગળ વધી રહી છે. છેલ્લા એક દાયકામાં ભારત સરકારની નીતિઓનું જ પરિણામ છે કે નિષ્ણાત પણ નજીકના ભવિષ્યમાં વૈશ્વિક વિકાસમાં ભારતનું યોગદાન 20% સુધી પહોંચવાની આશા વ્યક્ત કરી રહ્યા છે. 23મી ઓગસ્ટે આયોજીત ઈકોનોમિક ટાઈમ્સ વર્લ્ડ લીડર્સ ફોરમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મના મંત્ર સાથે વધી રહેલું ભારત સમયના પ્રવાહને બદલી નાખવાની ક્ષમતા ધરાવે છે...**

> **રિફોર્મ, પરફોર્મ, ટ્રાન્સફોર્મના મંત્ર પર ચાલી રહ્યું છે ભારત...આજે તે સ્થિતિમાં છે કે તે વિશ્વને ધીમા ગ્રોથથી બહાર કાઢી શકે છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

વૈશ્વિક અર્થવ્યવસ્થાની વર્તમાન સ્થિતિ જોતાં ભારતીય અર્થવ્યવસ્થાની મજબૂતી વધારે સ્પષ્ટ થઈ જાય છે. વર્તમાનમાં ભારત વિશ્વની સૌથી ઝડપથી આગળ વધી રહેલી મુખ્ય અર્થવ્યવસ્થા છે અને ઝડપથી ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહી છે. 23મી ઓગસ્ટે દિલ્હીમાં આયોજીત ઈકોનોમિક ટાઈમ્સ વર્લ્ડ લીડર્સ ફોરમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે જ્યારે કોઈ અર્થવ્યવસ્થાના આધારભૂત તત્વો મજબૂત હોય છે તો તેની અસર તમામ ક્ષેત્રોમાં જોવા મળે છે. દેશની અર્થવ્યવસ્થા મજબૂત થઈ રહી છે અને તેની સાથે રોજગારની તકો પણ વધી રહી છે. આને તે આંકડાથી પણ સમજી શકાય છે કે જૂન મહિનામાં ઈપીએફઓ ડેટાબેઝમાં 22 લાખ ઔપચારિક નોકરીઓ ઉમેરાઈ હતી, જે એક મહિનાની અત્યાર સુધીની સૌથી મોટી સંખ્યા છે. ભારતનો રિટેલ ઈન્ફ્લેશન 2017 બાદ પોતાના સૌથી નીચલા સ્તરે છે અને ભારતનો વિદેશી મુદ્રા ભંડાર અત્યાર સુધીના સૌથી ઊંચા સ્તરે પહોંચી ગયો છે વર્ષ 2014માં ભારતની સોલર

## આત્મનિર્ભરતાની સાથે વૈશ્વિક જરૂરિયાતોને પૂરું કરતું ભારત



### ભારતની ઈલેક્ટ્રોનિક્સ નિકાસ

આઝાદી બાદ 65 વર્ષમાં લગભગ **35** હજાર કરોડ રૂપિયા હતી.

જે હવે **3.25** લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

### ભારતની ઓટોમોબાઈલ નિકાસ



અગાઉ લગભગ **50** હજાર કરોડ રૂપિયા પ્રતિ વર્ષ હતી.

હવે એક વર્ષમાં **1.2** લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

- ભારત 100 દેશોને ઈલેક્ટ્રિક વાહનો નિકાસ કરીને વધુ એક સિદ્ધિ હાંસલ કરવા માટે તૈયાર છે.
- અનુસંધાન અને વિકાસ પર ખર્ચ 2014ની તુલનામાં બમણો વધારે થયો છે, જ્યારે નોંધવામાં આવેલી પેટન્ટની સંખ્યામાં 17 ગણો વધારો થયો છે.
- 1 લાખ કરોડ રૂપિયા વેલ્યુની એક અનુસંધાન વિકાસ અને નવાચાર યોજનાને મંજૂરી આપવામાં આવી.
- ગત વર્ષે ભારતે 4 લાખ કરોડ રૂપિયા મૂલ્યના ખેતી ઉત્પાદનોને નિકાસ કરવામાં આવે.
- ગત વર્ષે વૈશ્વિક સ્તરે 800 કરોડ વેક્સિન ડોઝમાંથી 400 કરોડ ભારતમાં બનાવવામાં આવી.

### ભારતના અંતરિક્ષ મિશન



**1979થી 2014 સુધી**
**42** મિશન સંચાલિત કરવામાં આવ્યા

**છેલ્લા 11 વર્ષોમાં**
**60** થી વધારે મિશન પૂરા કરવામાં આવ્યા છે.

2014માં ભારતમાં ફક્ત એક અંતરિક્ષ સ્ટાર્ટઅપ હતું, જ્યારે આજે **300** થી વધારે છે.

પીવી મોડ્યુલ ઉત્પાદન ક્ષમતા લગભગ 2.5 ગીગાવોટ હતી, જ્યારે હાલમાં તે 1,000 ગીગાવોટ સુધી પહોંચી ગઈ છે. દિલ્હી એરપોર્ટ, વૈશ્વિક એરપોર્ટના 100 મિલિયન (પેસેન્જર્સ) થી વધુના ક્લબમાં જોડાયું છે. વિશ્વભરમાં આવા ફક્ત છ એરપોર્ટ જ છે.

'બસ ચૂકી જવી' જેવા એક સામાન્ય વાક્યનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું હતું કે જો તકોનો લાભ લેવામાં ન આવે તો તે હાથમાંથી સરકી જાય છે. ભારતની ભૂતકાળની સરકારોએ ટેકનોલોજી અને ઉદ્યોગના ક્ષેત્રમાં આવી ઘણી તકો ગુમાવી દીધી હતી. તેમણે કહ્યું હતું કે આ કોઈની ટીકા નથી પરંતુ લોકશાહીમાં તુલનાત્મક વિશ્લેષણ ઘણી વાર પરિસ્થિતિને વધુ અસરકારક રીતે સ્પષ્ટ કરવામાં મદદ કરે છે. 2014 બાદ ભારતે પોતાનો અભિગમ બદલ્યો અને હવે કોઈ પણ તક ચૂકી ન જવાય તેવો સંકલ્પ લીધો છે. ભારતે ફક્ત મેડ ઈન ઈન્ડિયા 5G જ નથી બનાવ્યું, પરંતુ તેને દેશભરમાં સૌથી ઝડપી ગતિએ તૈનાત પણ કર્યું છે. હવે ભારત મેડ ઈન ઈન્ડિયા 6G ટેકનોલોજી પર ઝડપથી કામ કરી રહ્યું છે. ભારતમાં સેમિકન્ડક્ટર સંબંધિત ફેક્ટરીઓ સ્થાપિત થઈ રહી છે.

ભારતનું લક્ષ્ય લાંબી છલાંગ લગાવીને આગળ વધવાનું છે. પીએમ મોદીએ કહ્યું હતું કે ભારતમાં સુધારા કોઈ મજબૂરીથી કે કોઈ કટોકટીથી પ્રેરિત નથી. સુધારા ભારતની પ્રતિબદ્ધતા અને દ્રઢ નિશ્ચયનું પ્રતિબિંબ છે. બિનજરૂરી કાયદાઓ રદ કરવા, નિયમો અને પ્રક્રિયાઓને સરળ બનાવવા જેવા મુખ્ય પગલાંનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે પ્રક્રિયાઓ અને મંજૂરીઓનું ડિજિટલાઈઝેશન કરવામાં આવી રહ્યું છે. ઘણી જોગવાઈઓને અપરાધમુક્ત કરવામાં આવી રહી છે. GST સિસ્ટમને સરળ બનાવવા માટે કામ કરવામાં આવી રહ્યું છે, જેનાથી કિંમતોમાં પણ ઘટાડો થશે.

ભારત 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. વિકસિત ભારતનો પાયો આત્મનિર્ભર ભારત છે અને તેનું મૂલ્યાંકન ત્રણ માપદંડો પર થવું જોઈએ... ગતિ, સ્કેલ અને વિસ્તાર. વૈશ્વિક રોગચાળા દરમિયાન ભારતે આ ત્રણેય ક્ષેત્રોમાં સારું પ્રદર્શન કર્યું હતું. આ સમય દરમિયાન જ્યારે આવશ્યક ચીજવસ્તુઓની માંગ અચાનક વધી ગઈ અને વૈશ્વિક પુરવઠો અટકી ગયો ત્યારે ભારતે સ્થાનિક સ્તરે આવશ્યક ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવા માટે ઘણા નિર્ણાયક પગલાં લીધાં. ઊર્જા ક્ષેત્રમાં પણ દુનિયા ભારતની ગતિ, સ્કેલ અને વિસ્તાર પર પણ નજર રાખી રહી છે. ભારતે 2030 સુધીમાં પોતાની કુલ વીજળી ક્ષમતાના 50 ટકા બિન-અશ્મિભૂત ઈંધણમાંથી ઉત્પન્ન કરવાનું લક્ષ્ય રાખ્યું હતું, પરંતુ આ લક્ષ્ય નિર્ધારિત સમય કરતાં પાંચ વર્ષ વહેલું પ્રાપ્ત કરી લીધું. ■

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કૅન કરો.




**લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ:** 13 જાન્યુઆરી 2023માં પીએ નરેન્દ્ર મોદીએ એમવી ગંગા વિલાસને લીલી ઝંડી દેખાડીને રવાના કરી હતી. આ યાત્રા વારાણસીથી દિબ્રુગઢ સુધી વિશ્વની સૌથી લાંબી નદી યાત્રા હતી. આ દરમિયાન પાંચ ભારતીય રાજ્યો અને બાંગ્લાદેશની 27 નદી પ્રણાલિયોથી થઈ 3,200 કિલોમીટરનું અંતર કાપવામાં આવ્યું. આ ઐતિહાસિક યાત્રાને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું છે.

# ભારતમાં ક્રુઝ પર્યટનની નવી સવાર

***લગભગ 7,500 કિમી લાંબી તટરેખા અને 20,000 કિમીના જળમાર્ગ નેટવર્ક સાથે ભારતમાં કુદરતની આ ભેટનો ઉપયોગ કરવાની ક્ષમતા પણ છે અને સામર્થ્ય પણ છે. આજ વિચારે એવી શક્યતાઓને જન્મ આપ્યો જેની સાથે ક્યારેક ફક્ત વૈભવ અને વિલાસિતતાનું પ્રતીક ગણાતા ક્રુઝ ટુરિઝમને સામાન્ય માણસ સુધી પહોંચાડ્યું. આમાં, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય જોડાણ, આતિથ્ય, મનોરંજન અને સંસ્કૃતિની સાથે રોજગારની નવી તકો શોધવાના 5 વર્ષના ખાસ ધ્યેય સાથે શરૂ થયું 'ક્રુઝ ભારત મિશન'.***

***આ 30 સપ્ટેમ્બરના રોજ 'ક્રુઝ ઈન્ડિયા મિશન'નું એક વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે, તો ચાલો જાણીએ કે ભારતમાં ક્રુઝ ટુરિઝમનો નવો યુગ કેવી રીતે શરૂ થઈ રહ્યો છે....***

એક સમય હતો જ્યારે આપણા દેશની નદીઓ પર મોટા જહાજો ચાલતા હતા, પરંતુ આઝાદી પછી આ ક્ષેત્રની ઉપેક્ષા કરવામાં આવી હતી. હવે દાયકાઓ પછી એક નવા અભિગમ સાથે નવું ભારત તેના વારસાને વિકાસ સાથે જોડીને પુનરુત્થાનનો એક નવો અધ્યાય લખી રહ્યું છે. છેલ્લા 11 વર્ષમાં રોડ, રેલ, હવાઈ માર્ગની જેમ જળમાર્ગો પર પણ સમાંતર વિકાસ કાર્ય કરવામાં આવ્યું છે અને હવે આ કડીને આગળ વધારવા માટે ક્રુઝ ભારત મિશન જળયાત્રા અને ભારતની નવી શોધનો સૂત્રપાત કરી રાષ્ટ્રને વૈશ્વિક ક્રુઝ પ્રવાસન કેન્દ્રમાં પરિવર્તિત કરી રહ્યું છે. આ મિશનનું લક્ષ્ય 5 વર્ષમાં 10 દરિયાઈ ક્રુઝ ટર્મિનલ, 100 નદી ક્રુઝ ટર્મિનલ અને 5 મરીના સ્થાપના કરવાનો છે. જો આપણે છેલ્લા એક દાયકાની તુલના કરીએ તો, દરિયાઈ ક્રુઝ મુસાફરોની સંખ્યામાં લગભગ 400 ટકાનો વધારો થયો છે. કેન્દ્ર સરકાર માને છે કે 2047 સુધીમાં આ સંખ્યા 50 લાખ સુધી પહોંચી જશે.

ક્રુઝ ભારત મિશનની યાત્રામાં અત્યાર સુધીમાં 9 રાજ્યને આવરી લેતા 13 રાષ્ટ્રીય જળમાર્ગો પર 15 નદી ક્રુઝ સર્કિટ કાર્યરત કરવામાં આવ્યા છે. આ મિશન 14 રાજ્ય અને 3 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 51 રિવર-ક્રૂઝ સર્કિટ કાર્યરત કરવાની યોજના ધરાવે છે. તેનો ઉદ્દેશ્ય અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને




### આ રીતે વધી ક્રૂઝ યાત્રાઓ તથા યાત્રિકોની સંખ્યા

વર્ષ 2015થી 2025 વચ્ચે ક્રુઝ યાત્રીઓની સંખ્યામાં 400% જેટલો ઉછાળો આવ્યો છે. એટલું જ નહીં 2013-14માં 3 જળમાર્ગ પર ફક્ત 5 જહાજોની તુલનામાં નદી ક્રુઝ ઓપરેશન 2024-25માં 13 રાષ્ટ્રીય જળમાર્ગો પર 25 જહાજો સાથે ઝડપથી આગળ વધી રહ્યું છે. જળમાર્ગોની સંખ્યા 2014માં ફક્ત 5 હતી તો આજે 24 રાજ્યોમાં 111 રાષ્ટ્રીય જળમાર્ગોને વિકસીત કરવા પર કામ થઈ રહ્યું છે.

### ક્રુઝ ભારત મિશનનું 2029 સુધીનું મહત્વપૂર્ણ લક્ષ્ય

**4** લાખ નોકરીઓનું ક્રુઝ ક્ષેત્રમાં સર્જન કરવાનું છે, શરૂઆતમાં 1 લાખ છે.

**10** લાખ કરવાની છે સમુદ્ર ક્રુઝ યાત્રીઓની સંખ્યા, અત્યારે અંદાજીત 5 લાખ છે.

**15** લાખ નદી ક્રુઝ યાત્રીઓની સંખ્યા કરવાની છે, હાલમાં તે 5 લાખ છે.

- 10 થઈ જશે આંતરરાષ્ટ્રીય ક્રુઝ ટર્મિનલ, અત્યારે 2 છે.
- 100 થઈ જશે નદી ક્રુઝ ટર્મિનલ, અત્યારે 50 છે.

*"જળમાર્ગ પર્યાવરણની રક્ષા માટે પણ સારા છે. પૈસાની બચત પણ કરે છે. એક સ્ટડી પ્રમાણે રોડની તુલનામાં જળમાર્ગથી પરિવહનનો ખર્ચ અઢી ગણો ઓછો આવે છે, જ્યારે રેલવેની તુલનામાં ખર્ચો એક તૃત્યાંશ ઓછો થાય છે. તમે કલ્પના કરી શકો છો કે વોટર-વેથી ઈંધણની કેટલી બચત થાય છે, પૈસા કેટલા વધારે બચે છે."*

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## 3 તબક્કામાં લાગુ થવાનું છે ક્રૂઝ ભારત મિશન

- તબક્કો 1 (ઓક્ટોબર, 2024થી સપ્ટેમ્બર 2025): અધ્યયન, માસ્ટર પ્લાનિંગ અને પાડોશી દેશો સાથે ક્રુઝ ભાગીદારીની સાથે વર્તમાન ટર્મિનલોનું આધુનિકરણ કરવું.
- તબક્કો 2 (ઓક્ટોબર 2025થી માર્ચ 2027): નવા ક્રુઝ ટર્મિનલનો વિકાસ કરવાની સાથે પર્યટન માટે સંભાવનાઓથી ભરપૂર ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રીત કરવું.
- તબક્કો 3 (એપ્રિલ 2027થી માર્ચ 2029): સમગ્ર ભારતીય ઉપમહાદ્વીપમાં ક્રૂઝ સર્કિટને જોડવી.

## ક્રૂઝ પર્યટનને પ્રોત્સાહન આપવા માટે લીધેલા પગલાં

- બંદર પર પ્લેટફોર્મ આપવામાં પ્રાથમિકતા
- બંદર ખર્ચ અને યાત્રી ખર્ચના સંદર્ભમાં યુક્તિસંગત ટેરિફ. બંદર ટેરિફમાં 10 ટકાથી 30 ટકા સુધીની છૂટ.
- વિદેશી ક્રૂઝ પર કેબોટેજ માફ, જેનાથી ભારતીય નાગરિકોને એકથી બીજા ભારતીય પોર્ટ લાવવા અને લઈ જવાની મંજૂરી મળી.
- ઈ-વિઝા તથા આવવા-જવામાં વિઝા સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.
- ઈ-લેન્ડિંગ કાર્ડ શરૂ. ક્રૂઝ યાત્રા દરમિયાન તમામ બંદર પર માન્ય.
- કસ્ટમ દ્વારા જહાજો માટે ડિજિટલીકૃત ખર્ચ પ્રક્રિયાની શરૂઆત.

અન્ય સુવિધાઓ સાથે ભારતને એક આકર્ષક ક્રુઝ પર્યટન સ્થળ બનાવવાનો છે, જેથી વિદેશી પર્યટકોનો એક મોટો વર્ગ ભારત તરફ આકર્ષિત થઈ શકે. સાથે જ ભારતીય પર્યટકોમાં ક્રુઝ શિપિંગને લોકપ્રિય બનાવવામાં આવી શકે.

ભારતીય આંતરદેશીય જળમાર્ગ પ્રાધિકરણ તરફથી શરૂ કરવામાં આવેલા વારાણસીથી હલ્દિયા સુધી રાષ્ટ્રીય જળમાર્ગ સંખ્યા-એક (1,390 કિલોમીટર) પર આંતરદેશીય જહાજોનું આવન-જાવન ચાલું છે. ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળથી થઈને પસાર થનારા આ જળમાર્ગ પર ગત નાણાકીય વર્ષમાં 4,229 જહાજોની આવન-જાવન થઈ હતી.

### દેશના 6 મેજર પોર્ટમાં ક્રૂઝ ટર્મિનલ

દેશમાં 6 મહત્વના બંદરો મહારાષ્ટ્રમાં મુબઈ પોર્ટ, ગોવામાં મુરગાવ, કેરળમાં કોચી, તામિલનાડુમાં ચેન્નાઈ, કર્ણાટકમાં નવમંગલૂર અને આંધ્ર પ્રદેશમાં વિશાખાપટનમ ખાતે ક્રૂઝ ટર્મિનલ છે. આ ઉપરાંત પુડુચેરી, લક્ષદ્વિપ તથા આંદામાન અને નિકોબાર દ્વીપસમૂહના શ્રી વિજયપુરમમાં ક્રૂઝની સવલત છે. નાણાકીય વર્ષ 2024-25 સુધી 11 રાજ્યમાં 29 રાષ્ટ્રીય જળમાર્ગ કાર્યરત છે જેમાંથી 3 રાષ્ટ્રીય જળમાર્ગ વિશેષરૂપથી ક્રૂઝ આવન-જાવનને સમર્પિત છે. ■



# પીએમ જનધન
# ગરીબીની વિરુદ્ધમાં
## ગરીબોને યોદ્ધા બનાવ્યા



***"જનધન એકાઉન્ટ જ્યારે ખોલવામાં આવ્યા, ત્યારે તે માત્ર બેંક એકાઉન્ટ ન હતા પણ તેનાથી એક સ્વાભિમાન મળ્યું કે બેંકના દરવાજા મારા માટે પણ ખૂલે છે. હું પણ બેંકના દરવાજામાં જઈને ટેબલ પર હાથ રાખીને વાત કરી શકું છું, આ આત્મવિશ્વાસ અમે જગાડ્યો છે."***

***લાલ કિલ્લાના કોટની રાંગ પરથી 79મા સ્વાતંત્ર્ય દિવસ પર કહેવાયેલા - બોલાયેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ શબ્દો બેંક ખાતાની સાથે લોકોને મળેલા સ્વાભિમાનનો ઉલ્લેખ કરવા માટે પર્યાપ્ત છે. વર્ષ 2014માં શરૂ કરાયેલી આ જનધન યોજના દ્વારા અત્યાર સુધીમાં માત્ર 56 કરોડથી વધારે બેંક ખાતા જ નથી ખૂલ્યાં પણ તેણે ખોલ્યા છે ભારતના કરોડો નાગરિકો માટે વિકાસ અને આર્થિક સશક્તિકરણ નવી તકોના દરવાજા.....***

દાયકાઓની ઉપેક્ષા અને ખોટી નીતિઓને કારણે ગરીબો હીન ભાવનાથી પીડાતા હતા. બેંકોનું રાષ્ટ્રીયકરણ ગરીબોના નામે થયું હતુ પરંતુ દેશની 40 ટકા વસ્તી માટે બેંકોના દરવાજા બંધ હતા. દરેક મુશ્કેલીમાં મદદની વિનંતી, દરેક જરૂરિયાત માટે અન્યો પર નિર્ભર, સમાજ ગરીબોને સરકારની જવાબદારી માનીને પીઠ ફેરવી લેતી હતી. બેંકમાં ખાતુ, ક્રેડિટ કાર્ડ, વીમા અને પેન્શન જેવી વસ્તુઓ માત્ર ધનવાનો માટે જ હોય છે, ગરીબો માટે નહી. પરંતુ, પીએમ મોદીએ પ્રધાનમંત્રી જનધન યોજનાની સાથે નિરાશાના ઘોર અંધકારમાં એક નવી આશાની મશાલ પ્રગટાવી દીધી. ગરીબોની સાથે જે કયારેય થયુ ન હતું તે સપનાઓ સાચા થવા લાગ્યા. બેંક મિત્ર અને બેંક સખીઓ પોતે ગરીબોની પાસે શહેર-શહેર, ગામેગામ જવા લાગ્યાં. બેંકમાં જયારે ગરીબોના ઝીરો બેલેન્સ જનધન ખાતા ખૂલ્યાં, ત્યારે તેમનું જીવન જ બદલાઈ ગયું. પ્રધાનમંત્રી મોદીએ ગરીબ અને વંચિતોના હાથમાં જનધન ખાતાઓની પાસબુક પકડાવીને તેમને ગરીબીની વિરુદ્ધની લડાઈમાં સિપાહી બનાવી દીધા.

જનધન ખાતાની સાથે ગરીબને રૂ-પે કાર્ડ મળ્યા. અટલ પેન્શન યોજનાથી વૃદ્ધાવસ્થામાં પેન્શનની સુરક્ષા મળી. વીમો હવે માત્ર ધનવાનનો વિશેષાધિકાર રહ્યો નથી. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાનમંત્રી જીવનજયોત વીમા યોજનાથી ગરીબના પરિવારને વીમાસુરક્ષા અને ખરાબ દિવસોમાં મદદનો પાક્કો વિશ્વાસ મળ્યો છે. ચોક્કસરૂપથી જનધન યોજના દેશમાં સાચા સમાજવાદની ઓળખ છે.

# એક બેંક ખાતુ... વધારી કેટલીય સુવિધાઓ...

- હવે રૂપિયા રસોડાના ડબ્બાઓમાં નહી, બેંકમાં સુરક્ષિત છે. રૂ-પે કાર્ડથી નાણાંકીય સલામતી અને સુવિધા બંને મળે છે. હવે આપણને શાહુકારોની જાળમાંથી મુક્તિ મળી છે.
- બેંક મિત્રના માધ્યમથી બેંકિંગ સેવાઓ દરેક ઘર સુધી પહોંચી રહી છે, જેનાથી લોકોને કોઇ મુશ્કેલી વગર નાણાંકીય મદદ મળી રહી છે.
- હવે નાણા ચુકવવા માટે રોકડ નહી, મોબાઇલ ફોન પૂરતો છે. UPI એ લેવડ-દેવડને સરળ અને સુરક્ષિત બનાવી દીધી છે.
- **બચત વધારવાનું સમીકરણ :** બેંકમાં જમા રકમ - ડિપોઝીટ અને સરકારથી સીધા લાભ ટ્રાન્સફરના કારણે ઘરગથ્થુ બચત પણ વધી છે.
- **નાણાંકીય સમાવેશનું સમીકરણ :** મહિલા ખાતાધારક + નજીકની બેંકિંગ ટચ પોઇન્ટથી પાયાના સ્તરે મહિલાઓ સશક્ત થઇ છે.
- **સુશાસનમાં વિશ્વાસનું સમીકરણ :** JAM ટ્રિનીટીમાં જનધન ખાતા + આધારલિંક + મોબાઇલની પહોંચથી દેશના છેવાડા સ્તર સુધી બેંકિંગની વ્યવસ્થા પહોંચી છે.
- **JAM ટ્રિનીટીથી વચેટિયાઓ ખતમ :** 320થી વધારે યોજનાઓના લાભાર્થીઓ સુધી 45 લાખ કરોડ રૂપિયાથી વધારેની રકમ સીધા નાગરિકોના બેંક ખાતામાં ટ્રાન્સફર. દેશના 4.3 લાખ કરોડ રૂપિયાની બચત થઇ.

## બેંકો સુધી પહોચવાનું સમીકરણ

**બેંક મિત્ર + ડિજિટલ બેંકીંગ યુનિટ = દરેક ગામમાં બેંકિંગ સુવિધા**

- 21.6 લાખથી વધારે બેંકિંગ ટચપોઇન્ટની સાથે ભારતમાં 6 લાખથી વધારે એટલે કે 99.9 % ગામો સુધી પાંચ કિ.મી.ના વિસ્તારમાં બેંકિંગ સુવિધા પૂરી પાડવામાં આવી છે.

**યુરોપિયન યુનિયનની કુલ વસ્તી કરતાં વધારે ખાતા.....**

**56.21** કરોડ, જનધન ખાતા ખોલવામાં આવ્યા

**38.71** કરોડ રૂ-પે ડેબિટ કાર્ડ બનાવવામાં આવ્યા

- 37.52 કરોડ એટલે કે 67 ટકાથી વધારે બેંક ખાતા ગ્રામ્ય અને અર્ધ શહેરી વિસ્તારોની બેંકમાં ખૂલ્યા
- શહેરી વિસ્તારોમાં 18.69 કરોડ લાભાર્થીઓ
- 31.33 કરોડ એટલે કે અંદાજે 56 % જનધન ખાતાઓ મહિલાઓના છે.





*(નોંધ- આ આંકડા કરોડોમાં છે અને 20 ઓગસ્ટ 2025 સુધી)*

> ***નાણાંકીય બહિષ્કરણથી સશક્તિકરણ સુધી. પીએમ જનધન યોજનાએ સમગ્ર ભારતમાં જીવન બદલી નાખ્યું છે. જ્યારે છેલ્લો વ્યક્તિ એટલે કે છેવાડાનો વ્યક્તિ નાણાંકીય રીતે જોડાયેલો હોય છે, ત્યારે આખો દેશ એક સાથે આગળ વધે છે. પ્રધાનમંત્રી જનધન યોજનાએ આ જ સિદ્ધિ હાંસલ કરી છે. તેનાથી લોકોની ગૌરવ વધાર્યું અને તેમને પોતાનું નસીબ જાતે લખવાની શક્તિ આપી.***
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

ધર્મ-જાતિ અને વર્ગ જેવા તમામ ભેદભાવથી મુક્ત દેશની આ સફળ યોજનાએ સાચા અર્થમાં સબ કા સાથ, સબ કા વિકાસ સૂત્રને સાકાર કરી બતાવ્યું છે. દાયકાઓથી વંચિત-દબાયેલા-કચડાયેલા વર્ગને તેમનો હક્ક મળ્યો છે. દેશમાં એક નવો આત્મવિશ્વાસ જાગ્યો છે. આજે ગામમાં પાંચ કિલોમીટરના વિસ્તારમાં બેંકિંગ સેવાઓ પહોંચી રહી છે. લોકો રૂ-પે કાર્ડનો સરળતાથી ઉપયોગ કરી રહ્યા છે. ગામડે ગામડે આજે ડિજિટલ લેવડ દેવડના વ્યવહારો વધ્યા છે. આ લાભને સતત જારી રાખવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અપીલ કરી છે કે, હું જેમનું જનધન ખાતું છે એવા દરેક મિત્રને આગ્રહ કરીશ કે તેઓ ફરીથી પોતાનું KYC જરૂર કરાવે. ■

# પરમાણુ ઊર્જાનો મુખ્ય સ્તંભ બનવા તરફ અગ્રેસર ભારત

**વિશ્વ સ્તરે ઊર્જાના વધતાં સંકટ અને પર્યાવરણીય પડકારો વચ્ચે ભારતે પરમાણુ ઊર્જાને સતત વિકાસનું એક સશક્ત માધ્યમ માનીને તે દિશામાં ઝડપથી વધાર્યું છે. સ્વદેશી ટેક્નોલોજીના વિકાસથી લઈને આંતરરાષ્ટ્રીય સહયોગ સુધી ભારત હવે માત્ર આત્મનિર્ભર જ નથી બની રહ્યો પરંતુ વૈશ્વિક પરમાણુ નકશા પર પણ પોતાની મજબુત સ્થિતિ નોંધાવે છે. કેન્દ્ર સરકારે વર્ષ 2047 સુધી 100 ગિગાવૉટ પરમાણુ ઊર્જા ક્ષમતાનો એક મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યો છે**

ભારત વર્ષ 2047 સુધીમાં પરમાણુ ઊર્જા ક્ષમતાના નિર્ધારિત લક્ષ્યાંક સાથે ઊર્જા મિશ્રણમાં એક મહત્વનો સ્તંભ બનવાની દિશામાં આગળ વધી રહ્યો છે. તેનાથી ઊર્જા વિશ્વસનીયતા પ્રાપ્ત કરવામાં અને જીવાશ્મ ઈંધણ પર નિર્ભરતા ઓછી કરવામાં પણ મદદ મળશે. આ લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે સ્વદેશી પરમાણુ ટેક્નોલોજી અને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી) પર ભાર મૂકતા વ્યુહાત્મક નીતિગત પરિવર્તન સાથે મૂળભૂત માળખામાં રોકાણ થઈ રહ્યું છે. ઊર્જા સુરક્ષા અને સ્થિરતા પ્રાપ્ત કરવા માટે પરમાણુ ઊર્જાને એક મહત્વની બાબત માનીને સરકારે વિકસિત ભારત માટે પરમાણુ ઊર્જા મિશન શરૂ કર્યું છે. આ પહેલનો હેતુ સ્થાનિક પરમાણુ ક્ષમતાઓને વધારવાનો, ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો તથા લઘુ મોડ્યુલર જેવી ઉચ્ચ પરમાણુ ટેક્નોલોજીની ઉપલબ્ધતામાં ગતિ લાવવાનો છે.



નાણાકીય વર્ષ 2025-26ના બજેટમાં સરકારે પરમાણુ ઊર્જા મિશનની શરૂઆત કરી છે. જે લઘુ મોડ્યુલર રિએક્ટરોના સંદર્ભ અને વિકાસ પર કેન્દ્રિત છે. સરકારે આ પહેલ માટે 20,000 કરોડ રૂપિયા ફાળવ્યા છે અને તેનો લક્ષ્યાંક 2033 સુધી ઓછામાં ઓછા પાંચ સ્વદેશી રીતે ડિઝાઈન થયેલાં અને કાર્યરત થવા યોગ્ય લઘુ મોડ્યુલર રિએક્ટર વિકસાવવાનો છે. આ મિશન વર્ષ 2047 સુધીમાં 100 ગિગાવૉટ પરમાણુ ઊર્જા ક્ષમતા પ્રાપ્ત કરવાની ભારતની પ્રતિબદ્ધતાને અનુરૂપ છે, જે કાર્બનોસ્તર્જનને ઓછું કરવા અને ભવિષ્યની ઊર્જાની જરૂરિયાતોને પૂરી કરવામાં નોંધપાત્ર પડાવ સાબિત થશે. એટલું જ નહીં, કેન્દ્ર સરકાર પરમાણુ ઊર્જા મિશનના અમલીકરણને સુચારુ બનાવવાની દિશામાં પરમાણુ ઊર્જા અધિનિયમ અને પરમાણુ ક્ષતિ માટે નાગરિક જવાબદારી અધિનિયમમાં સંશોધનો પર પણ વિચાર કરી રહી છે. આ સંશોધનોથી પરમાણુ ઊર્જા યોજનાઓમાં ખાનગી ક્ષેત્રના રોકાણને પ્રોત્સાહન મળવાની આશા છે.

**આ લક્ષ્યોને પાર કરવા માટે ખાનગી ક્ષેત્રો સાથે ભાગીદારી**

- ભારતમાં નાના રિએક્ટરોની સ્થાપના.
- ભારત લઘુ મોડ્યુલર રિએક્ટરનો અનુસંધાન અને વિકાસ.
- પરમાણુ ઊર્જા માટે નવી ટેક્નોલોજીનું અનુસંધાન અને વિકાસ.

પરમાણુ ઊર્જા વિભાગના રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે કહ્યું કે ડૉ. હોમી ભાભા દ્વારા શરૂ કરવામાં આવેલી ભારતની પરમાણુ ઊર્જા યાત્રાને પ્રતિબંધક વૈશ્વિક નીતિઓ અને પરમાણુ પ્રસાર પર ખોટી શંકાઓને કારણે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તર પર ઘણી વખત શંકાનો સામનો કરવો પડ્યો છે. જોકે, વર્ષ 2014થી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતમાં મોટું પરિવર્તન આવ્યું છે અને સ્વચ્છ અને લાંબા ગાળાની વિજળી ઉત્પાદન ના એક મુખ્ય ઘટક તરીકે પરમાણુ ઊર્જા કાર્યક્રમને વધારે સ્વીકૃતિ મળી છે. ડૉ. સિહે જણાવ્યું કે ભૂતકાળથી વિપરીત 100

## પરમાણુ ઊર્જા ક્ષેત્રે હાલમાં થયેલો વિકાસ...

- ભારતની સૌથી પુરાણી યુરેનિયમ ખાણ, જાદુગોડા માઈન્સઃ હાલના ખાણ પટ્ટા વિસ્તાર અને તેની આસપાસ નવા ભંડારની મહત્વની શોધ થઈ છે. તેનાથી ખાણોનો જીવનકાળ 50 વર્ષથી વધારે વધી જશે.
- 700 મેગાવૉટ ક્ષમતાવાળા પીએચડબલ્યુઆરના પ્રથમ બે એકમોઃ નાણાકીય વર્ષ 2023-24માં આર્થિક સંચાલન શરૂ કરવામાં આવ્યું.
- દેશનું પ્રથમ પ્રોટોટાઈપ ફાસ્ટ બ્રીડર રિએક્ટર (પીએએફબીઆર 500 મેગાવૉટ) : 2024માં ઘણી ઉપલબ્ધિઓ હાંસલ થઈ છે. જેમાં મુખ્ય છે, પ્રાથમિક સોડિયમ ભરવા, ભરેલાં સોડિયમનું શુદ્ધિકરણ અને તમામ ચાર સોડિયમ પંપો(બે પ્રાથમિક સોડિયમ પંપ અને બે દ્વિતીયક સોડિયમ પંપ)ને ચાલુ કરવા.
- એનપીસીઆઈએલ અને રાષ્ટ્રીય તાપ વિદ્યુત નિગમ (એનટીપીસી): દેશમાં પરમાણુ ઊર્જા સુવિધાઓના વિકાસના પૂરક સંયુક્ત ઉદ્યોગ સાહસ સમજૂતી પર હસ્તાક્ષર.
- પરિણામ સ્વરૂપે 4x700 મેગાવૉટ ક્ષમતાવાળી પીડબલ્યુઆર માહી-બાંસવાડા રાજસ્થાન પરમાણુ ઊર્જા યોજના સહિત પરમાણુ ઊર્જા સંયંત્રોનું ઉત્પાદન, પ્રભુત્વ અને સંચાલન થશે.



# નવીન-નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રની વિશેષતાઓ

## વિક્રમજનક નવીનીકરણ ઊર્જા નિર્માણ

**234.24**

ગિગાવૉટ (8.78 ગિગાવૉટ પરમાણુ ક્ષમતાને છોડીને) થઈ 12 ઓગસ્ટ 2025 સુધીમાં કુલ નવીનીકરણીય ઊર્જા.

**500**

ગિગાવૉટ બિન-જિવાશ્મિનું 2030 સુધીનું લક્ષ્ય. પોતાના લક્ષ્ય તરફ અને મજબુતાઈથી ભારત આગળ વધી રહ્યું છે.

- **પનવિજળી ક્ષમતા**
  12 ઓગસ્ટ 2025 સુધીમાં મોટી પનવિજળી ક્ષમતા 49.62 ગિગાવૉટ અને નાની પનવિજળી ક્ષમતા 5.10 ગિગાવૉટ છે.
- **પવન ઊર્જા ક્ષમતા**
  12 ઓગસ્ટ 2025 સુધી 51.67 ગીગાવૉટ.

### વૈશ્વિક ક્ષમતા

અક્ષય ઊર્જા ક્ષમતા અને પવન ઊર્જામાં ભારત વિશ્વમાં ચોથા ક્રમે, જ્યારે સૌર ઊર્જામાં ત્રીજા ક્રમે છે.



### સૌર ક્ષમતા

12 ઓગસ્ટ 2025 સુધીમાં 116.24 ગિગાવૉટ. ભારતની કુલ નવીનીકરણીય ઊર્જા ક્ષમતામાં ફક્ત સૌર ઊર્જાનો ફાળો 48% છે.

## પીએમ-સૂર્યઘર- વિનામૂલ્યે વિજળી યોજના

એક કરોડ પરિવારો માટે 75,021 કરોડ રૂપિયાના ખર્ચ સાથે શરૂ કરવામાં આવી. 14 ઓગસ્ટ 2025 સુધી 58.81 લાખ અરજીઓ મળી છે. આ યોજના અંતર્ગત કુલ 17.24 લાખ પરિવારને લાભ મળ્યો છે. 9,841.77 કરોડ રૂપિયાની સબસિડી પણ જમા થઈ ચૂકી છે.

## પરમાણુ વિદ્યુત ઉત્પાદનમાં 60%નો વધારો



| 2014-15 | 2024-25 |
|---|---|
| 35,592 મિલિયન યુનિટ | 56,681 મિલિયન યુનિટ |

### સ્થાપિત પરમાણુ ક્ષમતા

71%નો વધારો, ભારતીય પરમાણુ ઊર્જા નિગમ લિમિટેડ દ્વારા સંચાલિત 25 પરમાણુ રિએક્ટરોમાં વર્ષ 2014માં 4,780 મેગાવૉટથી વધીને 2025માં 8,780 મેગાવૉટ થઈ ગઈ છે.

ગિગાવૉટ પરમાણુ લક્ષ્યની જાહેરાતને કોઈ પણ નકારાત્મક અસરનો સામનો કરવો પડ્યો નથી, જે વૈશ્વિક પરમાણુ સમુદાયમાં ભારતની વધતી વિશ્વસનીયતા અને પરમાણુ ઊર્જા વિકાસ માટે તેના જવાબદારીપૂર્ણ અને પારદર્શક દષ્ટિકોણની વિચારધારાને દર્શાવે છે.

### પરમાણુ ક્ષમતા વધારવા માટેની પહેલ

ભારત વધતી ઊર્જાની માંગ પૂરી કરવા અને પર્યાવરણીય લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે પોતાની પરમાણુ ઊર્જા ક્ષમતાને સક્રિયપણે વધારી રહ્યું છે. સરકારે વર્ષ 2031-32 સુધીમાં પરમાણુ ઊર્જા ક્ષમતાને 8,180 મેગાવૉટથી વધારીને 22,480 મેગાવૉટ કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે ગુજરાત, રાજસ્થાન, તામિલનાડુ, હરિયાણા, કર્ણાટક અને મધ્ય પ્રદેશમાં કુલ 8,000

## છેલ્લા 11 વર્ષોમાં શરૂ કરાયેલા નવા રિએક્ટર

**ડિસેમ્બર - 2014**
કુડનકુલમ પરમાણુ ઊર્જા સંયંત્ર (કેકેએનપીપી) એકમ-1
ક્ષમતા
**1,000** મેગાવૉટ

**માર્ચ - 2017**
કુડનકુલમ પરમાણુ ઊર્જા સંયંત્ર (કેકેએનપીપી) એકમ-2
ક્ષમતા
**1,000** મેગાવૉટ

**જૂન- 2023**
જૂન- 2023
કાકરાપાર પરમાણુ ઊર્જા યોજના (કેએપીપી) એકમ - 3
ક્ષમતા
**700** મેગાવૉટ

**માર્ચ- 2024**
કાકરાપાર પરમાણુ ઊર્જા યોજના (કેએપીપી) એકમ - 4
ક્ષમતા
**700** મેગાવૉટ

**એપ્રિલ 2025**
રાજસ્થાન પરમાણુ ઊર્જા યોજના (આરએપીપી) એકમ - 7
ક્ષમતા
**700** મેગાવૉટ

મેગાવૉટના 10 રિએક્ટરોનું નિર્માણ અને મંજૂરી સામેલ છે. આ ઉપરાંત સરકારે આંધ્ર પ્રદેશના શ્રીકાકુલમ જિલ્લાના કોવ્વાડામાં અમેરિકાના સહયોગથી 6x1208 મેગાવૉટ પરમાણુ ઊર્જા સંયંત્ર સ્થાપવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. એટલું જ નહીં કેટલાક અન્ય રિએક્ટરો પર પણ કામ શરૂ કરાયું છે. ભારતના પરમાણુ ઊર્જા સંયંત્રનું કડક સુરક્ષા પ્રોટોકોલ અને આંતરરાષ્ટ્રીય દેખરેખ સાથે સંચાલન થાય છે. ભારતીય પરમાણુ સંયંત્રોમાં વિકિરણનું સ્તર સતત વૈશ્વિક માપદંડોથી ઘણું નીચું રહે છે, જે દેશની સુરક્ષિત અને ટકાઉ પરમાણુ ક્ષમતાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.



> **અસૈન્ય પરમાણુ ઊર્જા ભવિષ્યમાં દેશના વિકાસમાં મહત્વના ફાળાની ખાતરી આપશે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

દેશને ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે સરકારે ઘણી અસરકારક અને દૂરોગામી પહેલ કરી રહી છે. તેના જ પરિણામે છેલ્લા 11 વર્ષમાં સોલર એનર્જીમાં 30 ગણો વધારો થયો છે. ભારત મિશન ગ્રીન હાઈડ્રોજનની દિશામાં હજારો કરોડો રૂપિયાનું રોકાણ કરી રહ્યું છે. હકીકતમાં, ભારત 2047 સુધીની પરમાણુ ઊર્જા ક્ષમતાને દસ ગણાથી વધુ વધારવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે. ભારત સરકારની નીતિઓને પરિણામે જ દેશે 2025માં જ 50% સ્વચ્છ ઊર્જાનું લક્ષ્ય હાંસલ કરી લીધું છે, જે 2030ના નિર્ધારિત લક્ષ્યથી પાંચ વર્ષ પહેલાં થઈ ગયું છે. ■



**વિઠ્ઠલભાઈ પટેલના કેન્દ્રીય વિધાનસભાના પ્રથમ ચુંટાયેલા ભારતીય સ્પીકર બનવાના 100 વર્ષ**

# લોકતંત્રનું એન્જિન છે ગૃહ

***ગૃહ (સદન) જ્યાં સ્વસ્થ પરંપરાઓ બને છે, દેશહિતમાં નીતિઓ ઘડાય છે, કાનૂન ઘડવામાં આવે છે તો રાષ્ટ્રની દિશા આપોઆપ સ્પષ્ટ થઈ જાય છે. તેમાં ગૃહના અધ્યક્ષની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ હોય છે. અધ્યક્ષની ગરિમા નિષ્પક્ષતા અને ન્યાયની સ્તંભ પર ટકેલી હોય છે. આવા જ ગરિમામય વ્યક્તિત્વના ધણી વિઠ્ઠલભાઈ પટેલના કેન્દ્રીય વિધાનસભાના પ્રથમ ચુંટાયેલા ભારતીય સ્પીકર બનવાના 100 વર્ષ પૂરા થવા બદલ દિલ્હી વિધાનસભામાં આયોજિત બે દિવસીય અખિલ ભારતીય વિધાનસભા અધ્યક્ષ સંમેલનનો કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે શુભારંભ કર્યો...***

મહાન ક્રાંતિકારી વિઠ્ઠલભાઈ પટેલના કાર્યકાળમાં કેન્દ્ર સરકાર તથા તમામ રાજ્યમાં વિધાયક વિભાગ તથા વિધાનસભા સચિવાલયની સ્થાપના થઈ. ત્યારે વિઠ્ઠલભાઈ પટેલે ટકોર કરી હતી કે કોઈ વિધાનસભા ચુંટાયેલી સરકારને આધીન કામ કરી શકે નહીં. વિધાનસભાએ સ્વતંત્ર હોવું જોઈએ અને આમ થશે તો જ વિધાનસભામાં થનારી ચર્ચાની સાર્થકતા બની રહેશે. તેમની આ ટકોરને યાદ કરીને કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે 24મી ઓગસ્ટે યોજાયેલા સંમેલનમાં કહ્યું કે આપણા તમામ માટે આ એક મહત્વપૂર્ણ અવસર છે. આપણે વિધાનસભાના અધ્યક્ષની ગરિમાને વધારવા માટે કાર્ય કરીએ. આપણે આપણા રાજ્યની પ્રજાના અવાજ માટે એક નિષ્પક્ષ મંચ સ્થાપિત કરીએ. પક્ષ અને વિપક્ષ દ્વારા નિષ્પક્ષ ચર્ચા સુનિશ્ચિત કરીએ. એ પણ સુનિશ્ચિત કરીએ કે ગૃહની કાર્યવાહી વિધાનસભા, લોકસભા અને રાજ્યસભાના નિયમો અનુસાર સંચાલિત થાય. વિચાર-



## લોકશાહીને કરી મજબૂત

- મહાન સ્વતંત્રતા સૈની વિઠ્ઠલભાઈ પટેલને ઓગસ્ટ 1926માં કેન્દ્રીય વિધાનસભાના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા હતા. જેનાથી ભારતીયો દ્વારા વિધાયી ઈતિહાસની શરૂઆત થઈ.
- ભારતીય વિચારોના આધાર પર લોકશાહી ઢબે દેશને ચલાવવાનો પાયો નાખવાનું કાર્ય વિઠ્ઠલભાઈ પટેલે કર્યું.
- વિઠ્ઠલભાઈ પટેલે કેન્દ્ર સરકાર અને તમામ રાજ્યમાં વિધાયી વિભાગ અને વિધાનસભા સચિવાલયની સ્થાપનાનો નિર્ણય લીધો જેનો સંવિધાન સભાએ પણ સ્વીકાર કર્યો.
- વિઠ્ઠલભાઈ પટેલે ઘણી પરંપરાઓને સ્થાપિત કરવાનું કાર્ય કર્યું. ખાસ કરીને વિધાનસભાના કાર્યો તથા સ્પીકરની જવાબદારીઓ માટે જે પરંપરા આજે પણ જ્યોતિર્મય દીપકની માફક આજે પણ માર્ગદર્શન આપી રહી છે.
- વિઠ્ઠલભાઈ પટેલ સમક્ષ ઘણી વાર પરીક્ષાની ઘડીઓ આવી પરંતુ દરેક પરીક્ષામાં તેઓ સો ટકા સફળ રહ્યા.
- તેમણે ના તો વિધાનસભાના અધ્યક્ષની ગરિમાને ઘટવા દીધી કે ના તો તેમણે ગૃહની દેશનો અવાજ ઉઠાવતા રોક્યું. તેમણે અંગ્રેજોની તત્કાલીન માનસિકતાને વિધાનસભાના કાર્યો પર હાવી થવા દીધી નહીં.

"

**વિઠ્ઠલભાઈ પટેલે કાયદાકીય પરંપરાઓનો પાયો નાખીને ભારતીય લોકશાહીને મજબૂત બનાવી. વિધાનસભાના અધ્યક્ષ તરીકે તેમણે માત્ર ગૃહની ગરિમા જ જાળવી રાખી નહીં પરંતુ તેને બદલે તેમણે દરેક સભ્યને બોલવાનો સંપૂર્ણ અધિકાર આપ્યો અને લોકશાહી મૂલ્યોનું આદર્શ ઉદાહરણ સ્થાપિત કર્યું. સ્પીકર તરીકે તેઓ તમામ વિધાનસભા સ્પીકર માટે પ્રેરણાસ્ત્રોત છે. આજે દરેક વિધાનસભા અધ્યક્ષનું કર્તવ્ય છે કે તેઓ ન્યાયી, સકારાત્મક અને રચનાત્મક ચર્ચાને પ્રોત્સાહન આપે જેથી દેશના દરેક વર્ગના હિતોનું રક્ષણ થઈ શકે.**

**- અમિત શાહ, કેન્દ્રિય ગૃહ તથા સહકારિતા મંત્રી**

## દિલ્હી વિધાનસભા પરિસરથી ચાલતી હતી કેન્દ્રીય વિધાનસભા

બ્રિટિશ શાસનકાળમાં 1919ના અધિનિયમ અંતર્ગત શાહી વિધાનસભા પરિષદનો વિસ્તાર કરવામાં આવ્યો અને એક દ્વિસદીય વિધાયીકાનો પ્રારંભ કરવામાં આવ્યો. નીચલા ગૃહમાં 144 સદસ્ય ધરાવતી કેન્દ્રીય વિધાનસભા હતી જેમાં 104 ચુંટાયેલા અને 40 નિયુક્ત હતા. તે વર્તમાનની દિલ્હી વિધાનસભા ભવનથી જ સંચાલિત થતી હતી. ઓગસ્ટ 1925માં મહાન સ્વતંત્રતા સૈની વિઠ્ઠલભાઈ પટેલ કેન્દ્રીય વિધાનસભાના પ્રથમ ભારતીય અધ્યક્ષ નિયુક્ત થયા. કેન્દ્રીય વિધાનસભાના ગૃહમાં ભારતના સ્વતંત્રતા આંદોલનના ઘણા ગણમાન્ય અને વરિષ્ઠ નેતાઓએ વિધાયકના રૂપમાં દેશની સ્વતંત્રતા અને પ્રજાની આકાંક્ષાઓને શબ્દોમાં વ્યક્ત કરી દેશ સમક્ષ પ્રસ્તુત કરી. 1947ની 14મી ઓગસ્ટે કેન્દ્રીય વિધાનસભા અને રાજ્ય પરિષદનું અસ્તિત્વ સમાપ્ત થઈ ગયું.

---

મંથન જ લોકશાહીમાં પ્રજાની સમસ્યાઓના સમાધાનનું સર્વોત્તમ માધ્યમ છે. જ્યારે પણ સભાઓએ પોતાનું ગૌરવ ગુમાવ્યું છે ત્યારે આપણે ખૂબ જ ખરાબ પરિણામો ભોગવવા પડ્યા છે. સભાઓની ગરિમા એ હોવી જોઈએ કે તેઓ દેશના હિતમાં લોકોનો અવાજ વ્યક્ત કરવાનું માધ્યમ બને. ભારતમાં સ્પીકરને એક સંસ્થાનો દરજ્જો આપવામાં આવ્યો છે. ગૃહમાં જો કોઈની ભૂમિકા સૌથી મુશ્કેલ હોય તો તે સ્પીકરની છે. તેઓ કોઈ ને કોઈ પક્ષમાંથી ચૂંટાઈ શકે છે પરંતુ સ્પીકર તરીકે શપથ લેતાની સાથે જ તેઓ એક નિષ્પક્ષ અમ્પાયરની ભૂમિકા ભજવે છે. છેલ્લા 80 વર્ષમાં દેશે લોકશાહીના પાયાને વધુ ઊંડા બનાવવાનું કામ કર્યું છે. એ સાબિત થયું છે કે લોકશાહી ભારતીય લોકોના સ્વભાવ અને લોહીમાં જ વણાયેલી છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે સ્વતંત્રતા બાદ ભારતમાં સત્તામાં ઘણા પરિવર્તન આવ્યા છે અને સત્તાનું હસ્તાંતરણ લોહીનું એક પણ ટીપું વહેવડાવ્યા વિના શાંતિપૂર્ણ રીતે થયું છે. તેનુ મૂળ કારણ એ છે કે આપણે આપણી કાયદાકીય પ્રક્રિયાને ખૂબ સારી રીતે જાળવી રાખી છે અને સમય અનુસાર આપણી વ્યવસ્થામાં પણ ફેરફારો કર્યા છે.

કેન્દ્રીય મંત્રી અમિત શાહે કહ્યું કે જો સંસદ અને વિધાનસભાઓના કોરિડોરમાં કોઈ અર્થપૂર્ણ ચર્ચા નહીં થાય તો તે ફક્ત નિર્જીવ ઈમારતો બની જશે. પોતાના રાજકીય હિતો માટે સંસદ અને વિધાનસભાઓને કામ ન કરવા દેવા એ વાદ-વિવાદ નથી. વિરોધ પ્રદર્શનોને નિયંત્રિત કરવા જોઈએ. વિરોધના નામે ગૃહને દિવસ પછી દિવસ અને આખા સત્ર દરમિયાન કામ ન કરવા દેવાની જે પરંપરાઓ બનાવવામાં આવી રહી છે તેની ઉપર દેશના લોકો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓએ વિચાર કરવો પડશે. ■

**પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.**

# બિહારના રાજકારણના આધારસ્તંભ



જન્મઃ 21 સપ્ટેમ્બર 1914
મૃત્યુઃ 9 સપ્ટેમ્બર 1984

**સત્ય, નિષ્ઠા, સાદગી અને ત્યાગના ઉચ્ચ આદર્શોના પ્રતિક ભોલા પાસવાન શાસ્ત્રીએ બિહારના રાજકારણમાં એક એવી ગાથા લખી છે જે આજેય કાયમ છે. અત્યંત ગરીબ પરિવારમાં જન્મેલા શાસ્ત્રીને 'બિહારના રાજકારણના આધારસ્તંભ' પણ કહેવામાં આવે છે. જેમણે શૂન્યથી શિખર સુધીની યાત્રા કરી છે. તેમણે એ સમયે સંસ્કૃતનો અભ્યાસ કર્યો જ્યારે સંસ્કૃતને ઉચ્ચ વર્ણોની ભાષા માનવામાં આવતી હતી. આઝાદીના આંદોલનમાં જેલમાં જનારા શાસ્ત્રી ત્રણ વખત રાજ્યના મુખ્યમંત્રી રહી ચૂક્યા હતા પરંતુ સમગ્ર જીવનમાં અભાવમાં વ્યતિત કર્યું તેમ છતાં તેમની ઉપર કોઈ દાગ લાગવા દીધો નહીં.**

સાદગી અને ઈમાનદારીના પ્રતિક રહેલા બિહારના પનોતા પુત્ર લાલ ભોલા પાસવાન શાસ્ત્રી એવી વ્યક્તિ રહ્યા જેમને રાજ્યના પ્રથમ દલિત મુખ્યમંત્રી બનવાનું ગૌરવ પ્રાપ્ત થયેલું છે. ખેડૂતો અને મજૂરો પ્રત્યે જીવન સમર્પિત કરનારા ભોલા પાસવાન શાસ્ત્રીની સાદગી એવી રહી કે મંત્રી અને મુખ્યમંત્રી રહેવા છતાં પોતાના કામ ઘણી વાર વૃક્ષની નીચે બેસીને આરામથી કરી લેતા હતા. આટલું જ નહીં, એમ પણ કહેવાય છે કે તેઓ જમીન પર ચાદર પાથરીને બેસવામાં સંકોચ અનુભવતા ન હતા અને અધિકારીઓ સાથે બેઠક યોજીને વિવિધ મુદ્દાનો ત્યાં જ ઉકેલ લાવી દેતા હતા.

દેશમાં જ્યારે અંગ્રેજોનું શાસન હતું અને દેશવાસીઓમાં આઝાદીની જ્વાળા ભભૂકી રહી હતી તે સમયે પૂર્ણિયા જિલ્લાના બૈરગાછીમાં 1914ની 21મી સપ્ટેમ્બરે જન્મેલા ભોલા પાસવાન શાસ્ત્રી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીથી પ્રભાવિત થઈને આઝાદીના આંદોલનમાં કૂદી પડ્યા હતા. તેમણે પોતાની મહેનત અને લગનથી બનારસ જઈને સંસ્કૃતનો અભ્યાસ શરૂ કરીને શાસ્રીની ડિગ્રી હાંસલ કરી હતી અને ત્યારથી તેમના નામ સાથે શાસ્ત્રી શબ્દ જોડાયો હતો. તેઓ બૌદ્ધિક રૂપથી ઘણા સશક્ત હતા તથા તેમની વિદ્વતા સૌને પ્રભાવિત કરતી હતી. પછીના દિવસોમાં તેઓ ડૉક્ટર ભીમરાવ આંબેડકરના વિચારોથી પ્રભાવિત થતા ગયા.

પહેલી વાર 1968માં ભોલા પાસવાન શાસ્ત્રી બિહારના મુખ્યમંત્રી બન્યા. જોકે તેઓ આ હોદ્દા પર માત્ર ત્રણ જ મહિના રહ્યા. ત્યાર બાદ 1969માં માત્ર 13 દિવસ અને 1971માં સાત મહિના માટે તેઓ ફરીથી બિહારના મુખ્યમંત્રી બન્યા. રાજ્યના રાજકારણની સાથે તેઓ કેન્દ્રના રાજકારણમાં પણ સક્રિય રહ્યા. અલગ અલગ હોદ્દા પર રહેવા છતાં તેમણે માત્ર એટલી જ કમાણી કરી જેટલો તેમનો પગાર હતો. ના તો તેમની પાસે પોતાનો આલીશાન બંગલો હતો કે ના તો પોતાની ગાડી હતી. ઝુંપડીમાં જ તેમનું જીવન વીત્યું અને ઝૂંપડીમાં જ તેમણે પોતાના જીવનનો અંતિમ સમય વ્યતિત કર્યો. એમ પણ કહેવાય છે કે 1984ની નવમી સપ્ટેમ્બરે જ્યારે તેમનું નિધન થયું ત્યારે પરિવાર પાસે એટલી રકમ પણ ન હતી જેનાથી તેમના અંતિમ સંસ્કાર કરી શકાય.

2014ની દસમી માર્ચે પૂર્ણિયા ખાતેની જાહેરસભામાં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ભોલા પાસવાન શાસ્ત્રીને યાદ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે બિહારના સૌપ્રથમ દલિત મુખ્યમંત્રી ભોલા પાસવાન શાસ્ત્રીને આ જ પૂર્ણિયા જિલ્લાએ આપ્યા છે. ■



PMO India
@PMOIndia
त्योहारों में हम जो भी खरीदारी करें, जो भी गिफ्ट दें...घर की साज-सज्जा के लिए जो भी सामान लाएं...वो मेड इन इंडिया हो।






Rajnath Singh
@rajnathsingh
This fusion of technology and surprise is making warfare more complex and unpredictable than ever before. That is why we must not only master existing technologies but also ensure that we are constantly prepared for new innovations and unforeseen challenges.



Amit Shah
@AmitShah
मोदी जी ने 130वें संविधान संशोधन बिल में CM और मंत्रियों के साथ प्रधानमंत्री भी हो, यह खुद से डलवाया है।

एक CM जेल में रहे और सचिव, DGP, चीफ सेक्रेटरी आदेश लेने जेल जाए, यह हमारे लोकतंत्र को शोभा नहीं देता।

जब संविधान बना था, तब संविधान निर्माताओं ने इस निर्लज्जता की कभी कल्पना भी नहीं की थी कि भविष्य में ऐसे नेता भी आएँगे, जो जेल में रहकर सरकार चलाएँगे।



Nitin Gadkari
@nitin_gadkari
11 years ago, Hon'ble PM Shri @narendramodi Ji sowed the seed of financial empowerment through Jan Dhan Yojana. Today, with 56+ crore accounts, women leading the way, and villages linked to the nation's economic pulse, PMJDY is more than banking—it is trust in action, dignity in every wallet, and empowerment in every household. A vision that once began as inclusion, now shines as India's financial revolution.
#11YearsOfJanDhan



Jagat Prakash Nadda
@JPNadda
आदरणीय प्रधानमंत्री श्री @narendramodi जी के नेतृत्व में नई हेल्थ पॉलिसी बनी, जो holistic health policy है।
इस health policy में हम लोगों ने पहली बार जोर दिया कि इसमें prevention होना चाहिए, preventive, promotive और curative etc. हेल्थकेयर होना चाहिए। यानी, पहले तो व्यक्ति बीमार ही न हो, इसकी हमें चिंता करनी है।



Dr Jitendra Singh
@DrJitendraSingh
#ISRO successfully conducts the first Integrated Air Drop Test (IADT-01), showcasing the parachute-based deceleration system for #Gaganyaan.

A proud joint effort of ISRO, IAF, DRDO, Indian Navy & Coast Guard.



एससीओ शिखर सम्मेलन में प्रधानमंत्री मोदी का दिखा जलवा

रोबोट स्योखा खींचा सबका ध्यान

मोदी ने उठाया आतंकवाद का मुद्दा

चीन में मोदी से बोले जिनपिंग...

एससीओ की बैठक • प्रधानमंत्री नरेंद्र मोदी सात साल बाद चीन पहुंचे, राष्ट्रपति शी जिनपिंग से मिले

हमारी मजबूत दोस्ती ही राइट चॉइस

एससीओ में आज...पीएम मोदी रूसी राष्ट्रपति पुतिन से मिलेंगे, अहम मुद्दों पर चर्चा होगी

मोदी-जिनपिंग ने ट्रम्प को बता दिया कि दुनिया उनकी धुन पर नहीं नाचती है...

विशेषज्ञ की राय | कहा, प्रधानमंत्री नरेंद्र मोदी-शी वार्ता के बाद विदेश मंत्रालय के बयान में दो बातें ऐसी बताई जो पहले कभी नहीं हुई

मोदी ने तियानजिन से दुनिया को दिया बड़ा संदेश

अप्रत्यक्ष रूप से अमेरिका को संकेत

कई देश प्राथमिकताओं का जिक्र

पोलित ब्यूरो सदस्य से मुलाकात महत्वपूर्ण

'चीन से संबंध सुधरना सही'



कई देशों के राष्ट्राध्यक्षों से मिले PM नरेंद्र मोदी

मालदीव के राष्ट्रपति मोहम्मद मुइज्जू (Muizzu) से भेंट हुई। दोनों देशों के बीच विकासात्मक सहयोग हमारे लोगों के लिए लाभकारी है।

बेलारूस के राष्ट्रपति अलेक्झेंडर लुकाशेंको (Aleksandr Lukashenko) से मुलाकात कर खुशी हुई। आने वाले समय में अवसरों को लेकर हम दोनों आशावादी हैं।

कजाकिस्तान (Kazakhstan) के राष्ट्रपति तोकायेव (Tokayev) के साथ अच्छा विचार विमर्श हुआ। दोनों देश ऊर्जा, सुरक्षा, स्वास्थ्य सेवा और कौशल सहित कई अहम क्षेत्रों में मिलकर से काम कर रहे हैं।

इजिप्ट (Egypt) के प्रधानमंत्री मोस्तफा मदबौली (Mostafa Madbouly) से भेंट हुई। कुछ साल पहले की अपनी इजिप्ट यात्रा को याद किया। भारत-मिस्र मैत्री नई ऊंचाइयों पर है।

नेपाल के प्रधानमंत्री के.पी. ओली से मुलाकात कर अत्यंत प्रसन्नता हुई। भारत और नेपाल के संबंध गहरे और अटूट विशेष हैं।



चेतेश्वर पुजारा टेस्ट क्रिकेट की खूबसूरती की याद दिलाते थे : मोदी

फाइल फोटो

प्रधानमंत्री बुलेट ट्रेन से मियागी पहुंचे, जापानी पीएम इशिबा संग 300 किलोमीटर का सफर किया

जापान से रिश्तों को रफ्तार मिलेगी : मोदी

टोक्यो में शुक्रवार को प्रधानमंत्री नरेन्द्र मोदी के दौरे पर तिरंगी रोशनी में जगमगाता जापान का सबसे ऊंचा टावर टोक्यो स्काई ट्री

चांद के दक्षिणी ध्रुव के राज मिलकर खोलेंगे इसरो और 'जाक्सा' के वैज्ञानिक

मिशन चंद्रयान-5 के लिए भारत और जापान मिलकर काम करेंगे

समझौता

# મેદસ્વીપણામાંથી મુક્તિ...

## એક આહવાન

મેદસ્વીપણુ એક મોટી સમસ્યા અને ઘણી બીમારીઓનું મૂળ છે. આ જ કારણ છે કે દેશના નાગરિકોને પોતાનો પરિવાર માનનારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લાલ કિલ્લાની ટોચ પરથી આ વધતી સમસ્યામાંથી મુક્તિ માટે અપીલ કરી હતી. સ્વચ્છતા. આત્મનિર્ભર ભારત જેવા આહવાનથી દેશમાં એક નવી જાગરૂકતા અને સજાગતા લાવનારા પીએમ મોદીએ હવે વધુ એક ડગલું આગળ વધીને સૂચન કર્યું છે કે દેશનો દરેક પરિવાર ખોરાકમાં તેલનો ઉપયોગ દસ ટકા ઘટાડી દે. રાષ્ટ્ર માટે આ આહવાન એક મહત્વપૂર્ણ પગલું છે કેમ કે સ્વસ્થ ભારત જ છે વિકસિત ભારતનો આધાર.



- અભ્યાસ અનુસાર આજે દર આઠમાંથી એક વ્યક્તિ મેદસ્વીપણાની સમસ્યાથી પરેશાન છે. ત્યાં જ આવનારા વર્ષોમાં દર ત્રીજી વ્યક્તિ મોટાપા એટલે કે મેદસ્વીપણાનો શિકાર હશે.
- રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ-5 અનુસાર 24 ટકા મહિલાઓ અને 23 ટકા પુરુષ વધુ પડતું વજન અથવા તો મેદસ્વીપણાથી પરેશાન છે.
- ડબ્લ્યુએચઓ (WHO)ના ડેટા દર્શાવે છે કે 2022માં વિશ્વમાં લગભગ દોઢ સો કરોડ લોકો ઓવરવેઈટ હતા એટલે કે તેમનું વજન જરૂર કરતાં ઘણું વધારે હતું.



" જો આપણે પોતાના સામર્થ્યનો વિકાસ કરવો છે તો સૌ પ્રથમ આપણે પોતાની ફિટનેસ અને ભલાઈ પર ધ્યાન આપવું પડશે. ફિટનેસ અને મેદસ્વીપણુ ઘટાડવા માટે મારું એક સૂચન તમને યાદ છે ને...ખોરાકમાં દસ ટકા તેલ ઘટાડો, મેદસ્વીપણુ ઘટાડો. જો તમે ફિટ હશો તો જીવનમાં ઓર વધારે સુપર ફિટ હશો.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

ન્યૂ ઈન્ડિયા
સમાચાર
પાક્ષિક

**RNI No. : DELGUJ/2020/78810 September 16-30, 2025**

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2023-25, WPP NO U(S)-102/2023-25, posting at BPC, Market Road, New Delhi-110001 on 13-17 advance Fortnightly (Publishing September 2, 2025, Pages - 52)

Editor in Chief
Dhirendra Ojha
Principal Director General,
Press Information Bureau, New Delhi

Published & Printed by:
Kanchan Prasad,
Director General, on behalf of
Central Bureau Of Communication

Published from:
Room No–278, Central Bureau Of Communication, 2nd Floor, Soochna Bhawan,
New Delhi -110003

Printed at
Chandu Press, 469, Patparganj
Industrial Estate, Delhi 110 092

Gujarati